સળંગ અંક
૫૨૩





કુમાર

સંસ્થાપક · રવિશંકર મ. રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું
જ્ઞાનસંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું માસિક

વર્ષ ૪૩મું · અંક ૭મો · જુલાઈ · ૧૯૬[illegible]

તંત્રી · બચુભાઈ રાવત



ગાંળમાટલું

ચિત્રકાર·રસિકલાલ પરીખ

વાચકો લખે છે

મે અંકમાં યુનોના મહામંત્રી ઉ-થાંના પરિચયલેખમાંના એક વાકયે (સવારે છ વાગ્યે ઊઠી તેઓ નાસ્તા પહેલાં ઘરમાં બૌદ્ધ પ્રતિમા સામે એક કલાક ધ્યાન કરે છે) ધ્યાન ખેંચ્યું.

વિદ્યાર્થીઓના અને યુવાન વર્ગના ઘનિષ્ઠ સંબંધમાં હોવાથી થોડાંક વર્ષોથી એક વસ્તુ ખૂબ સખેદ અનુભવી છે, કે આપણી નવી પેઢીમાંથી ઈશ્વર પ્રતિની શ્રદ્ધાનું બાષ્પીભવન ઝડપથી થવા માંડયું છે. જે થોડુંક ભણે ગણે, થોડીક સિદ્ધિ મેળવે, અથવા જેને કૌટુંબિક કે બાપીકી સંપત્તિ હોય તેવાં યુવક-યુવતીઓમાં નાસ્તિકતા ઘૂસી જવા પામે છે. આમાં અંગ્રેજી સાહિત્યનું એકમાર્ગી, અધૂરું વાચન, ભાગેડુ વૃત્તિ પોષતાં ચલચિત્રો આદિ પણ ભાગ ભજવે છે. આના સંયુક્ત પરિણામે યુવાનો અને યુવતીઓ ભગવાનની પ્રતિમા સામે નમવામાં નામોશી ગણે છે, એટલું જ નહિ પણ બીજાઓ મંદિરોમાં, દેરાસરોમાં, ઉપાશ્રયોમાં, ચર્ચમાં કે મસ્જિદમાં જતા હોય તો તેમનો ઉપવાસ ઉડાવે છે! પ્રાર્થના આપણા જીવનમાં અભૂતપૂર્વ બળ રેડે છે તેની પ્રતીતિ ઘણાં તરુણોને થઈ હોતી નથી. God that failed જેવાં પુસ્તકો પણ તેમની ભ્રમણામાં વધારો કરે છે.

આથી મારું એક નમ્ર સૂચન છે કે 'કુમાર' માટે એક એવા પ્રકારના લેખો તૈયાર કરાવી પ્રગટ કરી શકાય, જેમાં કેન્દ્રસ્થાને આ બે બાબતો રાખવામાં આવે: ૧) કયા મહાન પુરુષના જીવનમાં ઈશ્વર પ્રત્યેની આસ્થા કેવા પ્રકારે વણાએલી હતી. ૨) ઈશ્વર પર શ્રદ્ધા રાખી મોટાં કાર્યો કેવી રીતે પાર ઉતાર્યાં હતાં. ફાધર વાલેસ જેવી કોઈ અધિકારી કલમ પાસે આવા લેખો લખાવી શકાય.

(માટુંગા-મુંબઇ) —પ્રકાશ જે. શાહ

પરરમા અંકમાં રામભાઈ પટેલે સમજાવેલી 'ચલણ શુદ્ધિ'ની અર્થ-વ્યવસ્થા ગમી. પરંતુ નીચેના પ્રશ્નો ઉપસ્થિત થયા:

૧) રૂપિયાની નીચેના ધાતુના સિક્કાઓ પર ચલણવેરો ન પડે અને સમયમર્યાદા ન હોય તો બચત કરનારા લોકો બચત માટે સિક્કા જ બચાવશે અને આના કારણે બજારમાંથી નાના સિક્કા જતા રહેશે અને પરચૂરણની ખોટ પડશે. વળી લેવડદેવડ વખતે વસ્તુઓના ભાવ કઈ રીતે ગોઠવાશે?

(૨) બચત કરનારા પોતાની બચત ફક્ત સોના-ચાંદીમાં જ કરશે અને સોના-ચાંદીની અછત વર્તાશે. તેના ભાવ ચડી જશે.

(૩) વર્ષાંતે પૈસા પાછા આપવામાં ગ્રામજનોને તકલીફ પડશે. સરકારે આ વ્યવસ્થા માટે દરેક ગામડે બેંકો ખોલવી પડશે ને પૈસાના રક્ષણ માટે પોલીસનો ખર્ચ પણ વધશે.

આવા તો ઘણા પ્રશ્નો ઉપસ્થિત થશે કે જેના કારણે આ તરંગ ફક્ત તરંગ રૂપે જ રહેશે.

(પત્રલેખકનાં નામ-ઠામ અપ્રાપ્ય)

જૂન અંકમાં સાવ ફિસ્સી લઘુકથા વાંચી ખેદ થયો. સૂક્ષ્માતીત સ્પંદનોની લાઘવયુક્ત સચોટ અભિવ્યક્તિ—જે લઘુકથાની અનિવાર્ય શરત છે—માં લેખક સાવ નિષ્ફળ નીવડ્યા છે. આ દષ્ટિએ શ્રી મોહનલાલ પટેલની કેટલીક વાર્તાઓ સાંગોપાંગલઘુકથા નીવડીહતી.લઘુકથામાં લાઘવ જરૂરી છે, તેમ જ એના નિરૂપણમાં અનુભૂતિની સચોટ અભિવ્યક્તિ પણ અનિવાર્ય છે. એ વિના લઘુકથા નીરસ ટુચકા જેવી અથવા તો કયારેક અખબારમાં છપાતા ટૂંકા ઘટના-અહેવાલ જેવી બની જાય છે.

અહીં સિને કલાકારના ઈન્ટરવ્યૂનો ઉલ્લેખ તેમજ 'લીબર્ટી' પર નવી ફિલ્મનો રિવ્યૂ લેવા જવાનો ઉલ્લેખ લઘુકથાની કલાને કોઈ રીતે ઉપકારક ન હોઈ બિનજરૂરી બન્યા છે. વળી લેખકે વાર્તામાં આપવા ધારેલી ચોટ(અથવા તો ચમત્કૃતિ) અધવચ્ચે જ ખુલ્લી પડી જતાં છેવટે એની ખાસ અસર નથી રહેતી: 'બિચારીને માફણ હેરાન કરતા હશે; મને મનોમન હસવું આવી ગયું.' અહીં વાર્તાકારની મૂઠી ખૂલી જાય છે, એ જ તેમની નિષ્ફળતા છે.

(અમદાવાદ) —પુરુરાજ જોષી

'મારી માન્યતા' વિભાગ અતિ ઉત્તમ છે. એમાં સાહિત્યકારોની મુલાકાતની સાથે મહાન ચિત્રકારો, સંગીતજ્ઞો કલાવિવેચકો વગેરેની મુલાકાત આપવામાં આવે તો વૈવિધ્ય વધારે રસપ્રદ બની રહે.

(ખારા અગ્રામા) —હરિભાઈ ટંડેલ

આ વખતે 'અતીતનાં પુષ્પો' બિલકુલ વાસી લાગ્યાં. 'કલાવાર્તા' જામતી નથી.

(વઢવાણસિટી) —ચંદુલાલસુખલાલમહેતા

એપ્રિલ અંકમાં 'અતીતનાં પુષ્પો'માં 'હવે કઈ થોડા અસલના દહાડા છે?' કહી આરંભમાં જે કહેવત લખી છે તેનું પ્રથમ ચરણ બરાબર છે; દ્વિતીય ચરણ: 'પત્ર લખે ને નિર્ગમે દહાડા, એ એંધાણીએ નાગરવાડા.' કહ્યું છે પણ મેં તે આમ સાંભળેલું: 'ઉડાડતી કાગ ને ગણતી દા'ડા, એ એંધાણીએ નાગરવાડા.'

બાલ્યાવસ્થામાં મારાં બા અમને વાર્તાઓ કહેતાં ત્યારે કહેવતો પણ સમજાવતાં. એ વાર્તાઓમાં–કહેવતોના છંદમાં વ્યવસ્થિત અને સંગઠિત સમાજરચનાથી ગામો કેવાં ઊજળાં અને સુખી દેખાતાં તે જાણવા મળતું. સમાજરચનામાં જ્ઞાતિઓ માટેનાં રહેઠાણ 'વાડા' કહેવાતા. એ વાડામાં વસતિ જ્ઞાતિના લોકોની ખાસિયત ઉપરથી જે વિવિધ કહેવતો રચાઈ તેમાંની એક રસપ્રદ કહેવત:

'આંગણ ઓટા ને ઘરમાં ઓટા,
પાઘડાં બાંધે સૌથી મોટાં;
ઢાલ તલવાર ને હાથમાં ભાલા,
એ એંધાણીએ રજપૂતવાડા.'•

(કલકત્તા)

—હર્ષદ પાઠક



[• 'કુમાર'ના પહેલા ૭ વર્ષમાં આ પ્રકારના પાંચ વાડાનાં કહેવત-કાવ્યો અને સચિત્ર રૂપમાં આપેલાં તે આ સંભારણા રૂપે ફરી રજૂ કરીએ છીએ. તેમાં વણ રજપૂતવાડાનો જુદો પાડેલ છે, તે પરથી સમજાશે કે આપણી સમાજરચનાઓ વિવિધ રૂપ ધારણ કરતી.]

અનુક્રમણિકા

જુલાઈ ૧૯૫૭ • અંક ૫૨૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૨૩ જુલાઈ ૧૯૬૭

તંત્રી બચુભાઈ રાવત

જીવનદર્શન-૧

આગળ એટલે કઈ તરફ?

ફાધર વાલેસ

તમને કેટલાં વરસ થયાં? પંદર... વીસ...પચીસ...તો એનો અર્થ એ કે તમે સારો એવો રસ્તો કાપ્યો છે જીવનનો. અને સારો એવો રસ્તો કાપ્યા પછી ડાહ્યો મુસાફર શું કરે છે, ખબર છે? જરા ઊભો રહે છે, રસ્તાની બાજુમાં આવેલી કોઈ ટેકરી ઉપર ચડી જાય છે, અને આંખ ઝીણી કરીને નજર પહોંચે ત્યાં સુધી ચારે દિશાઓ તપાસી લે છે. રખેને રસ્તો ભૂલીને લક્ષ્ય ચૂકી જવાય ને ચાલવાનો શ્રમ વ્યર્થ જાય...

મુસાફર દિશાઓ તપાસે છે. રણનો વણજારો સૂર્યની ગતિ પારખે છે. મહાસાગરનો ખલાસી ધ્રુવતારક સામે જોયા કરે છે.

અને આકાશયુગનો પરાક્રમી સાહસખેડુ, જેમ મુસાફર ને વણજારા ને ખલાસી કરતાં ઘણે દૂર જવાનાં સ્વપ્ન સેવે છે તેમ અનેક ગણી દિશાપૂજા પણ પોતાના અવકાશયાનમાં બિડાંબિડાં અટપટાં યંત્રોની મદદથી કરતો રહે છે. પ્રથમ તો અંતરિક્ષે ચડીને પૃથ્વીની આસપાસ પ્રદક્ષિણા કરવી. પછી સૂક્ષ્મ ગણતરી કરીને, બરાબર નિશાન તાકીને ચંદ્ર તરફ પ્રસ્થાન કરવું. એમાં સહેજ ભૂલ આવી તો યાન ચંદ્રલોકમાં અવતરશે નહિ અને મહાયાત્રા નિષ્ફળ જશે. એ મૂળ દિશાની ગણતરી છેલ્લા આંકડા સુધી બરાબર હોય તો જ —બીજાં અનેક જોખમો સામી છાતીએ ઝીલ્યા પછી—અવકાશવીરનું સ્વપ્ન સિદ્ધ થશે.

જીવન પણ એક જંગલ છે, રણ છે, મહાસાગર છે, બ્રહ્માંડ જેવું ગહન ને વિશાળ ક્રીડાંગણ છે. અને તમારો આદર્શ ચંદ્ર જેટલો ઊંચો છે. એમાં તમારી અવકાશયાત્રા શરૂ પણ થઈ ગઈ છે. તમારા રૉકેટના પ્રથમ બે તબક્કા બળી ચૂક્યા છે: બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થા. પૃથ્વીની આસપાસ ફરતા તો થયા છો: ગોળ ગોળ, અમસ્તા, ખાસ હેતુ વિના. હજી ગુરુત્વાકર્ષણની પકડમાંથી છૂટ્યા નથી; હજી તમારું પોતાનું સાહસ શરૂ કર્યું નથી. યુવાવસ્થાનું એ કાર્ય છે: નવી દિશા બાંધીને ચંદ્ર તરફ પ્રયાણ માટે તમારા હોકાયંત્રની સામે બરાબર જુઓ: જેમ વધારે દૂર જવું હોય તેમ દિશા વધારે ચોકસાઈથી નક્કી કરવી જોઈશે. ચંદ્રના લક્ષ સુધી પહોંચવું છે? કે હેતુ વિના, ધ્યેય વિના, દિશા વિના શૂન્યાવકાશમાં રઝળતા રહેવું છે?

પ્રાચીન ભારતમાં ખગોળજ્ઞાન ઓર ખીલ્યું હતું. ભરતખંડ ઉપરનું આકાશ સ્વચ્છ ને નિર્મલ રહેવાથી અને ઋષિઓ ને પંડિતોની વૃત્તિ નીચે કરતાં ઉપર તરફ મીટ માંડવાની હોવાથી તારાઓ ને ગ્રહો ને તેમના સંબંધો ને ગતિઓ એમના અભ્યાસ ને મનનનો વિષય બન્યાં. તેના ફળસ્વરૂપે નિહારિકાઓનું વર્ણન, નક્ષત્રોનું રહસ્ય, ગ્રહણોની ગણતરી ને પંચાંગની રચના ભારતે દુનિયાને દીધાં.

આજે ભૂ-ગોળના મોટા ભાગ ઉપર ભય ને સંશય, નિરાશા ને હિંસાનાં ઘેરાં વાદળાં છવાયાં છે. એમાં જો આપણે એ નિર્મલ દષ્ટિ, એ ઊર્ધ્વગામી ધ્યાન, અને એ હિંમતભરી પહેલ બતાવીશું તો પ્રગતિના સૂર્યની ગતિ કઈ તરફ છે એ આપણે દુનિયાને શીખવી શકીશું.

પણ બીજાંઓને ભણાવતાં પહેલાં તમારે જ એ પાઠ બરાબર પચાવી લેવો જોઈએ. બીજાંઓને રસ્તો બતાવતાં પહેલાં તમારે એનો પાકો અનુભવ લેવો જોઈએ.

તમારા જીવનમાં—ને તમારી દુનિયામાં પ્રગતિની સાચી દિશા શોધવા, બતાવવા ને બંધાવવા માટે વિચાર જોઈશે, આત્મનિરીક્ષણ જોઈશે, સંસારનું જ્ઞાન જોઈશે, 'ખગોળવિદ્યા' જોઈશે. ટેકરી ઉપરથી દષ્ટિપાત. નકશા ઉપરનું ચિત્ર. દિશાઓનું ભાન. સાચું ને ઉમદા ને પ્રેરણાદાયક 'જીવનદર્શન'. એ પ્રાપ્ત કરવાનું તમારું પ્રથમ કર્તવ્ય છે.

ગામડે ઊછરેલો ખેડૂત થોડા જ માઈલના વિસ્તારથી પરિચિત છે. દેશ-પરદેશનો મુસાફર દરિયાપારના મુલકો પણ નજરે જોઈ આવે છે. અવકાશયાત્રી પોતાના યાનમાંથી પૃથ્વીના અર્ધા ભાગનું દર્શન એકીસાથે માણી શકે છે.

આપણે માટે બંને દર્શન આવશ્યક છે: ખેડૂતનું અને અવકાશયાત્રીનું. ખેડૂતનો અનુભવ અને અવકાશયાત્રીનું ઉડ્ડયન; ધરતી માતાનો સ્પર્શ અને તારાઓ વચ્ચે ગગનવિહાર; નક્કર જમીન ઉપર પગ, પણ શિર તો વાદળાને પેલે પાર.

નજીકથી જોવાથી વિગતો ઊપસી આવે, સૂક્ષ્મ ભેદ દેખાય, વાસ્તવિકતાનો ક્યાસ મળે. દૂરથી જોવાથી અંતર ઓછાં થાય. અણધાર્યા સંબંધો દેખાઈ આવે, એકતાનું ભાન થાય.

બંને દષ્ટિ જોઈએ. માટે બંનેનું જ્ઞાન જોઈશે: પોતાનું ને સંસારનું, પિંડનું ને બ્રહ્માંડનું. બંનેના સમન્વયથી સમતોલ ને સંપૂર્ણ જીવનદર્શન થશે. અને એ નકશા પર જ સફળ જીવનયાત્રાનો આલેખ દોરી શકાશે.

તમારું જીવન તમારા એકલાની જ વાત છે એમ કદી ન માનતા. તમારી સફળતા તમારા એકલાનો જ પ્રશ્ન છે ને એની સાથે બીજા કોઈને લેવાદેવા નથી એમ કદી ન કલ્પતા.

સમાજના એક અંગ છો. એક મહાન દેશના નાગરિક છો. માનવજાતિના એક સભ્ય છો. લશ્કરના એક જવાન છો.

અને જેવા તેના જવાનો હશે તેવાં એ લશ્કર, ને દેશ, ને સમાજ ને માનવજાતિ હશે. સૈન્યનો વિજય સૈનિકનો છે. સૈન્યનો પરાજય પણ સૈનિકનો જ છે. આધુનિક સમાજને તમે જીવનસંગ્રામમાં જિતાડશો તો જ તમે જીતશો. તમારો પ્રશ્ન તમારો નથી, દુનિયાનો છે; અને દુનિયાનો પ્રશ્ન તમારો છે. તમારો વિચાર કરો ત્યારે વિશાળ જનસમુદાયનો વિચાર પણ અત્યારથી કરતાં શીખો.

તમારી જવાબદારી તમારા પૂરતી નથી, વિશ્વવ્યાપી છે. સરોવરનાં શાંત જળ ઉપર એક કાંકરી પડવા દો એટલે ઠેઠ દૂરના કાંઠા સુધી તેના સ્પંદનનાં કુંડાળાં વ્યાપી જશે. નાની કાંકરીની કેટલી જવાબદારી!

અસંખ્ય માણસો તમારી રાહ જુએ છે. તેઓ તમને ઓળખતા નથી, અને તમે પણ એમને હજી ઓળખતા નથી; પણ આગળ ઉપર તમને એમની સાથે ભેટો થતો જશે ત્યારે તમારો ઉત્સાહ એમનામાં ઉત્સાહ જન્માવશે; તમારી પ્રામાણિકતા એમને પ્રામાણિક બનાવશે; કે-ન કરે ભગવાન ને તમારી નિરાશા, ને ઉદાસીનતા, ને ગ્લાનિ એમને કાયમ માટે હતાશ કરી મૂકશે. તમે એકલા નથી. તમારા ભાવિ સાથે અસંખ્ય માણસોનું ભાવિ—તેમના સદ્ભાગ્ય કે દુર્ભાગ્ય માટે—સંકળાએલું

છે. તેમનો આશીર્વાદ કે તેમનો શાપ?—શું તમારે પ્રાપ્ત કરવું છે? જીવનની દિશા પસંદ કરતી વખતે એ બીજા જીવનયાત્રીઓનો ખયાલ પણ નજર સામે રાખશો?

તમે શું એ યાત્રાએ ઊપડવા, એ સાહસ શરૂ કરવા, એ પ્રવૃત્તિમાં ઝંપલાવવા અધીરા છો? શાબાશ! એ અધીરાઈ સારી છે. અને એ ઉત્સાહની પાસેથી સમય આવ્યે પૂરેપૂરું કામ લઈશું. પણ પ્રથમ તો, એ ખયાલ રાખો, ને તમારા મન ઉપર એ ઠસાવી દો, કે આચારનાં મૂળ વિચારમાં છે; પ્રયોગની સફળતા અભ્યાસમાં છે; પ્રવૃત્તિનો આધાર યોજના ઉપર છે; સર્જનનું સ્ફુરણ દર્શનમાં છે.

દોડવાનું ખરું, પણ પ્રથમ તો કઈ તરફ દોડવાનું એ નક્કી કરો ને! આ તો રીતસરની હરીફાઈ છે, અમથી દોડાદોડ નથી.

કૂતરો આગળપાછળ દોડ્યા કરે છે, થાકી જાય છે, માલિકને હેરાન કરે છે, પણ ખાસ ક્યાં યે પહોંચતો નથી. ઘોડો નિશાન તરફ તાકીને પવન વેગે ઊડી જાય છે. દિશાનું સાચું ભાન ઘોડાનું જ છે.

દોડવાની શરતમાં તમારે ઊતરવાનું છે, તો પ્રથમ લક્ષ્ય ક્યાં છે એ બરાબર જોઈ લો; જેથી ઊપડવાનો ધ્વજ ફરકે કે તરત તીરને વેગે તમે એની તરફ ઊડી શકો.

સિકંદર બાદશાહની એક વાત.

એશિયાના યુદ્ધપ્રયાણની શરૂઆતમાં સંગ્રામ જામી ગયો હતો ત્યારે પોતાના સૈન્યની એક પાંખને સીધો હુમલો કરવાનો હુકમ આપવા સેનાપતિને બોલાવીને બાદશાહે એક જ શબ્દની ગર્જના કરી: 'આગળ!' મંદ બુદ્ધિના (કે મંદ હિંમતના!) સેનાપતિએ ડહાપણ બતાવવા સામેથી પૂછ્યું: 'આગળ એટલે કઈ તરફ?' સિકંદરે ત્યાં ને ત્યાં એનું માથું ઉડાવી દીધું, ને લોહી ટપકતી શમશેરથી ભૂમિ પર સામેની દિશામાં સીધી રેખા દોરીને કહ્યું: 'જે તરફ સિકંદરનું મોં છે એ જ આગળ જવાની દિશા કહેવાય.' ને એક કૂદકે પોતાના સફેદ ઘોડા પર સવાર થઈ, જયઘોષ પોકારીને સંગ્રામમાં ઝુકાવ્યું.

રણમેદાનની વચમાં આગળ વધવાની દિશા કઈ તેની પૂછપરછ કરવા બેસે એ સિકંદરનો સેનાપતિ થવા લાયક નથી. અને જીવનમોરચે હુમલો કરવાની આજ્ઞા મળતાં જે યુવાન—એટલે જવાન—'આગળ એટલે કઈ તરફ' એની તપાસ આરામથી કરવા રોકાય, એ નવયુગના સૈન્યમાં ભરતી થવા લાયક નથી.

દુનિયા તો માર્ગ ચીંધનારાની રાહ જોઈ બેઠી છે. એકેએક નવા આગંતુકને પૂછી જુએ છે: 'આગળ જવાનો રસ્તો કયો?' પણ કોઈ સરખો જવાબ આપતું નથી. ઘણા ગોળગોળ બોલીને એને ભરમાવે છે, પણ તલવારની અણીથી સીધો રસ્તો કોઈ બતાવતું નથી. માટે દુનિયા મૂંઝાય છે, અકળાય છે, નિરાશ થઈને બેસી રહે છે. રસ્તાની ખબર ન હોય તો ટાંટિયામાં ચાલવાનું જોર ક્યાંથી આવે?

હવે એ નિરાશ દુનિયા પાસે જવા તમારો વારો આવ્યો છે. તમારી યુવાનીનો યોગ બેઠો છે. તમારી નેતાગીરીનો સમય પાક્યો છે.

'જે તરફ સિકંદરનું મોં છે એ જ આગળ જવાની દિશા કહેવાય.' તમારે માટે આ કેવો આદર્શ! કેવી જવાબદારી! કેવો પડકાર!

લોકો તમારું મોં જોઈ ને જાણે કે આ જ આગળ જવાની દિશા છે; તમારી ચાલ પારખીને શીખે કે આ જ આગેકૂચ કરવાની રીત છે; તમારો રસ્તો નિહાળીને સમજે કે આ જ પ્રગતિના માર્ગનું અંકન છે.

આગળ એટલે કઈ તરફ?

ચાલો, આપણે દુનિયાને બતાવી દઈએ!

દોરંગી મજલ / બાલમુકુન્દ દવે

• ગાન •

થોડો છે ગુલાબી, થોડો ગેરુવો,
વિધાતા! તેં કેવા પૂર્યા રંગ!
એકમાં આંજી છે ઉપરામતા,
બીજે નેણે ઠગારો અનંગ!
કહો મનવા કેમ એને ઘેરવો?
થોડો છે ગુલાબી, થોડો ગેરુવો!

ડોક રે મરડીને પાછળ જોઈ લો,
પેલી પડી યૌવનની સુખપાલ;
કિનખાબી પડદાની ફડક ફરફરે,
એમાં બેઠી આપણી ગઈ કાલ!
દોરંગી વાઘો છે મનવા પહેરવો:
થોડો છે ગુલાબી, થોડો ગેરુવો!

અરધો તડકો ને અરધી ચાંદની,
એક સાથે આહ ને અરમાન!
ચરણોને ઘટે હરદમ ચાલવાં,
હોય ભલે વસ્તી કે વેરાન!
કેડીનો નેડો ના મનવા તોડવો:
થોડો છે ગુલાબી, થોડો ગેરુવો!

હરિકૃષ્ણ પાઠક / લીલી ધરા

• મિશ્ર •

લીલી ધરા ભીતર-બ્હાર ખીલી,
ગાતો વહે મન્દ સમીર ભીનો.
ભોંયે પડ્યાં ચાંદરણે સરે હજી
શા મેઘના જરકસી જરિયાન બેસ!
નેવે તપેલો તડકો ઝરી ઝરી
નદી તળાવે છલકયા ઝગારા.
શેઢે ચડેલું ચરિયાણ પાછું
ફરી વળ્યું પૂંછ ઉલાળતું બધે!
લીલી ધરા ભીતર - બ્હાર ખીલી...

ઉસ્માન પઠાન / કોણ દઈ ગયું?

• ગઝલ •

પથ્થરને ધારદાર નજર કોણ દઈ ગયું?
નિર્ઝરને આરપાર ખબર કોણ દઈ ગયું?

વૃક્ષોનાં વૃદ્ધ પાનની છાયા મહીં રમી
કૂંપળને કાળજાની અસર કોણ દઈ ગયું?

ઝાકળમાં શૂન્ય તેજનો સૂનકાર પાથરી
ઉષાની આંખડીએ ટશર કોણ દઈ ગયું?

ઝાંઝરના ઝીણા બોલના બંધનથી રીબતા
થાકી પડેલા પગને સફર કોણ દઈ ગયું?

ખખડી ગએલી વેલની એકાદ લટ ઉપર
પ્રીતિની એક લીલી લહર કોણ દઈ ગયું?

નાદાન જિંદગીની નિરાશાને લાત દઈ
આશાના એક કણને કદર કોણ દઈ ગયું?

મૃત્યુના અંધ દિલને દિલાસાનો ભાર દઈ
એકાંતને અશ્રુની કબર કોણ દઈ ગયું?

આશ ઠગારી
મરઘીના ઈંડેથી
હાથી પ્રસવે.

•

નીતર્યાં નેણાં
સપનું ખરડાયું
કાજળ ભેળું.

•

ભાલ ચાંદલો
બુઢાપાની ગણુતો
કરચલીઓ.

ચંપકલાલ પરીખ

આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પામેલા ભારતીય મનીષી ને વિશ્વયાત્રી વિદ્વાન



ડૉક્ટર

કાલિદાસ નાગ

તીક્ષ્ણ બુદ્ધિમત્તા અને ગહન વિદ્વત્તાનું અભિનવ દર્શન કરાવનાર તેમજ વિવિધ વિષયલક્ષી પ્રતિભા ધરાવનાર જે થોડા વિદ્વાનો આપણા દેશમાં થયા છે તેમાંના એક ડૉ. કાલિદાસ નાગ હતા. ગયા વર્ષના નવેંબરની ૮મીએ એમનું અવસાન થયું.

મોતીલાલ નાગના પુત્ર ડૉ. કાલિદાસનો જન્મ ઈ. ૧૮૯૧ના ફેબ્રુઆરીમાં કલકત્તામાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ સિબપોર (શિવપુર)ની શાળામાં મેળવી ૧૯૦૮માં તેમણે કલકત્તા યુનિવર્સિટીની એન્ટ્રન્સ પરીક્ષા પાસ કરી અને ૧૯૧૨માં ઇતિહાસ સાથે બી.એ. થયા. બે વર્ષ બાદ એ જ વિષય સાથે એમ.એ. થઈ તરત જ તેઓ સ્કૉટિશ ચર્ચીઝ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. ત્યાં ચાર વર્ષ કામ કર્યા પછી તેઓ સિલોનમાં ગાલેની મહીન્દ્ર કૉલેજમાં આચાર્ય તરીકે ગયા. પણ ઉચ્ચ અભ્યાસાર્થે તડપતા એમના દિલને સંતોષ ન હોવાથી સિલોનમાં એક જ વર્ષ ગાળી તેઓ ફ્રાન્સ ગયા ને પારી(સ) યુનિવર્સિટીમાં બિબ્લીઓથેક નૅશનલ દિ'લે સૉર્બો કૉલેજ દ ફ્રાંસ અને એકોલે દિ લુદા ખાતે ત્રણ વર્ષ અભ્યાસ કર્યો. એ ઉપરાંત લંડનના બ્રિટિશ મ્યૂઝિયમ અને ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરીમાં પણ એમણે સંશોધન વિભાગમાં કામ કર્યું.

૧૯૨૩માં પારી(સ) યુનિવર્સિટીએ 'લિ થિયરી દિપ્લોમેતિક દિ' 'ઇન્દ એન્સાઈની એ લા અર્થશાસ્ત્ર' એ વિષય પરની થીસિસ પર એમને ડિ.લિટ.ની ઉપાધિ એનાયત કરી. એ ઉપરાંત એસીરિસ ફાઉન્ડેશન તરફથી એમને ૨૦૦૦ ફ્રાન્કનું પારિતોષિક પણ મળ્યું.

યુરોપમાં ગાળેલા આ અભ્યાસકાળ દરમ્યાન એમણે કેટલીક મહત્ત્વની આંતરરાષ્ટ્રીય પરિષદોમાં પણ ભાગ લીધો હતો. જીનિવામાં ૧૯૨૨માં ભરાએલી શિક્ષણ કૉંગ્રેસમાં એમણે આગળપડતો ભાગ લીધેલો. એક વર્ષ બાદ, પહેલા મહાયુદ્ધ પછી શાંતિ માટે મથતા યુરોપના દેશોની સ્વિટ્ઝરલૅંડમાં લોકાર્નો ખાતે મળેલી એ કાળની વિખ્યાત શાંતિ પરિષદમાં તેઓ પ્રતિનિધિ તરીકે ગયા હતા; અને એ જ રીતે બર્લિન તેમજ પ્રાગમાં ભરાએલી પ્રાચ્યવિદોની પરિષદોમાં પણ હાજરી આપેલી. તક મળતાં એમણે ઇટલી, સ્પેઈન, જર્મની, ઇંગ્લૅંડ, સ્વિટ્ઝરલૅન્ડ, બેલ્જિયમ, હોલૅન્ડ આદિનાં તમામ મહત્ત્વનાં શિક્ષણકેન્દ્રો, કલા-સંગ્રહસ્થાનો, વિખ્યાત ચિત્રગૅલેરીઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં કેન્દ્રોની મુલાકાતો લીધી હતી. આ દેશોનાં વિખ્યાત શિક્ષણ અને સાંસ્કૃતિક કેન્દ્રોએ તેઓને વ્યાખ્યાનો આપવા પણ નિમંત્રેલા. ભારત પાછા ફરતાં એમણે સ્વીડન, નૉર્વે, ઈજિપ્ત જેરૂસલેમ અને બીજાં કેટલાંક આકર્ષક સ્થળોની મુલાકાતો લીધી હતી.

ભારત પાછા આવ્યા કે તરત એમને કલકત્તા યુનિવર્સિટીમાં પ્રાચીન ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના પ્રાધ્યાપક તરીકે નીમવામાં આવ્યા, જે સ્થાન લાગટ બત્રીસ વર્ષની યશસ્વી કામગીરીથી એમણે શોભાવ્યું. અને એ સ્થાને પણ એમને વ્યાપક તેમજ વિવિધ પ્રવૃત્તિઓની તકો પૂરી પાડી. ઘણા દેશોનાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક કેન્દ્રો સાથે એમને ગાઢ સંબંધ બંધાયો, અને તેથી તેઓ અન્ય દેશો સાથેના બૌદ્ધિક અને સાંસ્કૃતિક વિનિમયમાં વિશિષ્ટ અને કીમતી ફાળો આપી શક્યા. 'વિશ્વભારતી'ની સ્થાપનાથી જ તેઓ એની કાર્યવાહક સમિતિના સભ્ય હતા અને છેલ્લાં ૨૦ વર્ષથી એના સક્રિય સલાહકાર હતા.

૧૯૨૪માં તેઓ રવીન્દ્રનાથ ટાગોર સાથે બ્રહ્મદેશ, મલયદેશ, સુમાત્રા, જાવા, બલી, ચંપા, કંબોજ, ચીન, જાપાન આદિ અનેક પૌરસ્ત્ય દેશોના સાંસ્કૃતિક વિનિમય-પ્રવાસમાં જોડાયા હતા. ૧૯૩૦-માં લીગ ઑવ નેશન્સનું આમંત્રણ મળતાં તેઓએ ફરી જીનિવાની મુલાકાત લીધી. ત્યાર બાદ તેઓ ઉત્તર અમેરિકાના પ્રવચન-પ્રવાસે ગયા અને એ ખંડમાં કલા, સંસ્કૃતિ ને શિક્ષણનાં લગભગ તમામ કેન્દ્રોની મુલાકાતો લીધી. ઈ. ૧૯૩૬માં બ્યુએનો આયર્સમાં ભરાએલી જગતના કલમકશોની P.E.N. કૉંગ્રેસમાં તેઓ પ્રતિનિધિ તરીકે ગયા અને ત્યાંથી પછી સમગ્ર દક્ષિણ અમેરિકા તેમજ આફ્રિકાના કેટલાક દેશોની પ્રવચન-યાત્રા ખેડી. ઈ. ૧૯૩૭માં હોનોલુલુ યુનિવર્સિટીએ એમને વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા માટે આમંત્રણ આપ્યું ત્યારે ત્યાંની લલિતકલા (ફાઈન આર્ટ્સ) અકાદેમીમાં પણ એમણે પ્રવચન આપેલું. ઑસ્ટ્રેલિયામાં સીડની ખાતે ભરાએલી 'કૉમનવેલ્થ રીલેશન્સ કૉન્ફરન્સ'માં એમણે ભારતના અધિકૃત પ્રતિનિધિ તરીકે ભાગ લીધેલો અને એ સમયે આખા ઑસ્ટ્રેલિયા ખંડ તેમ જ ન્યૂઝીલૅન્ડ-ન્યૂ સાઉથ વેલ્સનો પણ પ્રવાસ ખેડેલો.

આમ સમગ્ર વિશ્વનો પ્રવાસ કરી ચૂકેલા ડૉ. નાગ કોઈ પણ દેશના બુદ્ધિશાળી વર્ગમાં માન મુકાવે એવું પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા. એમની સત્તાસૂચક હાજરી, એમનો સમૃદ્ધ ને પ્રભાવશાળી અવાજ, એમનું ગંભીર, સીધું ને સાંભળવાની ફરજ પાડતું વક્તવ્ય આજે ય એમના પરિચિતોના મનમાં ઘૂંટાયા કરે છે.

ડૉ. નાગની વિવિધલક્ષી ને મહત્તમ વિદ્વત્તા વિષે (અનુ.પૃ. ૨૭૮)

સૂતાં ખંડેરોમાં

લલિતકુમાર બક્ષી

ફાલનીપુરથી દસ માઈલ દૂર જેસોરની ઊબડખાબડ પહાડી છે. એના પેટાળમાં ઊંડી ગુફાઓ, અવાવરુ કૂવા અને ભેંકાર ભોંયરાં છે. એક કાળે અહીં ચંદ્રાવતી નગરી વસેલી હતી. આજ એનાં ખંડેરો જમીનમાં દટાએલાં પડ્યાં છે. પહાડીને પેલે પાર ફાલની વહે છે, ને જંગલી ઝાડીની વચ્ચેથી એનાં મેલાં પાણી દેખાઈ જાય છે.

એ ખંડેરોમાં અઢળક સમૃદ્ધિ દટાએલી છે; જમીનની નીચે મોટાં મંદિરો અને પ્રાસાદો છે તથા તેમાં ધનના ચરુ ને સોના-રૂપાની રત્નજડિત મૂર્તિઓ છે;—આવી તરેહતરેહની વાતો લોકોમાં પ્રચલિત છે. પણ, જેસોરની એ અગોચર ગુફાઓમાં પગ મૂકવાની કોઈની હિંમત નથી. એવું સાહસ ખેડવાની કોઈ વાત પણ છેડે છે તો લોકો એને ઉતારી પાડે છે. અંધશ્રદ્ધાળુ વૃદ્ધો કહે છે કે પહાડીમાં ભેરવનો વાસ છે. ક્રુદ્ધ દેવતા એના પ્રદેશમાં પગ મૂકનારનો નાશ કરે છે. એક એવી પણ લોકકથા છે કે ચંદ્રાવતીના રાજવીઓએ યુદ્ધ જેવા આપદ્ગ્રસ્ત સમયમાં પોતાની રાણીઓને નાસી છૂટવા માટે ઊંડે ઊંડે ક્યાંક એક લાંબી સુરંગ બંધાવી હતી. કોઈ કહેતું, સુરંગ રેલવે લાઈનને પેલે પાર જંગલોમાં ક્યાંક નીકળે છે.

અહીં આવેલા બે ગોરાઓએ પણ આ વાતો સાંભળી. એમાંનો એક હતો મૅકલેલાન—ડગલસ મૅકલેલાન; ને બીજો હેન્રી ઓ'લીઅરી. મૅકલેલાન વયે મોટો, પિસ્તાળીશ આસપાસ; પણ લાલ ચહેરો ને ખડતલ શરીર. ઓ'લીઅરી ત્રીશેકનો જુવાન હતો; છોકરા જેવો લાગતો. એના આઇરિશ ચહેરામાં આંખો ઊંડી પેઠેલી ને કપાળ મોટું. મૅકલેલાન લશ્કરી અફસર જેવો દેખાતો; ઓ'લીઅરી સ્કૂલમાસ્તર જેવો. આ વાતો સાંભળી મોંમાંની સિગારેટ જમીન પર ફેંકી, ઠૂંઠાને બૂટ નીચે કચરતો મૅકલેલાન બોલ્યો : 'સુપરસ્ટિશન્સ...ધે હેવ ફૂલિશ સુપરસ્ટિશન્સ...'

બંને ગોરાઓની કુતૂહલવૃત્તિ સતેજ થઈ ગઈ. જેસોરનાં એ દટાએલાં ખંડેરોમાં ઊતરવાનો એમણે નિશ્ચય કર્યો. મૅકલેલાન પુરાતત્ત્વ-સંશોધક હતો. કંઈક નવું જ શોધી કાઢવા સાથે ઊંડે ઊંડે એના મનમાં, મળે તો જેસોરનો ખજાનો હાથ કરવાની પણ એને લાલચ થઈ આવી. એનો નિર્ણય સાંભળી ઓ'લીઅરી હસ્યો. એ પત્રકાર હતો. મૅકલેલાનની સાથે જોડાવામાં એનો આશય એક સુંદર સાહસકથા માટેની સામગ્રી એકઠી કરવાનો હતો. બંનેએ પોલિટિકલ એજન્ટ પાસે જઈ જેસોરની પહાડીઓમાં દટાએલાં ખંડિયેરો વિષે સંશોધન કરવા જવાની પરવાનગી માગી, અને ગુફાઓમાં પોતાની સાથે સામાન ઉપાડીને જવા માટે મજૂરોનો બંદોબસ્ત કરી આપવા જણાવ્યું. પણ ગોરાઓની સાથે એ પહાડોમાં જવા માટે કોણ તૈયાર થાય? ઘણી તપાસને અંતે ત્રણ જણનો બંદોબસ્ત થઈ શક્યો. ગોરા મોંમાગ્યા પૈસા આપવા તૈયાર હતા. જે ત્રણ મજૂરો આવ્યા તે પણ એ પૈસાના લોભે જ આવ્યા હતા.

એમનો સરદાર હતો અલી. પુખ્ત ઉંમરનો ને સશક્ત, પણ વહેમી. ત્રણ વર્ષ પર એની બીબી મરી ગઈ હતી. હવે, જંગલોમાંથી મધપૂડા પાડી લાવી મધ વેચીને ગુજરાન ચલાવતો હતો. બીજો હતો રામદેવ, તદ્દન 'હાફવિટ'. મંદ બુદ્ધિનો ને પાછો મૂગો હતો. જન્મથી જ એની જબાન બંધ હતી. અને ત્રીજો કાશીનાથ. ગામ એને 'કાશિયા દૂબા'-ને નામે ઓળખતું. આગળપાછળ એને પણ કોઈ હતું નહિ. કાશિયો ફાલનીપુરમાં તો શું, આસપાસનાં ગામોમાં પણ અપશુકનિયાળ તરીકે બદનામ હતો. સવારે ઊઠીને કોઈ એનું મોં ન જોતું. એ જન્મ્યો ત્યારે આગળના બે દાંત લઈને જન્મ્યો હતો. એના જન્મ પછી ત્રીજે જ દિવસે એનો બાપ મરી ગએલો, ને થોડા વખત પછી મા પણ. એટલે આ લોકોએ જેસોરની ખીણમાં પગ પણ નહોતા માંડ્યા એ પહેલાં તો ગામની ડોશીઓએ ભવિષ્ય ભાખી લીધેલું કે આમાંનો એકે પાછો નહિ ફરે. જે ટુકડીમાં કાશિયો હોય એનો નાશ જ થાય!

કાશિયાને જોતાં જ અલીની ભમ્મરો ખેંચાઈ. ગોરાઓની ભાષાના જે બેચાર શબ્દો અલી બોલી જાણતો હતો તેના ઉપયોગ સાથે એણે એમને સમજાવવાની મહેનત કરી કે કાશિયો અપશુકનિયાળ છે. કોઈ એને ક્યાંય સાથે નથી લઈ જતું. કાશિયા જેવા મનહૂસને સાથે લેવાથી ખંડેરોનો ખુદા આગની જેમ ભડકી ઊઠશે.

કાશીનાથ ગોરાની ભાષા નહોતો જાણતો. એ આંખો ફાડીને અલીની સામે જોઈ રહ્યો. એ એટલું સમજી શક્યો કે અલી એની વિરુદ્ધ કંઈ કહેતો હતો. એટલે એણે દયામણી નજરે ગોરા સામે જોયું. 'સુપરસ્ટિશન્સ' મૅકલેલાન ફરી એક વાર હસ્યો.

અલી સમજાવતો રહ્યો ને મૅકલેલાને હાથના ઈશારાથી એની વાત નકારીને સૌની કમ્મરે રસ્સા બાંધવાની સૂચના કરી. દાંત ભીંસીને અલીએ રસ્સો બાંધવા માંડ્યો. કાશિયાને એણે સૌથી છેલ્લો રાખ્યો.

જેસોરની પહાડીઓ પર સૂરજનાં પહેલાં કિરણ રેલાતાં હતાં ત્યારે એ પાંચે જણા પૃથ્વીના પેટાળમાં ઊતર્યા. સૌથી આગળ મૅકલેલાન હતો. ચાંચવાથી ખોદીને એ દીવાલોમાં પગ મૂકવા જેવા ખાડા બનાવતો જતો હતો. એથી પાછળ ઓ'લીઅરી આવતો હતો. મૅકલેલાને કરેલા ખાડામાં એક પછી એક પગ મૂકતા મજૂરો ઊતરતા ગયા. દરેકના કપાળ પર જાડા, કાળા સ્ટ્રૅપથી બાંધેલા લૅમ્પ હતા. ગોરાઓની પીઠ પરના નૅપસૅકમાં અન્ય ઓજારો, હથિયારો અને ઑક્સિજન-માસ્ક હતા. કાશિયાની પીઠ પર ખાવાપીવાનો સામાન લાદ્યો'તો.

જેમ ઊંડે ઊતરતા ગયા તેમ અંધકાર વધતો ગયો. અંધકારના જાણે થર પર થર ખડકાયા હતા. દીવાલો પર બાઝેલાં સૂકાં ઝાડ-ઝાંખરને કારણે શરીર પર ઊઝરડા પડતા હતા. વર્ષોથી ઘર કરીને બેઠેલાં ચામાચીડિયાં લૅમ્પોના માંદલા પ્રકાશમાં ચીસાચીસ કરતાં ઊડતાં.

બસો ફીટ જેટલે નીચે ગયા પછી જમીન આવી. ટૉર્ચના પ્રકાશમાં ત્યાં કેટલાંક ખંડિયેર દેખાયાં. મૅકલેલાનનો ચહેરો ખુશીથી હસી ઊઠ્યો. સામે એક સપાટ રસ્તો ચાલ્યો જતો હતો. એમાંથી ઠેકઠેકાણે નાની-મોટી ગલીઓ ફંટાતી હતી. બેઉ બાજુ જરીપુરાણી, કોહી ગએલી દીવાલોમાં મોટી મોટી બખોલો હતી ને એમાં ચામચીડિયાંએ ઘર વસાવ્યાં હતાં. સદીઓ જૂના એકબે થાંભલા પણ દેખાતા હતા જેના પર બારીક કોતરણી હતી. રસ્તો કેટલે દૂર સુધી જતો હશે એ કળવું મુશ્કેલ હતું. એના લંબાણનો ક્યાસ કાઢવા મૅકલેલાને બે હાથનો ખોબો કરીને મોટે સ્વરે બૂમ પાડી : 'હે-ઈ-ઈ-ઈ; હો-ઓ-ઓ-ઓ!'

પડઘા પડ્યા : 'હે-ઈ-ઈ-ઈ; હો-ઓ-ઓ-ઓ!' કોઈ જાણે અવાજને ખેંચીને આગળ લઈ જતું હોય એમ પડઘા દૂર દૂર સુધી જઈ ક્ષીણ થતા થતા ડૂબી ગયા. સુપ્ત ગુફાઓ એકાએક જાગ્રત થઈ ઊઠી. મૅકલેલાને જમીન પર પગ પછાડ્યો. ધૂળનો એક ગુબાર ઊઠ્યો, ને ધીરે ધીરે ફેલાઈને દીવાલો પર બેસવા લાગ્યો. એની છૂટીછવાઈ રજ લૅમ્પના પ્રકાશમાં નાચી રહી. મૅકલેલાન હસ્યો. ઓ'લીઅરી

સામે જોઈ કહ્યું : 'સા, હાઉ ધ ડાન્સ!'

ગોરા આગળ વધ્યા. મજૂરો પાછળ ખેંચાયા. 'આ ભેંકાર ગુફાઓમાં દફનાઈ જઈશું તો ઘેર કોઈ જાણશે યે નહિ.' અલીએ પહેલો બબડાટ કર્યો. જોકે ઘર જેવું એને કે ત્રણેમાંથી એકેને નહોતું. પણ એ એવી રીતે બોલ્યો કે જાણે ઘેર બીબી એના આવવાની રાહ જોતી બેઠી હોય.

એકાએક અલી ખડખડાટ હસી પડયો. એના હાસ્યમાં એક ઊંડો ભય છુપાઈને બેઠો હતો : ભેંકાર ગુફાઓમાં દફનાઈ જવાનો ભય. તે એ રીતે હસ્યો જાણે એની પોતાની વાત પર હસતો હોય. પણ જણાઈ આવતું હતું કે હાસ્યના અવાજથી પોતાના આંતરિક ભયને દૂર રાખવાની એ કોશિશ કરી રહ્યો હતો. અલીના હાસ્યના પડઘા પણ બીજા પડઘાઓની જેમ દૂર દૂર સુધી ખેંચાઈને ડૂબી ગયા. કેવું બિહામણું લાગતું હતું એ ખેંચાણ! ગોરાઓએ કરડી આંખે અલીની સામે જોયું. અલી ચૂપ થઈ ગયો. એની સાથે સાથે આખું યે વાતાવરણ ચૂપ થઈ રહ્યું. ફક્ત ચાલનારાઓનાં પગલાં સંભળાઈ રહ્યાં.

અંધારું વધુ ગાઢ થતું જતું હતું. અવાવરુ જમીન પર પડતાં પગલાંનો અવાજ ચારે બાજુએથી ઘેરી વળતી નીરવતા સામે એક સહારો બની રહ્યો. પાછળ નજર નાખતાં ભેખડોની જે દીવાલો વચ્ચેથી તેઓ ચાલીને આવ્યા હતા એ દીવાલો પણ ફરી અંધકારમાં ડૂબી ગએલી દેખાઈ. ટૉર્ચના પ્રકાશમાં જણાયું કે જાણે કોઈ મહાકાય દૈત્યે માણસને ભરખી જવા એનું વિકરાળ જડબું ખોલી રાખ્યું હોય! એકબીજાથી રસ્સે બંધાએલા, ધીરેધીરે આગળ વધતા મજૂરો ધ્રૂજી ઊઠયા.

હજી સુધી વિશેષ કંઈ મળ્યું નહોતું. દીવાલ પરની એક મૂર્તિને મૅકલેલાન બહુ ધ્યાનથી નીરખી રહ્યો. એણે સ્ક્રૅપ નાઇફ વડે મૂર્તિ પર જામેલા ધૂળ-માટીના થર ખોતરી ખોતરીને ઉખેડયા. ત્યાં તો, દીવાલની એક તરફની કાંગરી ખરી પડી. દીવાલો સાવ જીર્ણ થઈ ગઈ હતી તેનો એ પહેલો નિર્દેશ હતો. ગોરાની નાઇફનો 'ખરૂર્ ખરૂર્' અવાજ અંધકારમાં કોઈ જાનવર કંઈ કરડી ખાતું હોય એવો લાગતો હતો. સ્કેલ કાઢીને મૅકલેલાને મૂર્તિનાં અંગઉપાંગોનું માપ લીધું. ડાયરીમાં તેની વિવિધ વિગતો ઉતારીને તેનો એક હળવો સ્કેચ પણ કરી લીધો.

એક ખૂણામાં ઊભો ઓ'લીઅર પણ એની નોટબુકમાં કંઈક લખ્યે જતો હતો. મજૂરો બંને ગોરાઓને જોઈ રહ્યા. છેલ્લે મૅકલેલાને પોતાના નૅપસૅકમાંથી કૅમેરા કાઢી, ફ્લૅશગન લગાવી, મૂર્તિનો ફોટો લીધો. શાંત પાણીમાં કોઈ પથરો નાખે ને પાણી જેમ ડહોળાઈ ઊઠે એમ મૅકલેલાનની ફ્લૅશે ગુફાની શાંતિને ડહોળી નાખી. જીવજંતુઓ અને વાગોળોએ ગોરાઓ અને મજૂરોના હાથ, નાક, કાન ને મોં પર અથડાતાં, પાંખો ફફડાવતાં ઊડાઊડ કરી મૂકી. એમને હાથથી અને સ્વેપસંથી મારી મારીને દૂર હટાવતા મજૂરો આગળ ચાલ્યા.

ભૂખ લાગી ત્યારે ભોજન પતાવી લીધું. થોડો આરામ પણ કરી લીધો. ચાર કલાક કરતાં વધુ સમય વીતી ચૂકયો હતો. ઊડતી ધૂળને કારણે ગળામાં શોષ પડી હોઠ સુકાતા હતા. ગોરા એક એક ચુસ્કી બ્રાન્ડીની લઈ લેતા હતા. મજૂરો થર્મોસમાંનું ઠંડુ પાણી પીને હોઠગળાં ભીનાં કરી લેતા. ગોરાઓની હૅટો ને મજૂરોના માથા પર, ખભા પર ને પીઠ પર બાંધેલા સામાન પર ધૂળના થર બાઝવા લાગ્યા હતા. ઉપરથી પથ્થર-માટીની ઝીણી કરચો ખરતી હતી. લાગતું હતું કે એ દીવાલો અને છતો સદીઓના દબાણને કારણે ઢીલી પડી ગઈ હતી. ક્યાંક કોઈ થાંભલો ખસી ન પડે એનો ભય મોટો હતો. સમયનું મહત્ત્વ હવે રહ્યું નહોતું. જોકે બંને ગોરાઓના હાથ પર ઘડિયાળ બાંધેલાં હતાં, પણ કોઈ ભાગ્યે જ તેની સામે જોતું હતું. એક માત્ર ધ્યેય હતું : આગળ વધવું, જ્યાં સુધી અશક્ય ન બની રહે ત્યાં સુધી.

હવે રસ્તો સાંકડો થતો ગયો. દીવાલો એકબીજાથી નજદીક આવી ગઈ તેના પર નાનાં-મોટાં ચીતરામણ અને કાચી-પાકી મૂર્તિઓની સંખ્યા વધી રહી. માર્ગમાં એક લાંબું, સદીઓ થયાં સુકાઈ ગએલું ગરનાળું આવ્યું. અંદરથી સડતી લાશમાંથી આવતી હોય એવી તીવ્ર બદબૂ આવતી હતી. મૅકલેલાનની ઇચ્છા ઑક્સિજન માસ્ક પહેરીને અંદર ઊતરવાની હતી. એને જાણવું હતું કે આ ગરનાળામાં થઇને તો પેલી સુરંગ નહોતી જતી? બદબૂ પરથી સ્પષ્ટ હતું કે અંદરની હવા ઝેરી હશે. વળી અંદર કોઈ જાનવર વાસ કરતું હોય તો પણ કોને ખબર? મૅકલેલાન અને ઓ'લીઅરીએ પોતપોતાની ટૉર્ચો ફેંકીને જોયું. પ્રકાશથી ચમકીને ઊડતાં થોડાં ચામાચીડિયાં સિવાય વધુ કશું દેખાયું નહિ.

અલી ગોરાઓની નજદીક સરકી આવ્યો. એણે એમનાં મન બહેલાવવા ખંડેરો વિષે પ્રચલિત થોડી લોકકથાઓ કહેવા માંડી. પણ એની આંખો રહીરહીને પાછળ આવતા કાશીનાથની વાંકી વળેલી પીઠ પર પડતી હતી. કાશીનાથ પગ ઘસડતો ચાલતો હતો. ગોરા નાસ્તિક હતા. અલીને થતું હતું કે કાશિયા જેવા મનહૂસને સાથે ન લીધો હોત તો સારું થાત. ક્ષેમકુશળ ઘેર પહોંચીએ ત્યારે ખરું.

ઓ'લીઅરીએ ઘડિયાળમાં જોયું. 'રાત પડી ગઈ છે' એણે કહ્યું. એના પગ થાકયા હતા. એ અટકયો. એનો ઈરાદો હવે ડેરો નાખીને આરામ કરવાનો હતો. લાપરવાહીથી એણે હાથમાંનો ચાંચવો છતમાં માર્યો : જાણે રાતભર માટે ત્યાં ટીંગાડી રાખવાનો હોય. પણ ચાંચવો લાગતાંની સાથે પહેલાં થોડી રજ ખરી; પછી પથ્થરના ટુકડા છતમાંથી પડયા. એકદમ છતની અંદર એક ઊંડો ગડગડાટ થયો. સૌથી છેલ્લો કાશીનાથ ઊભો હતો. ત્યાંથી થોડે આગળ જ મોટા અવાજ સાથે એક દીવાલ તૂટી પડી. એના ધક્કાથી સામેનો એક થાંભલો પણ પડયો. કાશીનાથ ચીસો પાડતો દોડયો. ધૂળ-માટીનો એક મોટો ગુબાર ઊઠયો એમાં બધું ઢંકાઈ ગયું. માણસો પણ એક આંધળી ધૂંધમાં હાથ-પગ પછાડતા, એકબીજાના નામની બૂમો મારતા, કમ્મરે બાંધેલા દોરડાથી એકબીજાને ખેંચતા, પડતાઆખડતા ભાગ્યા. જાણે એક નાના સહારા પર બધું ટકી રહ્યું હોય ને એ સહારો ખસી જતાં બધું ધડાધડ પડવા માંડે એમ ઈંટ, રોડાં ને પથ્થરનો ઢેર ખડકાવા માંડયો.

ગોરાઓનાં અને મજૂરોનાં આંખ-નાક-કાનમાં ને શરીર પર બધે ધૂળ ફરી વળી. મૅકલેલાને મોટેથી બૂમ પાડીને ઑક્સિજન માસ્ક પહેરી લેવાનો આદેશ આપ્યો. એ વિના ધૂળના ગુબારને કારણે શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી. હવે તો લાગતું હતું કે આ જીર્ણ ખંડેરોમાં ગમે તે પળે ગમે તે દીવાલ તૂટી પડે ને એની નીચે પાંચે જણ દટાઈ મરે! ગોરા ફાટી આંખે જોઈ રહ્યા. પાછા ફરવાનો માર્ગ બંધ થઈ ગયો હતો. ડેબ્રિસનો એટલો મોટો ઢગ ખડકાયો હતો કે એને સાફ કરવા માટે એમના કરતાં પાંચ ગણા માણસો જોઇએ; ને ડેબ્રિસ સાફ કરવા જતાં પાછી નવી ભેખડ ન તૂટી પડે એની શી ખાતરી?

થોડી વાર તો કોઈ કંઈ બોલ્યું નહિ. બોલવાનું કોઇને સૂઝ્યું નહિ. મૃત્યુનો ભય સૌના ચહેરા પર છાઈ રહ્યો. 'હાફ-વિટ' રામદેવ એકાએક બાળકની જેમ ચીસો પાડીને રોવા લાગ્યો. એને સૂઝી ચૂક્યું હતું કે અહીંથી બહાર નીકળવાનો માર્ગ બંધ થઈ ગયો છે. આ અજાણ ગુફાઓમાં એને દફનાઈ નહોતું મરવું. પગ ફેલાવીને એ જમીન પર બેસી પડયો ને છાતી-માથું કૂટવા લાગ્યો. એની રોકકળે ડઘાઈ ગએલા સૌને ફરી જાગ્રત કરી દીધા. કોઈ પણ ઉપાયે આ ગુફાઓમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધવો જ રહ્યો. નહિતર..., મોત સામે ડોકિયાં કરતું હતું.

મૅકવેલાને આંખો લાલ કરી. એણે બાવડું પકડીને રામદેવને ઊભો કરી દીધો. એ હજી યે ચીસો પાડતો હતો. અલી અને મૅકવેલાન ગર્જ્યા ને ઓ'લીઅરીએ તેને અહીં જ મૂકીને જતા રહેવાની ધમકી આપી ત્યારે એ કંઈક ચૂપ થયો. અલીની ખૂનતરસી આંખો કાશીનાથની વાંકી વળેલી પીઠ પર પડી. જાણે કહેતી હોય કે આ મનહૂસને સાથે લેવાને કારણે જ આવી અણધારી આફત ઊતરી આવી. ગોરા મૂર્ખ હતા. પોતાની વાત એમણે ન માની તો આ નતીજો આવ્યો.

મૅકવેલાને ફરી હોઠ બીડ્યા. એ ફરી આગળ થયો. એક એ જ દૃઢ નિશ્ચયથી પગલાં ભરતો હતો. જાણે હાર માનવાનો ઇનકાર કરતો હોય. અલી બબડ્યો : 'જૂના જમાનામાં અહીંથી એક સુરંગ જંગલોમાં બહાર નીકળતી હતી. એ જો શોધી કાઢી શકીએ તો...' ઓ'લીઅરી ચૂપ હતો. એની આંખો એના અણલખાએલા પુસ્તક પર મંડાઈ હતી. એમાંથી એને નામ અને પૈસા બંને કમાવાં હતાં.

હવે જેમજેમ તેઓ આગળ વધતા ગયા તેમતેમ લાગતું ગયું કે જમીન જાણે નીચેની તરફ ઢળતી જતી હતી. એકબીજા સાથે રસ્સીથી બંધાએલા પાંચે માનવી પૃથ્વીના પેટાળમાંથી બહાર નીકળવાને બદલે વધુ ને વધુ ઊંડા ઊતરતા જતા હોય એવું લાગ્યું. ઊંડાણ જેમ જેમ વધતું હતું તેમ તેમ મજૂરોનો ભય પણ વધતો હતો. અંત જાણે આવતો જ નહોતો. છેવટે મૅકવેલાનના ચહેરા પર પણ ચિંતા તરવરવા માંડી. અને ત્યારે, એ બધા એક વિશાળ ગોળાકાર કૂવાના કિનારા પર આવી પહોંચ્યા હતા. પાળ તૂટેલી હતી. કૂવો ઊંડો હતો. અંદરની ધૂંધમાં એવું લાગતું હતું કે જાણે તે ઊંડે ઊંડે છેક પાતાળ સુધી ગએલો છે. આ ધૂંધ જે કૂવાના ઊંડાણને આવરી રહી છે એ પણ પાતાળમાં જ પેદા થઈ છે, ને હવે વધુ ને વધુ ઉપર આવતી આખા ય પ્રદેશ પર છાઈ જવાની છે.

ખૂબ સાવચેતીપૂર્વક જમીન પર ઊંધા સૂઈ જઇને મૅકવેલાને એની અને ઓ'લીઅરીની ટૉર્ચના પ્રકાશમાં અંદર દૃષ્ટિ દોડાવી તો દેખાયું કે નીચે પગથિયાં જતાં હતાં એ જોઇને પ્રશ્ન ઊઠ્યો કે કૂવામાંથી નીચે કોઈ માર્ગ તો નહિ જતો હોય? તપાસ કરવી જોઈએ. એ સાહસિક હતો. પણ એ ટુકડીનો નેતા હતો, ને ગોરો હતો. એની પોતાની જિંદગી જોખમમાં નાખવા કરતાં પહેલાં મજૂરોમાંના કોઈને ઉતારીને તપાસ કરવી વધુ યોગ્ય હતી. કોને ઉતારવો?

એ સમયે અલીની બુદ્ધિ કામે લાગી. એના માથામાં એક વાત ઘોળાતી હતી. એ વાત એણે કોઈની પાસે સાંભળી હતી. ખંડેરોનો ખુદા રૂઠે છે ત્યારે પાછા ફરવાનો માર્ગ એક જ શર્ત પર બતાવે છે. એના પ્રદેશમાં ઘૂસી આવેલા પોતાના એક સાથીનો ભોગ આપે! એમની સાથે કાશીનાથ જ એક અપશુકનિયાળ માણસ હતો. બધાંનો જાન બચાવવા માટે ખંડેરોના ખુદાને ખુશ કરવો રહ્યો.

એણે કાશિયાને કૂવામાં ઊતરવાનો આદેશ આપ્યો. કાશિયો ન હાલ્યો, ન ચાલ્યો. જિંદગી એને પણ વહાલી હતી. અલી જોરથી ગર્જ્યો. કૂવામાંથી એની ગર્જનાના પડઘા પડ્યા. કાશીના ચહેરા પર ભય છાઈ રહ્યો. જો આ ચારે મળીને એને ઉપાડીને કૂવામાં ફેંકી દે તો? રામદેવને એમણે એવી ધમકી નહોતી આપી? એને થયું કે અહીંથી ભાગી છૂટું. પણ ભાગીને એ જવાનો ક્યાં હતો? રસ્તો ક્યાં છે? એના ચહેરા પરના ભયને ગોરા કળી ગયા. એમણે એને બહુ નરમ શબ્દોમાં સમજાવ્યો : કાશીનાથ તો એમનો સૌથી બહાદુર સાથી હતો ને? અલી ક્યારનો બડબડાટ કરી રહ્યો હતો; રામદેવ નાના બાળકની જેમ ચીસો પાડીને રોવા બેસી ગયો હતો; પણ કાશીનાથે હજી સુધી ઊંકારો પણ નહોતો કર્યો. આવા બહાદુર સાથી વિના ટુકડી શી રીતે આગળ વધી શકવાની હતી? આ તો ફક્ત કૂવાની ઊંડાઈ જોવા માટે જ એને નીચે ઉતારવાનો છે. જે ઘડીએ એ નીચેથી દોરડું હલાવશે એ ઘડીએ એને ઉપર ખેંચી લેવામાં આવશે. ગોરાઓએ એ પણ જાહેર કર્યું કે બહાર નીકળ્યા પછી કાશીનાથને બીજા મજૂરો કરતાં દસ રૂપિયા વધારે આપવામાં આવશે.

કમ્મરે બાંધેલી રસ્સીથી ઝૂલતો કાશી ધીરે ધીરે કૂવામાં ઊતર્યો. એના ચહેરા પર ભય હતો, લાચારી હતી, દયાની યાચના હતી. એની જિંદગી ઉપરવાળાઓના હાથમાં હતી. રસ્સી અલી અને રામદેવે પકડી રાખી હતી. તેમાં અલી આગળ હતો. કાશીનાથ ઝૂલતો, દીવાલો સાથે અથડાતો, પગથિયાં પર પગ ટેકવતો એટલે નીચે સુધી પહોંચ્યો કે હવે એનો અવાજ પણ આવતો બંધ થઈ ગયો હતો. કાશી ઉપર આવે ત્યાં સુધી ગોરાઓ એક મોટા પથ્થર પર જઈને બેઠા ને પોતપોતાની નોટ્સ સરખાવવા લાગ્યા. હજી પણ એ નોટ્સ ભૂલ્યા નહોતા! અલીની આંખોમાં ચમક આવી. આ જ તો મોકો હતો. ભોગ આપ્યા વિના અહીંનો ખુદા રસ્તો નહિ દેખાડે. 'હમદ ખુદા!' એ બબડ્યો. એના હાથમાં ધારદાર રોપ-નાઈફ ચમકી. રામદેવે નાઇફ જોઈ. પણ એ તો મૂંગો હતો. રસ્સી કપાઈ ગઈ. કપાએલી રસ્સીનો છેડો અલીના હાથમાં ઝૂલી રહ્યો. બાકીનો પાણીના રેલાની જેમ નીચે સરી ગયો. એક ભયંકર ચીસ કૂવાની ધૂંધને ચીરતી બહાર આવી.

ચીસ સાંભળીને ગોરા દોડી આવ્યા. અલીના હાથમાં રોપ-નાઈફ જોતાં વાત સમજી ગયા. અલી શાંત, સ્વસ્થ ચહેરે એમની સામે જોતો ઊભો હતો. એણે કહ્યું : 'એ અપશુકનિયાળ હતો. એને જ કારણે બહાર નીકળવાનો માર્ગ બંધ થઈ ગયો.' કાશીનાથની ચીસ સાંભળ્યા પછી હવે કૂવામાં ઊતરવાની કોઈની હામ નહોતી. ગોરા સ્તબ્ધ થઈ રહ્યા. કરી પણ શું શકતા હતા? 'પૂઅર ડેવ!' બેમાંનો એક બબડ્યો.

નીચે ને નીચે સરી જતો કાશીનાથ પામી ગયો કે ઉપરથી રસ્સી કાપી નંખાઈ છે. જમીન પર પટકાઇને ટુકડે ટુકડા થઈ જવાના ભયમાં પડાએલી એની આખરી ચીસ કૂવાની દીવાલો સાથે અથડાતી જાણે કોઈ અણજાણ પ્રદેશમાં ખોવાઈ ગઈ. એક ધબાકા સાથે એ પછડાયો. એક પળ પછી શૂળ ભોંકાતી હોય એવી વેદના એના પગમાં ઊઠી.

એણે આંખો બંધ કરી લીધી હતી. દાંત કચકચાવીને ભીંસી લીધા હતા. એ એમ ને એમ પડ્યો રહ્યો. એ જાગ્યો ત્યારે એને ભાન થયું કે એ મર્યો નહોતો. એનું અસ્થિપંજર સાબૂત હતું. પગમાં પીડા થતી હતી, પણ ઘૂંટણ, પીંડી, સાથળ બધું સલામત હતું. હાથ ખભા સાથે જોડાએલા જ હતા. હૃદય ધબકતું હતું. આંખો જોઈ શકતી હતી—હા જોઈ શકતી હતી: પ્રકાશની એક પાતળી રેખા! કાશીનાથ જાણે એક દુઃસ્વપ્નભરી નિદ્રામાંથી જાગ્યો હોય એમ સામે, આસપાસ, ચોતરફ જોઈ રહ્યો. જે દિશામાંથી પ્રકાશની રેખા આવતી હતી એ તરફ એક સાંકડો રસ્તો જતો હતો. જરૂર ક્યાંક બહાર નીકળતો હશે. નહિતર, અહીં છેક કૂવાને તળિયે રસ્તો શાનો? પ્રકાશ શાનો?

એણે ઊભા થવાની કોશિશ કરી. પગમાં ફરી શૂળો ભોંકાઈ. હાથના બળે ઘસડાતો તે આગળ વધ્યો. કણસતો, કરાંજતો એ અર્ધા કલાકની જહેમતને અંતે સુરંગમાંથી બહાર આવ્યો ત્યારે એની દૃષ્ટિ સૌથી પહેલી રેલવે લાઈન પર સરી જતી ટ્રેઈનના ધુમાડા પર પડી. ધુમાડાના કાળા ગોટામાં એને કોઈ એવા સૌંદર્યનાં દર્શન થયાં કે પગની પીડા ભૂલી જઈને એ આંખો ફાડી-ફાડીને જોતો જ રહ્યો ...

વૉટરલૂનો ભાગ્યવિધાતા

મૂળ લેખક · સ્ટીફન ઝ્વાઇગ
ભાવાનુવાદ · શિવપ્રસાદ જોષી



બરાબર ૧૫૨ વર્ષ પહેલાં બ્રસેલ્સથી અગિયારેક માઈલ દક્ષિણે વૉટરલૂ ગામ નજીક સાં જ્યાં નામની એક ટેકરી પર જે યુદ્ધ ખેલાયું એમાં એક થોડીશી નિર્ણયશક્તિના અભાવે યુરોપના નકશાને આજે આપણે જોવો જાણીએ છીએ, લગભગ એ સ્વરૂપમાં ફેરવી નાખ્યો. નેપોલિયને જીતેલા યુરોપના વિશાળ સામ્રાજ્યનો એથી આખરી અંત આવ્યો, એટલું જ નહિ પણ ખુદ ફ્રાંસ પણ પડી ભાંગ્યું. જો નેપોલિયન આ યુદ્ધ જીતી ગયો હોત તો દુનિયાનો ઇતિહાસ આજે કંઈ ઓર જ હોત. યુરોપ પરની એની જબરદસ્ત ધાક સામે એના ઉપરની આ જીતનું ગૌરવ અતિઘણું હતું. બ્રિટન અને ડેન્માર્કે પોતાની આ જીતની યાદમાં એ ટેકરી પર ઈ. ૧૮૨૬માં એક સ્મારક રચીને તેના પર એ બંને રાષ્ટ્રોના પ્રતીક રૂપ તેર ફૂટ મોટા સિંહને ગોઠવ્યો છે. નીચે એ ટેકરીની તળેટીના પ્રદેશનું આજનું દૃશ્ય આપ્યું છે.

મહાન કાર્યોના નિર્માતાઓ અને મેધાવી પ્રતિભાઓ માટે તો વિધાતા પોતાનું હાસ્ય અનામત રાખે છે. ઘણી વાર એવું બને છે કે વર્ષોનાં વર્ષો સુધી તેનો પક્ષપાત એક જ વ્યક્તિને આવરી લે છે. જેમકે સીઝર, ઍલેક્ઝાન્ડર, નેપોલિયન; તો ક્વચિત્ ઇતિહાસના લાંબા પટમાં કોઈ એવો યોગ પણ આવી ચડે છે કે દૈવ પોતાનો તાજ કોઈ અજ્ઞાત અલ્પાત્માને શિરે પહેરાવી, ભાવિના તાણાવાણા પણ તેના જ હાથમાં મૂકી દે છે, જેની વિચિત્ર ગૂંથણી ઇતિહાસનો સમગ્ર રાહ બદલે છે. આવે વખતે જેમના ઉપર દૈવની પસંદગી ઊતરે છે તે બિચારાઓ આનંદિત થવાને બદલે અકળાઈ ઊઠે છે; જવાબદારીના આવી પડેલા અણધાર્યા આંચકાથી દુનિયામાં સર્જાતા બનાવોની મહાન સરિતામાં તેઓ ફેંકાઈ જાય છે: ઈતિહાસના તાણાવાણા તેમના હાથમાંથી સરકી જાય છે અને અપવાદ તરીકે જ કોઈ નિર્બલ પ્રતિભા કીર્તિકલશ સંપાદન કરે છે. મહાન ક્ષણ જેટલી ઝડપથી આવે છે તેટલી જ ઝડપથી ચાલી જાય છે અને જે વ્યક્તિ એક વાર તકને હાથથી જવા દે છે તેને ઈતિહાસ બીજી ભાગ્યે જ આપે છે.

ઈ. ૧૮૧૫માં વિયેનામાં ભરાએલી કૉંગ્રેસ રાજકીય પ્રવૃત્તિઓથી ધમધમી ઊઠી હતી. નૃત્યો, પ્રણયપ્રસંગો, વાટાઘાટો અને ગપ્પાષ્ટકો ચાલી રહ્યાં હતાં; તેમાં અચાનક કાળ જેવા સમાચાર ખાબકી પડ્યા કે નેપોલિયન ભાગી છૂટ્યો છે! પાંજરામાં પૂરેલો સિંહ બંધનમુક્ત થઈને પારી(સ) ભણી ધપી રહ્યો છે! એક પછી એક મારતે ઘોડે આવી રહેલા સંદેશાવાહકો માહિતી આપી રહ્યા કે રાજાની ફોજના સૈનિકો નેપોલિયનના ઝંડા નીચે એકઠા થઈ રહ્યા છે અને જોતજોતામાં પારી(સ)ના પાદરમાં પહોંચી જશે. વીસવીસ વર્ષોથી નેપોલિયન લડત આપી રહ્યો હતો; માનવ ખુવારીની કોઈ મર્યાદા રહી નહોતી; અને તેની સાબિતી તરીકે લિપઝિગ ખાતે ખેલાએલું છેલ્લું યુદ્ધ હતું! શું એ સઘળું હવે વ્યર્થ જવાનું હતું?

કૉંગ્રેસમાં એકઠા મળેલા યુરોપના ધુરંધર મુત્સદીઓ, જેઓ એકક્ષણ પહેલાં, સામસામે વિરોધના સૂર ઉચ્ચારતા હતા, તેઓ બધા જ હવે ઠંડાગાર બની ગયા. હવે તો એક જ માર્ગ હતો: પ્રશિયા, ઑસ્ટ્રિયા જેવા દેશોની ફોજ સાથે જો અંગ્રેજ અને રશિયન સેનાનો સહકાર મળે તો જ આ નવા દુશ્મનને પહોંચી શકાય. તાત્કાલિક વળતો પ્રહાર જરૂરી હતો. વિપત્તિની આ પળમાં સમ્રાટો અને શહેનશાહોના ધામ જેવું યુરોપ એક અને સંગઠિત બન્યું. સૌએ પોતપોતાની દિશાઓ સાચવી લીધી: ઉત્તરમાં વેલિંગ્ટન, પૂર્વમાં બ્લૂચર; રૂહાઈન નદીને કાંઠે શ્વાર્ઝેનબર્ગ; જર્મનીનાં મેદાનોમાં રશિયનો; આ પ્રકારનો વ્યૂહ ગોઠવાઈ ગયો. બીજી તરફ આ પ્રકારના ભયની ગંધ નેપોલિયનને આંખના પલકારામાં આવી ગઈ. આ બધાં એકઠાં મળે તેમાં જોખમ રહેલું હતું, અને તેની સામે પોતે ત્વરિત પગલાં લેવાં જોઈએ. વધુ ઈષ્ટ તો તે બધાં સાથે મળે તે પહેલાં જ વીણીવીણીને તેમને મહાત કરવામાં હતું; નહિતર તેની એકલાની સામે આખા યુરોપનું સૈન્ય તૈયાર હતું. ઘરઆંગણે બીજો ભય પણ હતો: ફ્રાન્સમાં અસંતોષ ફાટી નીકળે અને રાજાના વફાદારો તથા રિપબ્લિકનો સાથે મળીને તેની સામે મોરચો માંડે તે શક્યતા સામે પણ વિચારવાનું હતું. પોતાના સૈનિકોમાં જુસ્સો હતો ત્યાં સુધીમાં તેણે આક્રમણની તૈયારી કરી લેવી જોઈએ. દિવસ તો શું, એક કલાકની પણ અત્યારે ભારે કિંમત હતી. નેપોલિયને પાસા ફેંકવાના હતા અને દુશ્મનો તેનું ભાવિ નક્કી કરવાના હતા; યુરોપનું સૌથી લોહિયાળ રણક્ષેત્ર બેલ્જિયમ બનવાનું હતું.

ઈ. ૧૮૧૫ના જૂનની પંદરમી તારીખે, વહેલી સવારના ત્રણ વાગ્યે ફ્રાન્સના સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટના લશ્કરે સરહદ ઓળંગી અને સોળમી જૂને પ્રશિયન લશ્કર ઉપર પ્રથમ પ્રહાર કરી, લિગ્ની ખાતે વિજય મેળવ્યો. પરાજિત થએલા પ્રશિયનોએ બ્રસેલ્સ તરફ પીછેહઠ કરી. તેમણે હાર ખાધી હતી પણ અકબંધ રહી શક્યા હતા. વીજળી વેગે આવો જ બીજો પ્રહાર કરવા બોનાપાર્ટે પોતાનું ધ્યાન અંગ્રેજ સેનાપતિ વેલિંગ્ટન પર કેન્દ્રિત કર્યું. સત્તરમી તારીખે નેપોલિયને



ટેકરીની તળેટીમાં વૉટરલૂનું રણક્ષેત્ર આજે



ડ્યૂક ઑવ વેલિંગ્ટન   માર્શલ ને   અને માર્શલ બ્લ્યૂચર

પોતાનું લશ્કર ધીરગંભીર અને પોલાદી સ્નાયુઓના બનેલા અંગ્રેજ સેનાપતિ વેલિંગ્ટનના લશ્કરી મથક 'ક્વાત્ર-બા' તરફ દોડાવ્યું. આજના દિવસ માટેના તેના હુકમો બહુ જ સ્પષ્ટ હતા અને લશ્કરી ટુકડીઓની વહેંચણી ભારે સંભાળપૂર્વક કરી હતી. જય તેમજ પરાજય બન્ને શક્યતાનો તેણે ખૂબ વિચાર કર્યો હતો. વળી જર્મન શકરો બ્લ્યૂચર, વેલિંગ્ટનની મદદે પોતાનું લશ્કર મોકલવા બધા જ પ્રયાસો કરશે એ ગણતરી કરીને જ વ્યૂહ ગોઠવ્યો હતો. હારેલા પ્રશિયનોની પૂઠ પકડવા લશ્કરના એક ભાગને અલગ તારવ્યો હતો અને તેની કામગીરી મિત્રરાજ્યોના લશ્કરને ભેગાં થતાં અટકાવવાની હતી અને આ મહત્ત્વપૂર્ણ જવાબદારી માર્શલ ગ્રાઉચીને સોંપવામાં આવી હતી.

ગ્રાઉચી પ્રામાણિક, વિશ્વાસુ, સન્નિષ્ઠ, બહાદુર ને ભલો આદમી હતો. લશ્કરમાં તે અશ્વદળનો નાયક હતો અને એ રીતે તેની કામગીરી ઉત્કૃષ્ટ હતી; પરંતુ નેપોલિયનયુગમાં ઝળહળી ઊઠે એવી સેનાપતિ કે યોદ્ધા તરીકે તેની કારકિર્દી ન હતી. વીસ વીસ વર્ષો સુધી યુરોપના દરેક રણક્ષેત્રમાં—સ્પેઈન, નેધરલૅન્ડ, ઇટલી, ઑસ્ટ્રિયા ઇત્યાદિ દેશોમાં ખેલાએલી લડાઈઓમાં નેપોલિયનની રાહબરી નીચે તે લડી ચૂક્યો હતો અને આ લાંબી સેવાઓના બદલામાં માર્શલનું બિરુદ પામ્યો હતો. નેપોલિયનને પણ ખબર હતી કે ગ્રાઉચી યુદ્ધસેનાપતિ કે વ્યૂહ ગોઠવી જાણનાર ન હતો. પણ તેનામાં મોટામાં મોટો ગુણ એ હતો કે આપેલા આદેશનું તે ચુસ્તપણે અને સંપૂર્ણ આજ્ઞાંકિત રહીને પાલન કરતો. નેપોલિયનને અત્યારે લશ્કરી સેનાપતિઓની ટાંચ હતી, કેમ કે મોટા ભાગના તો યુદ્ધભૂમિમાં પોઢી ગયા હતા. હવે જ્યારે એક નાજુક ક્ષણે તેને વિશ્વાસુ માણસની જરૂર પડી, ત્યારે, થોડા ખચકાટ સાથે, આ સામાન્ય-પ્રતિભાવાળા સૈનિકને રોકી લીધો, અને લિગ્ની ખાતેના વિજયને બીજે દિવસે અને વૉટરલૂની લડાઈના આગલે દિવસે, તેને એક સ્વતંત્ર સેનાપતિ તરીકે નીમી દીધો; અને તે જ ઘડીએ, સમયના અનાદિઅનંત પ્રવાહમાં, ઈતિહાસમાં કાયમને માટે ચમકવા સર્જાએલ એક અજ્ઞાત લશ્કરી વ્યક્તિનું, ચોવીસ કલાક માટે, સેનાપતિમાં રૂપાંતર થયું. સમયની એક જ પળ—છતાં કેવી વિલક્ષણ પળ! નેપોલિયને આપેલો હુકમ સ્પષ્ટ હતો કે પોતે અંગ્રેજ લશ્કર સાથે ટકરાય ત્યારે, ફ્રેન્ચ લશ્કરના ૧/૩ ભાગની મદદથી પ્રશિયન લશ્કરનો પીછો પકડવો. વાત ઘણી જ સાદી અને સરળ હતી, છતાં બેધારી તલવાર પેઠે એક બીજી વાત પણ તેમાં અભિપ્રેત હતી, અને તે એ કે નેપોલિયનના મુખ્ય લશ્કર સાથેનો સંપર્ક ચાલુ જ રાખવો.

કાંઈક આનાકાની સાથે ગ્રાઉચીએ હુકમનો સ્વીકાર કર્યો. અત્યારસુધી તેણે કોઈના વડપણ નીચે ને આજ્ઞા પ્રમાણે કામ કર્યું હતું. સ્વતંત્રરીતે વિચારવા ને કર્તવ્ય કરવા નહિ ટેવાએલા તેના જેવા માટે એક વાતનું આશ્વાસન હતું કે બોનાપાર્ટના મુખ્ય સૈન્યનું સાન્નિધ્ય તેને મળતું રહેશે. ગ્રાઉચીએ હારેલાઓનો પીછો પકડવા કૂચ આદરી ત્યારે વર્ષા શરૂ થઈ ચૂકી હતી. કાદવકીચડ ખૂંદતા તેના સૈનિકો બ્લ્યૂચર જે દિશામાં ગયો હોવાનું માનતા હતા તે તરફ આગળ વધ્યા.

હીમ જેવો ઠંડો ઉતરાદો વરસાદ રાતભર વરસતો રહ્યો. ભીની જમીન અને કાદવમાં ફસાઈ પડતાં ઘેટાં જેમ નેપોલિયનના માણસો બહુ જ ધીમી ગતિએ આગળ જઈ શક્યા. દરેક સૈનિકના બૂટ ઉપર કાદવનો ચીકણો ભાર ચોંટી ગયો હતો અને ચાલવામાં અવરોધ કરતો હતો. વિસામો ખાવાનો સમય થયો ત્યારે પણ વરસાદ ચાલુ જ હતો; સૂવા માટે જગ્યા મળવી મુશ્કેલ હતી; દસદસ અને બારબાર સૈનિકોની ટુકડી, એકમેકની પીઠનો આધાર લઈ, વરસતા વરસાદમાં બેસી રહી. નેપોલિયનને પોતાને પણ આરામ મળ્યો નહિ, બલ્કે ઉત્તેજનાભરી સ્થિતિમાં તેને રહેવું પડ્યું. વધુ ખરાબ તો એ થયું કે હવામાનની વિચિત્રતાએ તેની સંદેશા અને વ્યવહારની હરોળમાં ભંગાણ પાડી દીધું. સંદેશવાહકો ઊલટાસૂલટા સમાચારો લાવતા હતા. અંગ્રેજ સેનાપતિ યુદ્ધનો પડકાર ઝીલી મેદાનમાં ઊતરે છે કે નહિ તે વિષે કાંઈ માહિતી ઉપલબ્ધ થઈ શકી નહિ; ગ્રાઉચી તરફથી બ્લ્યૂચરની સેનાની હીલચાલ વિષે કાંઈ જાણવા મળ્યું નહિ. પ્રકૃતિના બગડેલા મિજાજની પરવા કર્યા વિના, નેપોલિયને રાત્રે એક વાગ્યે, બ્રિટિશ છાવણીની વધુ નજીક પડાવ નાખ્યો; અને હુમલાની યોજના ઘડી કાઢીને વહેલી સવારે તે કેલાઉ ખાતેની પોતાની લશ્કરી છાવણીમાં પાછો ફર્યો, ત્યારે ગ્રાઉચીનો પહેલવહેલો સંદેશો મળ્યો. તેમાં બ્લ્યૂચરની હીલચાલ વિષે કોઈ ઇશારો ન હતો. પોતે તેનો પીછો પકડી રહ્યો છે એટલી જ વિગત હતી. પ્રભાત થયું અને દિવસ વધતો ગયો તેમ હવામાન સુધરતું ગયું અને ભયંકર અજંપો અનુભવી રહેલા નેપોલિયનની એક મોટી ચિંતા દૂર થઈ. મળસ્કે પાંચ વાગતામાં તો આકાશ સ્વચ્છ થઈ ગયું હતું અને તેથી નવ વાગ્યે હુમલો શરૂ કરવાનો આદેશ ચોતરફ મોકલી આપી, થોડી નીંદર ખેંચી કાઢવા તે આડો પડ્યો.

અઢારમી જૂને સવારના નવના ટકોરા પડ્યા ત્યારે હજુ લશ્કરી ટુકડીઓ આક્રમણ માટે બરોબર ગોઠવાઈ ન હતી. ત્રણ દિવસના સતત વરસાદથી જમીન પોચી અને લપસણી થઈ ગઈ હતી; હીલચાલમાં અવરોધ થતો હતો ને બંદૂકગાડી તથા તોપખાનું જમીનમાં ખૂંપી જતાં હતાં. સવારનો તડકો સાવ નરમ હતો અને જાણે ગવાહી આપતો હતો કે ઑસ્ટરલિટ્ઝનો સૂર્ય હવે કદી પૂર્ણ કળાએ પ્રકાશવાનો નથી. ઉત્તરનો ઠંડો હિમાળુ પવન નિરાશામાં વૃદ્ધિ કરતો હતો. છેવટે બધી જ તૈયારીઓ થઈ ચૂકી ત્યારે સેનાપતિ બૉનાપાર્ટ સેનાની ચકાસણી અર્થે પોતાની પ્રખ્યાત સફેદ ઘોડી પર સવાર થઈ નીકળી પડ્યો. બંદૂકની સંગીનો ચમકી ઊઠી; લશ્કરી ડ્રમ અને બ્યૂગલોના અવાજે વિજયની છડી પોકારી; પાયદળ અને અશ્વદળના રંગબેરંગી પોશાકોમાં શોભી રહેલા સૈનિકોએ ગૌરવભરી લશ્કરી ઢબે સલામી આપી; હજારો કંઠમાંથી એકસામટો અવાજ નીકળી પડ્યો: 'ફ્રાન્સનો સમ્રાટ અમર રહો. નિર્ધારિત સમયથી બે કલાક મોડો અગિયારને ટકોરે, તોપમાંથી સેંકડો ગોળા છૂટવાની સાથે જ, સેનાપતિ જનરલ 'ને' અશ્વદળને મોખરે આગળ ધપ્યો. વૉટરલૂની લડાઈનાં મંડાણ થઈ ચૂક્યાં.

ઇતિહાસકારોએ સેંકડો વાર આ લડાઈનું વર્ણન કર્યું છે છતાં તે વાત હમેશાં નિત્યનવીન લાગી છે. વૉલ્ટર સ્કૉટની કાવ્યમય શૈલી હોય, સ્ટેન્ધાલનું ગદ્ય હોય કે વિક્ટર હ્યુગોનું ગદ્યપદ્ય હોય—એનું વર્ણન ફરીફરીને વાંચવું ગમે છે. આખા યુદ્ધનો પ્રસંગ ઉત્તેજનાભરી નાટ્યકલાનો નમૂનો છે; આશા-નિરાશાના ઝોક વચ્ચે થઈ, વાચક જ્યારે



સાં જ્યાં ટેકરી પર વેલિંગ્ટનના સૈન્ય સામે માર્શલ 'ને'ની ઘોડેસવાર ટુકડીનો મુકાબલો

નેપોલિયનના જીવનની કરુણતામાં પ્રવેશે છે, અને એક જ દિવસની કારવાઈ ધૂમકેતુ જેવી તેની પ્રચંડ કારકિર્દીને ધૂળમાં રગદોળી નાખે છે ત્યારે સહાનુભૂતિમાં એકએ અશ્રુનો અર્ઘ્ય આપે છે. આ એક જ બનાવે દસકાઓ સુધી યુરોપનો ભાગ્યપલટો કરી નાખ્યો.

અગિયારથી એક વાગ્યા સુધીમાં ફ્રેન્ચ લશ્કરે તોપમારાની રમઝટ બોલાવી ખૂનખાર જંગ ખેલ્યો; એક પછી એક ગામડાં સર કર્યાં; ટેકરીઓની ઊંચાઈ માટેનો જંગ હોવાથી, ખુવારીનો કોઈ અંદાજ રહ્યો નહિ; જોતજોતાંમાં દસ હજાર માનવલાશો રઝળતી થઈ, છતાં બન્નેમાંથી કોઈ પક્ષે કાંઈ મેળવ્યું નહિ! બન્ને પક્ષો સમજી ગયા કે જેની તરફ વહેલી કુમક આવશે તે ફાવી જશે. વેલિંગ્ટન બ્લૂચરની અપેક્ષા સેવી રહ્યો. નેપોલિયન ગ્રાઉચીની રાહ જોઈ રહ્યો. વારંવાર આંખે દૂરબીન ચડાવી તે ક્ષિતિજ તરફ તાકતો રહ્યો ને એક પછી એક સંદેશાવાહકને મોકલતો રહ્યો. જો માર્શલ ગ્રાઉચી આવી જાય...


આ તરફ ગ્રાઉચીને ભાગ્યે ખયાલ હતો કે સમ્રાટ નેપૉલિયનનું ભાવિ તેના જેવા સામાન્ય યુદ્ધનાયકના હાથમાં ગીરો મૂકાઈ ગયું છે. સત્તરમી જૂનની સાંજથી તે બ્લૂચર પાછળ પડ્યો હતો અને સવાર પડ્યું તો યે પ્રશિયન લશ્કરનું નામનિશાન નજરે ચડ્યું નહિ. પરંતુ અઢારમી તારીખે સવારના દસ પછી માર્શલ નાસ્તો કરવા બેઠા, અને કોળિયો મોંમાં મૂકવા જાય છે ત્યાં તેમના પગ નીચેની ધરતી ધ્રૂજી ઊઠી. પોતાના તમામ સ્ટાફ સાથે તે એકદમ સાબદા થઈ ગયા. તોપગોળાના અવાજની ધણેણાટી ચાલુ જ રહી. કઈ દિશામાંથી અવાજ આવે છે તે પકડવા જમીન પર લાંબા પડી એકકાન થઈ ગયા. વાસ્તવમાં તો વૉટરલૂના યુદ્ધની ગર્જના તેમને કાને પડતી હતી. અવાજ બહુ દૂર ન હતો : લશ્કરી કૂચની દૃષ્ટિએ ત્રણ કલાકના ગાળેથી તે સંભળાતો હતો. માર્શલ ગ્રાઉચીએ લશ્કરી અફસરોની મીટિંગ યોજી. તેની નીચેના પ્રથમ કમાન્ડર જિરાર્ડે બોલી ઊઠ્યા : 'તોપગોળાની દિશા તરફ આપણે કૂચ લઈ જવી જોઇએ.' બીજા અફસરે પણ એવો જ અભિપ્રાય આપ્યો; કારણ કે તેમને ખાતરી થઈ ચૂકી હતી કે નેપોલિયને આક્રમણ શરૂ કર્યું છે અને એક ભારે જંગનો આરંભ થઈ ચૂક્યો છે.

ગ્રાઉચીએ ભારે મથામણ અનુભવી. અત્યાર સુધીની તેની કારકિર્દીમાં તે હુકમનું પાલન કરવા ટેવાએલો હતો, એટલે નેપોલિયને જે લેખિત આદેશ આપેલો કે પ્રશિયનોનો પીછો પકડવો, તેને ચુસ્તપણે વળગી રહ્યો હતો. બૉનાપાર્ટના આદેશથી વિરુદ્ધ કેમ જવાય? પરંતુ જિરાર્ડ રહી ન શક્યો. તે બોલી ઊઠ્યો : 'અવાજની દિશામાં કૂચ કરો!' વિનંતી કરતાં આદેશનો ધ્વનિ તેના શબ્દોમાંથી નીકળતો હતો. તે સાંભળી ગ્રાઉચીને પણ ક્ષોભ થયો. વીસ-પચીસ અફસરોની વચ્ચે પોતાની નીચેનો દળનાયક આવી હિંમત કરે? તેણે મક્કમતાથી જાહેર કરી દીધું કે જ્યાં સુધી નેપોલિયનનો બીજો હુકમ ન મળે ત્યાં સુધી પ્રથમને જ વળગી રહેવાનું છે. દૂરદૂરથી સંભળાતી તોપગર્જના વચ્ચે, વીલે મોઢે અને નીરવ શાંતિમાં માર્શલનો હુકમ સૌ સાંભળી રહ્યા. જિરાર્ડ એક છેલ્લો પ્રયત્ન કરી જોયો. તેણે ગ્રાઉચીને આજીજી કરી કે પોતાની એક ડિવિઝન અને નાનકડા ઘોડેસ્વાર દળ સાથે યુદ્ધમોરચે જવાની પરવાનગી તેને એકને અપાય! મોરચે જવાનો તેનો સત્યાગ્રહ જોઈ ગ્રાઉચી એક પળ માટે વિચારમાં પડી ગયો.

વૉલ્હેર્ઇન ખાતેના એ ખેત ઘરના મુકામમાં એક પળ માટે ગ્રાઉચી વિચાર કરવા થોભ્યો. આ એક જ પળે તેનું પોતાનું ભાવિ તો ઘડ્યું પણ સાથેસાથે નેપોલિયન અને સારી દુનિયાનું કિસ્મત પણ ઘડી કાઢ્યું. આ ભલા ને પ્રામાણિક માર્શલના હાથમાં નેપોલિયને આપેલો લેખિત આદેશ પડ્યો હતો! જો ગ્રાઉચીએ જાતમાં શ્રદ્ધા મૂકી હોત અને બદલાએલા સંજોગોમાં લેખિત આદેશથી સ્વતંત્રપણે વર્તવાનું મનોબળ દર્શાવ્યું હોત તો તે ફ્રાન્સનું પતન અટકાવી શક્યો હોત. પણ તેણે લેખિત શબ્દને જ મહત્ત્વ આપ્યું. જિરાર્ડની વિનંતી તેણે નકારી કાઢી. એક તો પોતાનું લશ્કર નાનું હતું જ; તેમાંથી એક ભાગ જુદો કરી તેને વધુ નિર્બળ બનાવવું યોગ્ય લાગ્યું નહિ. તેની ફરજ સ્પષ્ટ હતી : પ્રશિયનોનો પીછો પકડવો; અને તેથી જ, સમ્રાટના હુકમનો અનાદર કરે તેવું કોઈ સૂચન તેણે ગણકાર્યું નહિ. જિરાર્ડ કડવો ઘૂંટડો પી ગયો. ગ્રાઉચીના શબ્દો ભયંકર શિસ્ત ને શાંતિથી તેના અફસરો સાંભળી રહ્યા. ગ્રાઉચીને પોતાને પણ લાગ્યું કે કોઈ અભેદ્ય શૂન્યતાએ તેને ઘેરી લીધો છે. એ પછી કોઈ એક હરફ પણ બોલ્યું નહિ.

ગ્રાઉચી, જિરાર્ડ ને તેની ટુકડી આગળ ને આગળ ધપી રહ્યાં. પ્રશિયનોનો ભેટો ક્યાંય થયો નહિ. સંભવ છે કે બ્રસેલ્સનો રસ્તો આડે રહી ગયો હોય. દરમ્યાન સમાચાર મળ્યા કે બ્લૂચરે પીછેહઠ કરતા લશ્કરની હીલચાલને, યુદ્ધમેદાનમાં લડતા બ્રિટિશ લશ્કરને એકબાજુથી રક્ષણ આપતા પાંખિયા-વ્યૂહમાં ફેરવી નાખી હતી. આ વાત જો સત્ય હોય તો નેપોલિયનની મદદે જવાનો હજુ પણ સમય હતો. પળેપળે વધતી જતી અધીરાઈ સાથે ગ્રાઉચી પાછા ફરવા માટે બોનાપાર્ટના આદેશની રાહ જોઈ રહ્યો. પણ કોઈ સંદેશો ન આવ્યો. તેને બદલે ધરતીને ધ્રુજાવી દેતા તોપગોળાના અવાજો કાને અથડાયા. એ હતી વૉટરલૂના રણમેદાનની, ભાવિનો અણસાર આપતી રણગર્જના!

યુદ્ધના રણમેદાનમાં બપોરના એક સુધીમાં, ચાર ચાર હુમલાઓને વેલિંગ્ટને મારી હટાવ્યા. નેપોલિયનને લાગ્યું કે દુશ્મન કાંઈકઢીલો



વૉટરલૂની યુદ્ધભૂમિનો નકશો

પડચો છે અને તેથી એક જબ્બર હુમલો કરવાની તૈયારી કરી. એણે મથક આગળ બૅટરીઓનો મારો તીક્ષ્ણ બનાવ્યો અને ધુમાડાથી આકાશ છવાઈ જાય તે પહેલાં દુરબીનમાંથી ક્ષિતિજ તરફ દૃષ્ટિ ફેંકી. ઉત્તરમાં દૂરદૂર, વૃક્ષોના વનની બાજુમાં, શ્યામરંગી હીલચાલ શાની છે? સૈનિકોની ટુકડી? બોનાપાર્ટે નીચેના અફસરોને પણ દૂરબીનથી જોવા જણાવ્યું. પોતાની બુદ્ધિનો સદુપયોગ કરીને માર્શલ ગ્રાઉચી મદદમાં તો નથી આવી પહોંચ્યો ને? થોડી જ વારમાં નેપોલિયનના સૈનિકો એક કેદ પકડાએલા પ્રશિયન અફસરને ત્યાં લઈ આવ્યા. જનરલ બ્લૂચરની અગ્રિમ ટુકડીનો તે રક્ષક હતો. નેપોલિયન સમજી ગયો કે જર્મન સેનાપતિની હવેની હીલચાલ શી હશે તેને એ ખયાલ પણ આવી ગયો કે પ્રશિયન લશ્કર અંગ્રેજો સાથે જોડાણ સાધવામાં સફળ થયું છે. તેણે તત્કાલ ગ્રાઉચીને બીજો આદેશ મોકલ્યો કે કોઈ પણ હિસાબે યુદ્ધક્ષેત્ર તરફ જતાં પ્રશિયનોને રોકી રાખવા. વાસ્તવમાં નેપોલિયનના લશ્કરનો ત્રીજો ભાગ તો જાણે શૂન્ય અવકાશમાં જ ભમી રહ્યો હતો! ગ્રાઉચીને થાપ મારી, બ્લૂચર છટકી ગયો હતો.

એક વધુ હુમલો યોજવાની જવાબદારી જનરલ ને ઉપર આવી પડી. પ્રશિયનો આવી પહોંચે તે પહેલાં વેલિંગ્ટનનો ફેંસલો કરી નાખવો જોઈએ. દર પળે જોખમ વધી રહ્યું હતું. જેમજેમ ક્ષણો વીતતી ગઈ તેમ તેમ યુદ્ધની ભયંકરતા પણ વધતી ગઈ અને બન્ને પક્ષો વધુ ને વધુ સૈનિકો યુદ્ધના અગ્નિકુંડમાં હોમતા રહ્યા. એકનાં એક ગામો બન્ને પક્ષે વારાફરતી જીત્યાં ને ગુમાવ્યાં. યુદ્ધનું પલ્લું બન્ને તરફ વારાફરતી નમતું રહ્યું. નેપોલિયને જ્યારે જોયું કે સામો પક્ષ પ્રશિયન સૈનિકોને લડાઈમાં ઉતારી રહ્યો છે ત્યારે તે ધ્રુસકી ઊઠયો: 'ગ્રાઉચી ક્યાં છે? તે ક્યાં હોવો જોઈએ?' પણ આ પ્રશ્નનો ઉત્તર કોણ આપે?

તેણે એકાએક પોતાનું સમગ્ર બળ હોડમાં મૂકવાનો નિશ્ચય કરી લીધો: ફ્રેન્ચ લશ્કરના સમસ્ત અશ્વદળને રણમેદાનમાં ઉતારવાનો. અને તેનું નેતૃત્વ લેવા જનરલ 'ને'ને આદેશ અપાયો. જોતજોતાંમાં દસ હજારનું હયદળ ધસમસતા પર્વતની જેમ, લાલ ગણવેશધારી બ્રિટિશ હરોળ તરફ તીરની ગતિથી છૂટયું. અચાનક ઘોડાપુરની જેમ ધસી આવેલા અશ્વસૈન્ય સામે બ્રિટિશ પાયદળ અને તેમના તોપચીઓ વેરવિખેર થઈ ગયાં. આગલી હરોળમાં ખુવારી ઘણી થઈ; છતાં એકંદરે આ પાગલ હુમલા સામે બ્રિટિશ લશ્કરે ટક્કર ઝીલી પરંતુ લશ્કરનું ખમીર હણાઈ ગયું, અને સરસાઈ ધરાવતી ટેકરીનો કબજો અત્યાર સુધી ધરાવી રાખનાર પોલાદી પકડ ઢીલી થઈ ગઈ. ફ્રેન્ચ અશ્વદળના રહ્યાસહ્યા અવશેષોને પાછા ખેંચી લેવામાં આવ્યા અને આ આક્રમણની ઝનૂની ભયંકરતા ટકાવી રાખવા નેપોલિયનનાં છેલ્લાં અનામત દળો 'ઑલ્ડ ગાર્ડ્સ'ને યુદ્ધનો દોરીસંચાર અપાયો. ધીરજથી અને સંભાળપૂર્વક ટેકરીનો કબજો લેવા તેઓ આગળ વધ્યા. જેના હાથમાં ટેકરી આવે તે યુરોપનો ભાગ્યવિધાતા બનવાનો હતો.

બપોર પછી, વૉટરલૂના રણમેદાનમાં સતત એકસામટી ગરજતી ચારસો તોપ અગનગોળા ઓકી રહી. સમુદ્રનાં મોજાં પેઠે એક પછી એક ધસી આવતી અશ્વદળની ટુકડીને બ્રિટિશ ગોલંદાજો સ્વાહા કરી જતા હતા. મેઘગર્જના જેવી સુદીર્ઘ ઘરેરાટી હવામાં ઓતપ્રોત બની જતી હતી. પ્રલયના આ તાંડવ વચ્ચે, સામસામી ટેકરીઓ ઉપરના, બન્ને પક્ષના સર સેનાપતિઓની આંખો ક્ષિતિજ પર મંડાએલી હતી અને તેમના સરવા કાન, દૂરનો કોઈ અવાજ ઝીલવા આતુર હતા. બન્નેના હાથમાં ઘડિયાળ હતી. હથેલીમાં પકડેલા કોઈ નાજુક પંખીના હૃદય-ધબકાર જેવો તેનો મૃદુ ટિકટિક અવાજ ચોતરફના તાંડવ અને ઝંઝાવાત વચ્ચે, વિરોધાભાસ શો તેમના કાને અથડાતો હતો. નેપોલિયન અને વેલિંગ્ટનની આંખો કલાક, મિનિટ અને સેકન્ડ કાંટા તરફ આતુરતાપૂર્વક ફરતી હતી અને પસાર થતી દરેક ક્ષણે, તેઓ આવી પહોંચનારી કુમકની પ્રતીક્ષા કરી રહ્યા હતા. એક જણને બ્લૂચરની આશા હતી, બીજાને ગ્રાઉચીની. બન્નેનું ભાવિ ત્રાજવામાં સમતોલ તોળાઈ રહ્યું હતું: કુમક જેને વહેલી પહોંચે તે ફાવી જાય તેમ હતું.

બન્ને જણ આંખે દૂરબીન ચડાવી ક્ષિતિજમાં દેખાતું કાળુ ધાબું જોઈ રહ્યા હતા, જે પ્રશિયન લશ્કરની અગ્રિમ ટુકડી હોવાનું જણાતું હતું. એમ જ હશે? કે પછી, ગ્રાઉચી પાછળ પડયો હોવાથી, નાસી છૂટેલી ટુકડી આ બાજુ આવી ચડી હશે? અંગ્રેજ લશ્કર તેનો છેલ્લો મૃત્યુ પહેલાંનો પ્રતિકાર કરી રહ્યું હતું. ફ્રેન્ચ સૈન્ય થાકીને લોથ થઈ ગયું હતું. કુસ્તીના આખરી દાવપેચમાં, એકમેકના હાથમાં ફસાઇ રહેલા બે અણનમ આખલા જેવા મલ્લની જેમ, અંગ્રેજો અને ફ્રેન્ચો મોતની ગાંઠમાં બંધાઈ, જાણે શ્વાસ લેવા તરફડિયાં મારી રહ્યા હતા. કટોકટીના આ ટાણે જ, પ્રશિયન લશ્કરની બાજુથી તોપની ગર્જના સંભળાઈ.

નેપોલિયનને થયું કે ગ્રાઉચી આવી પહોંચ્યો છે ને નવી કુમક હવે હાથવેંતમાં જ છે. એ તરફનો ભય હવે દૂર થયો જાણી એણે પોતાની રહીસહી સમગ્ર તાકાત રણક્ષેત્રમાં ઠાલવી દીધી ને બ્રસેલ્સની દિશામાં વર્તુળાકારે ગોઠવાએલા બ્રિટિશ વ્યૂહમાં ફાચર મારવા યત્ન કર્યો. પરંતુ થોડીવારમાં ગ્રાઉચી આવી રહ્યાનો ભ્રમ જ ભાંગી ગયો. આવનાર ગ્રાઉચી નહિ પણ બ્લૂચર હતો, અને સાથે પ્રશિયન લશ્કર દારૂગોળાની જબરી કુમક સાથે એક વણથંભી વણઝારરૂપે આવી રહ્યું હતું.

વીજળીવેગે આ સમાચાર સાથે ગભરાટનું મોજું ફ્રેન્ચ સેનામાં ફરી વળ્યું. વેલિંગ્ટને આ તક ઝડપી લીધી. જે ટેકરીનું રક્ષણ તેની સેનાએ આટલી બહાદુરીપૂર્વક, અનેક બલિદાનો આપીને કર્યું હતું તેની ટોચે તે પહોંચી ગયો અને હાથમાં પોતાની હૅટ ફરકાવી રહ્યો. સૈનિકો તેની આ વિજયસૂચક સંજ્ઞાનું રહસ્ય પામી ગયા ને બમણા જોરથી ફ્રેન્ચો પર તૂટી પડયા. પેલી બાજુ પ્રશિયનોએ, આવતાંવેંત મારો શરૂ કર્યો. તદ્દન હતોત્સાહ બનેલું ફ્રેન્ચ સૈન્ય ચડિયાતાં દળોને હાથે માર ખાઈ, પાછું હઠયું; એ પીછેહઠ એટલી અસ્તવ્યસ્ત બની કે તેના આંધળુકિયા પ્રવાહમાં નેપોલિયનને પણ સાથે ઘસડતી ગઈ!



યુદ્ધની આગલી રાત નેપોલિયને જે મનામથનમાં ગાળી હશે તેનો તાદૃશ ચિતાર આપતી એની પૂરા કદની મીણની આ પ્રતિમા વાટરલૂના યુદ્ધને સ્મરણાંકિત કરતા ત્યાંના એક ખાસ સંગ્રાહલયમાં રખાએલી છે.

રાત્રિ થઈ ચૂકી હતી એટલે તેના અંધકારનો લાભ નેપોલિયનને ભાગી છૂટવા માટે મળ્યો. એ જ મધ્યરાત્રે, એક નાનકડા ફ્રેન્ચ ગામડાની વીશીના બાંકડા ઉપર એક બાઘા જેવા, દિગ્મૂઢ. ભગ્નહૃદયી પુરુષે પોતાની જાતને કોથળાની જેમ પડતી મૂકી ત્યારે તે સમ્રાટ નેપોલિયન રહ્યો ન હતો. વિધાતાએ તેના ઉપર, તેના સામ્રાજ્ય ઉપર, અને તેના વંશવારસો ઉપર ન ઊઘડે તેવો પડદો પાડી દીધો હતો. વીસવીસ વર્ષો પર્યન્ત યુદ્ધ ખેલી રહેલા એક અણનમ, બાહોશ અને હિંમતબાજ સેનાપતિનું મહાન સ્વપ્ન, એક નિર્બળ મનના અફસરે આંખના પલકારામાં છિન્નભિન્ન કરીને રોળી નાખ્યું હતું.

ફ્રાન્સની હાર ને બ્રિટિશ વિજયના સમાચાર સાંભળીને એક આદમી, (જેનું નામ આજે સુવિખ્યાત છે પણ ૧૮૧૫માં ભાગ્યે જ જાણીતું હતું) મારતી ગાડીએ બેલ્જિયમની સરહદ તરફ હંકારી ગયો, અને ત્યાંથી એક રાહ જોઈ રહેલા વહાણમાં બેસી અંગ્રેજભૂમિ ઉપર પહોંચી ગયો. લંડનમાં હજુ વૉટરલૂના યુદ્ધના પરિણામની કોઇને ખબર ન હતી. એ ખબર પડે તે પહેલાં, તેણે બજારમાં જે મંદી ફરી વળી હતી તેમાં ધૂમ ખરીદી કરી લીધી અને વિજય પછીની તેજીની વેચવાલીમાં અઢળક નાણું કમાઈ લીધું; અથવા કહો કે તેણે વાણિજ્યક્ષેત્રે 'રૉથશાઈલ્ડ' સામ્રાજ્યની સ્થાપના રાતોરાત કરી લીધી. બીજે જ દિવસે મહાન વિજયના સમાચાર ઇંગ્લંડમાં ફરી વળ્યા નેપોલિયન સાથે દગો રમવા, પારી(સ)માં રાહ જોઈ બેઠેલ ફાઉચેને પણ તેની હારના વાવડ મળ્યા. બ્રસેલ્સનાં દેવળોમાં ઘંટારવ થયા અને આખા યુરોપના માથેથી જાણે મોટી ઘાત ગઈ.

એક બીજો આદમી, જેને આ લડાઈના પરિણામ વિષે હજી કાંઈ જ ખબર મળ્યા ન હતા, તે યુદ્ધક્ષેત્રથી થોડા કલાકના જ રસ્તે, પ્રશિયનોની પૂંઠ આથડતો હતો. એ કમનસીબ ગ્રાઉચીને શત્રુસૈન્યનો ક્યાંય ભેટો થયો નહિ, અને અજંપો તેને સતાવી રહ્યો. ગઈ કાલે આખો દિવસ, જાણે દાદ માગતા હોય તેવા તોપગોળાના અવાજ તેણે સાંભળ્યા કર્યા હતા. ધરતી ધ્રૂજી રહી હતી અને પ્રત્યેક ધડાકાથી તેના હૃદયમાં જાણે શૂળ ભોંકાતું હોય તેટલી વેદના તેણે અનુભવી હતી. આ કોઈ સામાન્ય અથડામણ નહિ, પણ બે વિરાટો વચ્ચેનું તુમુલ યુદ્ધ હોવું જોઇએ એમ તેને લાગ્યું હતું. પોતાના અફસરો વચ્ચે ભારે અસ્વસ્થતાથી તે ફરી રહ્યો હતો. તેમણે તેની સાથે ચર્ચા કરવી બંધ કરી હતી કેમ કે તેમનાં બધાં જ સૂચનો ગ્રાઉચીએ નકાર્યાં હતાં.

છેવટે તેઓ એક એવા ગામડે પહોંચ્યા જ્યાં એક પ્રશિયન લશ્કરની ટુકડીએ પડાવ નાખ્યો હતો પાછળ લડવા માટે, આ નાનકડું દળ રાખવામાં આવ્યું હતું. તેને જોતાવેંત, ફ્રેન્ચ સૈનિકોએ ગોળીબાર શરૂ કરી દીધો, અને જાણે ઇરાદાપૂર્વક મોતને ભેટવા જતો હોય તેમ ભગ્નહૃદયી જિરાર્ડ સૌથી મોખરે ચાલ્યો. દુશ્મનની પહેલી જ ગોળીએ તેને ઢાળી દીધો. મોડી સાંજે તે ગામમાં ફ્રેન્ચોએ પ્રવેશ કર્યો ત્યારે ગ્રાઉચીને લાગ્યું કે આ છમકલાની કાંઈ જ કિંમત નહોતી, કેમ કે પાછળના યુદ્ધક્ષેત્રમાંથી આવતા અવાજો બંધ થઇને હવે એક ભયંકર શાંતિએ તેનું સ્થાન લીધું હતું—જાણે યુદ્ધક્ષેત્ર ઉપર મૃત્યુની શાંતિ ફરી વળી હતી. આખી રાત તેમણે નેપોલિયનનો સંદેશો આવવાની રાહ જોઈ પણ વ્યર્થ. સમ્રાટ કદાચ તેમને બધાને ભૂલી ગયા હશે? વહેલી સવારે તેઓ આગેકૂચ કરવાની તૈયારીમાં હતા ત્યાં જ નેપોલિયનનો એક સંદેશવાહક ઘોડેસવાર લથડિયાં ખાતો આવી પહોંચ્યો. સૌએ તેને ઘોડા ઉપરથી નીચે ઊતરવામાં મદદ કરી. અસંખ્ય સવાલો તેને ઉદ્દેશીને પૂછવામાં આવ્યા. તેના વિકૃત અને વિચિત્ર ચહેરા ઉપર થાક, ભય અને નિરાશાનાં ચિહ્નો દૃષ્ટિગોચર થતાં હતાં બોલવાનો પ્રયત્ન તે કરતો હતો છતાં ભાંગ્યાતૂટ્યા શબ્દો માંડ તેના મુખમાંથી નીકળતા હતા. સાંભળનારાઓને લાગ્યું કે કોઈ પાગલ સૈનિક આવી ચડ્યો લાગે છે. કેવી વિચિત્ર વાતો કરે છે?—સમ્રાટનું કોઈ નામનિશાન નથી! ફ્રાન્સની ભવ્ય સેના નેસ્તનાબૂદ થઈ ગઈ છે! ફ્રાન્સ હારી ગયું છે! ધીમેધીમે તેના શબ્દોનો અર્થ સૌને ગળે ઊતર્યો. ગઈ કાલના પરાજયનો ખયાલ હવે સૌને આવ્યો. ગ્રાઉચી તો નિસ્તેજ ને નિઃશબ્દ, તલવારની મૂઠ ઉપર હાથ રાખી, એ સમાચાર સાંભળી જ રહ્યો.

અને તેનામાં રહેલો સાચો સેનાપતિ હવે સળવળી ઊઠ્યો. તેણે એકદમ વિચાર કરી લીધો. પરાજયની બધી જ જવાબદારી તેણે ઓઢી લીધી. કટોકટીની પળમાં નિર્ણય લેવા અશક્ત આ માનવીમાં આત્મશ્રદ્ધા જાગી. તમામ અફસરોને ભેગા કર્યા, અને આંખમાંથી દડદડતાં આંસુ સાથે, પોતાની નિષ્ફળતાનો અને યોગ્ય પળે સાચો નિર્ણય નહિ લઈ શકવાનો એકરાર કર્યો તેઓ બધા તો એ જાણતા જ હતા, અને અત્યારે ગ્રાઉચીને બે આકરાં વેણ કહેવાનો અવસર પણ હતો, છતાં પશ્ચાત્તાપ ને આંતરવેદનાની રેખાઓ તેના ચહેરા ઉપર એવી કરુણ રીતે અંકાઈ રહી હતી કે રોષનો એક હરફ સુધ્ધાં કોઈ બોલ્યું નહિ; તેને ધિક્કારવાની કોઇને ઇચ્છા પણ થઈ નહિ. સૌ કિંકર્તવ્યમૂઢ બની ગયા હતા. નેપોલિયનની હાર એક અકલ્પિત વસ્તુ હતી.

આવી ગંભીર પળે સેનાપતિ ગ્રાઉચીનો પુનર્જન્મ થયો. આપેલા આદેશનો અમલ કરવા ટેવાએલી તેની બુદ્ધિએ હવે સ્વતંત્ર માર્ગ શોધ્યો: એકદમ પાછા ફરવાનો. જોકે તેનાથી પાંચગણું વિશાળ મિત્રરાજ્યોનું સૈન્ય તેને ઘેરીને બેઠું હતું. પણ ખબરદારી, ચોકસાઈ અને દૂરંદેશીપણાના તેના સદ્‌ગુણો તેની મદદે આવ્યા. તેણે એવી તો કુનેહભરી વ્યૂહરચના ગોઠવી કે એક પણ સૈનિકનો ભોગ આપ્યા વિના અને બંદૂકની એક ગોળી છોડ્યા વિના, પોતાના નાનકડા લશ્કરને, બ્રિટિશ ઘેરામાં ફાચર મારીને, તે વૉટરલૂના રણમેદાન તરફ લઈ આવ્યો.

પણ રે દેવ! હવે કોણ નેપોલિયન, ને કોણ સમ્રાટ? ક્યાં હતી ફ્રાન્સની ભવ્ય સેના? અને સામે લડવા દુશ્મન પણ ક્યાં હતા? ગ્રાઉચી અલબત્ત આવ્યો—પણ ઘણો મોડો આવ્યો! રણમેદાનના કબ્રસ્તાનની ભૂતાવળ સિવાય તેને ભેટનાર કોઈ ત્યાં ન હતું!

પાછળથી, માર્શલ તરીકેનો લશ્કરી દંડ તેને પાછો એનાયત કરવામાં આવ્યો હતો તેમજ ફ્રેન્ચ ઉમરાવોમાં ગ્રાઉચીનું સ્થાન (અનુ.પૃ.૨૭૦)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક-૬૪
લેખક-આલેખક
રવિશંકર મ. રાવળ

*

૩૦૯ આસપાસના સંસારમાં

મારા માટે ભાવનગરમાં પ્રસંગો અને પ્રવૃત્તિઓની ખોટ ન હતી. સગાંસંબંધીઓ અને મિત્રમંડળમાં હું ગણતરીપાત્ર યુવાન ઠર્યો હતો. કોઈ લગ્ન કે મરણના અવસરોમાં હાજરી આપવા મને મોકલવામાં આવતો. તેમાં એક સુંદર સંજોગે મને સૌરાષ્ટ્રની વિશિષ્ટતાઓ અને લોકહૃદય સમજવાની તક આપી. અમારા સંબંધીઓમાંથી બહુ થોડાએ સારું શિક્ષણ લીધેલું, પણ છગનલાલ ઉપાધ્યાયે ઈન્ટર આર્ટ્સ સુધીની કૉલેજની કેળવણી લઈ, અભ્યાસ મૂકી કુટુંબનો ભાર સંભાળવા રાજ્યમાં થાણાદારની નોકરી સ્વીકારેલી. એ જ્યારે મળવા આવે ત્યારે મારી સાથે કલા સાહિત્યની ચર્ચા કરતાં કલાકો વિતાવે. એમની નોકરીમાં એમની રસિકતા પ્રકટ કરવાના પ્રસંગો જ ન હતા. એમણે મને નવરો પડેલો જોઈ પોતાના ડિસ્ટ્રિક્ટમાં ફરવા આવવા નિમંત્રણ આપ્યું. એમનું થાણું નિંગાળામાં હતું. એમની સાથે તેની આસપાસનાં થોડાં ગામડાં ફર્યો, ગ્રામજનોના સ્કેચ કર્યા. એ વખતે થાણાદાર ઓસરીમાં હીંચકે બેઠા વહીવટ ચલાવતા. હવાલદારો, કારકુનો, તલાટીઓ, બાજુની ગાદીઓ પર બેસી નોંધો કરતા કે ફરિયાદો વાંચતા. ગામડાના મુખી પટેલિયાઓ કે વસતિના માણસો ઓસરીને છેડે ધાર પર બેસી અરજ કે ફરિયાદ રજૂ કરતા. હીંચકા ખાતા થાણાદાર સાહેબ હુકમો છોડતા કે જવાબો લખાવતા. પ્રખ્યાત જાદુગર મહમદ છેલ નિંગાળા ગામના હતા. તેના સગા ભાઈને અને તેનાં ડોશીમાને મને દેખાડવા ખાતર થાણાદાર સાહેબે તેડાવ્યાં ત્યારે તેમની ભૂખડી દશા જોઈ છેલ સાહેબના ખેલ ઉપર પ્રજા કેવાં બિરદો વરસાવતી હતી તેનું આશ્ચર્ય પણ થયું.

એ જ અરસામાં કવિ ન્હાનાલાલનું ઈન્દુકુમાર (ભાગ ૧લો) તાજું જ બહાર પડેલું, તે મેં એક મિત્ર પાસેથી માગી આણેલું. તે વાંચતાં અમે ઉલ્લાસમાં આવી જતા, અને સવારમાં અમારું ગાડું કોઈ ગામડે જતું હોય ત્યારે 'ઊગે છે પ્રભાત આજ ધીમેધીમે' લલકારીને ગાતા ત્યારે જાણે અમારી આસપાસની કુદરત હસતી સાંભળતી હોય એમ જ લાગતું. એ જ પ્રવાસમાં એમણે લાઠી અને અમરેલી જવાનાં કંઈક નિમિત્ત કાઢયાં અને અમે કલાપીનાં સંસ્મરણો અનુભવ્યાં. અમરેલીમાં બાલસાહિત્યકાર મારા મિત્ર કૃષ્ણપ્રસાદ ભટ્ટ સાથે કિન્ડરગાર્ટન શાળા અને કન્યાશાળા જોઈ, તેમાં કાઠિયાવાડના એ કેંદ્રમાં નવી તેજસ્વિતા જણાઈ. એ વખતે ત્યાંના પુસ્તકાલયનું સંચાલન પ્રતાપરાય ગિરધરલાલ મહેતા કરી રહ્યા હતા. ગાયકવાડ સરકારે પુસ્તકાલયપ્રવૃત્તિને કેવો વેગ આપ્યો હતો તેનું એક આદર્શ ચિત્ર મેં ત્યાં જોયું. આજે પદ્મશ્રી રાજરત્ન પ્રતાપરાય મોટા ઉદ્યોગપતિ બન્યા છે અને પોતાના વતનને એક નમૂનેદાર બાલસંગ્રહાલય તથા સાયન્સ કૉલેજ આપી છે, તેમજ ગાંધીજીને 'હંસ'ના તારાજૂથમાં સ્થાન આપવા સમર્થ પ્રયત્નો કરે છે. એ ઉપરાંત બીજી પણ કેટલીક કલ્યાણપ્રવૃત્તિઓના તેઓ અગ્રનાયક બન્યા છે.

૩૧૦ પહેલી વાર ગાંધીજી

આફ્રિકામાં હિન્દુ લગ્નધારા સંબંધેની ગાંધીજીની લડત સફળ થયા પછી તેઓ, યુરોપના યુદ્ધમાં બ્રિટિશ પક્ષની પ્રજા તરીકે સહાય કરવી જોઇએ તે માટે ઇંગ્લૅંડ જઈ સૈનિકોની સારવાર માટે 'ફર્સ્ટ એઈડ' શીખી લાવેલા. પણ તરત એમને પ્લૂરસી થઈ એટલે ૧૯૧૫ની ૯મી જાન્યુઆરીએ તે ભારતમાં આવ્યા. એમના વિષેના સમાચારો અવારનવાર છાપાંમાં આવતા હતા, પણ કોઈ પ્રબળ વ્યક્તિ તરીકે એમનો




આફ્રિકામાં હિન્દુ લગ્નધારા સંબંધેની સફળ લડતથી ખ્યાત થએલા ગાંધીજી ઈ. ૧૯૧૫માં હિન્દને કિનારે ઊતર્યા ત્યારે કાઠિયાવાડી પોશાકમાં

ઉલ્લેખ થતો જાણ્યો ન હતો; કારણ કે એમનું કાર્યક્ષેત્ર દક્ષિણ આફ્રિકાની લડત પૂરતું મર્યાદિત હતું. પરદેશી મુલકમાં પરદેશી સરકાર સામે ભારતની પ્રજાસમસ્તના નામે તેઓ લડી રહ્યા હતા, એ વાતનો કૉંગ્રેસે આદર કરી આફ્રિકાની સરકાર સામે વિરોધના ઠરાવો માત્ર કર્યા હતા. ભારતમાં આવીને એમણે પ્રચાર શરૂ કર્યો કે ભારત બ્રિટિશ હકૂમતમાં છે અને અત્યારે તેના પર યુરોપી યુદ્ધની ભીંસ આવી છે માટે ભારતે મદદમાં રહેવું જોઇએ. તેઓ હિંદના કિનારે ઊતર્યા ત્યારે જ સમસ્ત જનતાએ તેમને પહેલી વાર કાઠિયાવાડી ફેંટો, અંગરખું, ખેસ અને સાદા જોડામાં જોયા. તે રેલવેના થર્ડ ક્લાસમાં જ મુસાફરી કરતા અને ગાયભેંસનું દૂધ તેમજ તેમાંથી બનતી ચીજો પણ પ્રાણીજન્ય પદાર્થ ગણીને લેતા ન હતા. આ બધી વાતો છાપાંમાં ખૂબ ચર્ચાતી તે તરફ મારું સામાન્ય કુતૂહલ જ રહેતું. ગાંધીજીએ તો અહીં આવીને મૂગા મૂગા ભારતના પ્રાન્તો, તીર્થો અને સંસ્થાનોની મુલાકાતો લઈ દેશનું સાચું દર્શન કરવા માંડયું. ત્યાં સુધી કોઈ પણ દેશનેતાએ આવો ઉપક્રમ યોજ્યો ન હતો.

૩૧૧ યુરોપીય યુદ્ધનો વિસ્તાર

યુરોપનું યુદ્ધ વિસ્તરતું જતું હતું. જર્મનીને ડામી દેવા યુરોપનાં મિત્રરાજ્યો સજ્જ થવા માંડયાં. ઈંગ્લંડ, ફ્રાંસ, રશિયા, જાપાન ને ઈજિપ્તે મિત્રસંબંધોના કરાર કરી મોરચા રચવા માંડયા. ઇંગ્લૅંડની સેનાની પૂરતી તૈયારી ન હતી, એટલે ભારતમાં જે લશ્કરો હતાં તેને એકદમ બોલાવી લેવામાં આવ્યાં, અને ભારતના સૈનિકો પહેલી જ વાર યુરોપની ભૂમિ પર લડવા ઊતર્યા. ફ્રાન્સની વ્યાકુળ બની ગએલી પ્રજાએ બહાદુર શીખો અને ગુરખાઓને જોઈ બિરદાવ્યા. તેમને યુરોપનાં યંત્રસજ્જ શસ્ત્રોની ભયંકરતાનો ખયાલ પ્રથમ વાર જ મળ્યો હશે. તેમની જાનફેસાની અને પરાક્રમો પર યુરોપમાં અને હિંદમાં પ્રશસ્તિઓ લખાવા માંડી. મિત્રરાજ્યોએ આ યુદ્ધમાં ભારતનો દરજ્જો પોતાની સમાન ગણ્યો તેથી ભારતમાં ભાવિ સ્વતંત્રતાના અભિલાષો જાગ્યા. આપણા દોઢ સો વર્ષના રાજકર્તા સાથી અંગ્રેજોને પૂરી સહાય આપવી એવો ઘોષ પ્રજામાં ઊઠયો. હિંદી રજવાડાઓએ પોતાની લડાયક કોમોને આહ્‌વાન આપી નવી ભરતી કરવા માંડી. તેમણે બ્રિટિશ સરકારને મદદરૂપ થવા જેટલી જે લશ્કરી ટુકડીઓ નિભાવી હતી તે બધીને યુરોપના રણમેદાન તરફ રવાના કરવામાં આવી.

કર્નલ જોરાવરસિંહજી ગોહિલ



સૌજન્ય અને સંસ્કારિતાથી શોભતી વીરતા અને વિદ્યાનો વિરલ સમન્વય જીવનમાં પ્રકાશમાન કરનાર આ મહાનુભાવનો જન્મ ભાવનગર રાજપરિવારના વજીર શ્રી હરિસિંહજી જેસાભાઈ ગોહિલને ત્યાં ઈ. ૧૮૮૬ની ૧લી એપ્રિલે થયો હતો. નિશાનબાજ શિકારી, ઊંચી ઓલાદના ઘોડાઓના શોખીન અને ઉત્તમ ક્રિકેટર જોરાવરસિંહજીએ આલ્ફ્રેડ હાઈસ્કૂલ, રાજકુમાર કૉલેજ અને શામળદાસ કૉલેજ દ્વારા બી.એ. સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરવા ઉપરાંત દહેરાદૂનની ઇમ્પીરીઅલ કેડેટ-કોરમાં લશ્કરી તાલીમ લઈ છેલ્લી પરીક્ષા પ્રથમ નંબરે પસાર કરી હતી અને હિન્દીઓને દુર્લભ 'કિંગ્સ કમિશન' મેળવ્યું હતું. એ કમિશન મેળવનાર પ્રથમ હિન્દી જોરાવરસિંહજીને તરત જ ભાવનગરના મહારાજાએ પોતાના ઇમ્પીરીઅલ લાન્સર્સના કમાન્ડિંગ ઑફિસર બનાવ્યા, જે દળ લઈને તેઓ પહેલા મહાયુદ્ધમાં ૧૯૧૪ થી '૧૭ સુધી મેસોપોટેમિયા અને ઇજિપ્તમાં વીરતાથી લડાઇઓ લડી આવ્યા હતા અને તેમાં મિલિટરી ક્રૉસ મેળવનાર પ્રથમ હિન્દી તરીકે ખ્યાતિ પામ્યા હતા. ઈ. ૧૯૧૧માં પાંચમા જ્યૉર્જના રાજ્યારોહણ વેળા લંડન ગયેલા હિન્દી લશ્કરી કમિશનના સભ્ય તરીકે, ૧૯૨૬માં હિંદમાં લશ્કરી કૉલેજ ખોલવાની વિચારણા કરવા નિમાએલી ચાર વ્યક્તિઓની કમિટીમાં મોતીલાલ નેહરુ, મહમદઅલી ઝીણા અને સર ફિરોઝ શેઠના સાથે રાજાઓના પ્રતિનિધિ તરીકે, ભાવનગરના મહારાજા ભાવસિંહજીના મૃત્યુ પછી વહીવટી કમિટીના મંત્રી તરીકે, અને પન્નાના મહારાજાના દીવાન તરીકે એમણે આપેલી સેવાઓ એમના લશ્કરી અનુભવો અને વહીવટી કુનેહની દ્યોતક છે. ભાવનગર મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે કાર્ય કરી ચૂકેલા રાષ્ટ્રપ્રેમી જોરાવરસિંહજીએ સત્યાગ્રહ વખતે દેશી રાજ્યોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની મનાઈ હતી ત્યારે હિંમતપૂર્વક પોતાના મકાન પર ધ્વજ ફરકાવ્યો હતો. છેવટના દિવસોમાં ભાવનગરના રાજકુમારોના ગાર્ડિયન તરીકે 'ગુરુજી' જેવું સમ્માનીય ઉદ્બોધન પામતા આ શૂર અને સંસ્કારી રાજપુરુષનું ઇ. ૧૯૪૭ની પાંચમી સપ્ટેંબરે અવસાન થએલું. એમના જ્યેષ્ઠ પુત્ર કર્નલ અજિતસિંહજી ભાવનગરના ઈમ્પીરીઅલ લાન્સર્સના કમાન્ડિંગ ઑફિસર, સૌથી નાના હારિતસિંહજી એ જ લાન્સર્સના લેફ્ટેનન્ટ અને વચેટ કિરીટસિંહજી(બાર ઍટ-લૉ) મહારાજાના અંગત મંત્રી છે. એમની બે પુત્રીઓ વઢવાણ રાજકુટુંબમાં પરણાવેલી છે.

(શ્રી કિશનસિંહ ચાવડાએ લખેલું એમનું વિસ્તૃત ચરિત્ર 'કુમાર'ના ૧૯૪૭ના નવેમ્બર અંકમાં આવી ગયું.)

ગાંધીજીએ પણ જાહેર કર્યું કે આપણા હક્કોની બાબત અત્યારે આગળ ન લાવતાં લડાઈમાં પૂર્ણ સહકાર આપવો જોઇએ.

બ્રિટને પહેલું પગલું એ ભર્યું કે જર્મની અને તેના સાથી તુર્કીને ઘેરી લેવા બધા દરિયાઈ માર્ગો ઉપર પોતાની આરમારોની ચોકી ગોઠવી દીધી. બ્રિટનની આસપાસના દરિયામાં માઇલોની હારમાળા રચી અને જર્મનીને કોઈ ખાસ સામાનનો વ્યવહાર બહારની પ્રજા સાથે ન રહે એવો પાકો બંદોબસ્ત કર્યો. આથી હિંદ અને બ્રિટનનો દરિયાઈ વ્યવહાર અખંડ રહ્યો હતો.

૩૧૨ ભાવનગરની વીરગાથા

ભાવનગરમાં મહારાજા ભાવસિંહજી અને મહારાણી નંદકુંવરબાએ



ભાવનગર રાજ્યે પહેલા વિશ્વયુદ્ધમાં મોકલેલી પોતાની ઈમ્પીરીઅલ સર્વિસ લાન્સર્સ ટુકડી-જે યુદ્ધમાં એ વીરગાથા સર્જી હેમખેમ પાછી ફરી.

રાજ્યના રાજપૂતોને હાકલ દીધી અને સેનામાં ભરતી કરવા માંડી. યુદ્ધનું સ્વરૂપ અને સમાચારો પ્રજાને બરાબર મળે તે માટે 'બ્રિટિશ અને હિંદી વિક્રમ' નામનું સાપ્તાહિક રાણીશ્રી નંદકુંવરબાને નામે પ્રકટ કરવાનું કાર્ય શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ 'કાન્ત')ને સોંપાયું. એ પત્ર માત્ર સમાચાર-પત્ર ન હતું; સાથેસાથે ઇતિહાસના વીર-પ્રસંગોનું સાહિત્યિક નિરૂપણ પણ તેમાં આવતું. શૂરાઓનાં દૃષ્ટાંતો સાથે યુદ્ધ મોરચાના સમાચારો પ્રકટ થતા.

ભાવનગર રાજ્યના વેપારીઓને યુદ્ધસામગ્રી જેટલી એકઠી થાય તેટલી કરવા ઉત્તેજન મળ્યું. મહારાજા કોઈ પણ લડાયક જુવાનને જોતા કે લશ્કરની ભરતીમાં જવા અનુરોધ કરતા. જે જે લશ્કરી ટુકડીઓ રવાના થતી તેમને વિદાય કરવા પોતે સ્ટેશને હાજર રહેતા. નિવૃત્ત થએલા અધિકારીઓને પાછા બોલાવી લશ્કરી દેખરેખ માટે સજ્જ કર્યા. યુદ્ધ વધુ વિસ્તાર પામતું જાય છે અને નવાં યુદ્ધશસ્ત્રો તથા અગાઉ ન જાણેલી એવી તોપો, બૉમ્બો ને ખાઇઓની લડત પ્રચારમાં આવી છે એવી વાતો સાંભળવા મળતી. એ નવી યુદ્ધકળાનો પરિચય કરવા પણ બહાદુરોએ હવે જવું જોઇએ એવો સિદ્ધાન્ત પ્રકટ થયો.

આવા વાતાવરણમાં ભાવનગરના ગોહિલ કુળનું અસલ ખમીર ધારણ કરનાર લોકપ્રિય વ્યક્તિ સરદાર જોરાવરસિંહજી ગોહિલ હતા. ભાવનગર રાજ્યના ભાયાત કુટુંબના એ નબીરાએ આજની કેળવણીના જ્ઞાનસંસ્કાર સાથે લશ્કરી તાલીમ લઇને પોતાની યુવાનીથી ભાવનગરને એક અભિજાત વીર સેનાનીનું દૃષ્ટાંત પૂરું પાડયું. સમાજમાં સૌજન્યથી, સભામાં વિદ્વત્તાથી અને જીવનમાં ચારિત્ર્યબળથી એ વીર નાયકપદ પર શોભાયમાન હતા. યુદ્ધનો પ્રસંગ આવતાં મહારાજાના આદેશથી પોતાની ટુકડી સાથે તે યુદ્ધક્ષેત્રે પ્રયાણ કરી ગયા.

૩૧૩ રાજ્યની કુળદેવતાનાં શુકન

કૅપ્ટન જોરાવરસિંહજી—લોકમાન્ય નાયક જોરૂભાની એ વિદાય વખતે એક અજબ બનાવ બન્યો તે લોકજીભે પ્રચાર પામ્યો છે. ભાવનગરનું લશ્કર જે વખતે વિદાય થયું તે વેળા મહારાજા ભાવસિંહજીનાં મહારાણી પરેડ જોતાં કોચગાડીમાં બેઠાં હતાં. જ્યારે સૈન્ય સલામી માટે મહારાજા સાહેબ પાસેથી નીકળ્યું ત્યારે કાળીદેવ (દેવ ચકલી) ઝાડ પરથી ઊડીને મહારાજા સાહેબના ચાબૂક પર બેઠી ને એ પછી કૅપ્ટન સાહેબનો ઘોડો નજીક આવ્યો ત્યારે ત્યાંથી ઊડીને જોરૂભા સાહેબની ખુલ્લી તલવારની ટોચે સ્પર્શ કરીને આગળ ઊડી ગઈ. એ જોઈને મહારાણી સાહેબ બોલી ઊઠયાં કે કુળદેવી ખોડિયારનાં દર્શન થયાં! એ તો એમની ભાવના થઈ હશે, પણ પછી ત્રણત્રણ વર્ષ લડાઈમાં ઝંપલાવવા છતાં ભાવનગરનું એક પણ માણસ મરાયું ન હતું. અલબત્ત, કેટલાક ઘવાયા હતા ખરા; પણ કોઈનું મરણ થએલું નહિ.

૩૧૪ પરાક્રમો

આ પહેલા વિશ્વયુદ્ધમાં જોરૂભાની સરદારી નીચે ભાવનગર ઈમ્પીરીઅલ લાન્સર્સ દળ તુર્કોની સામે ઇજિપ્તમાં લડયું હતું. તુર્કી લશ્કરના એક આર્મી કમાન્ડરની સાથે હાથોહાથની લડાઈમાં તેનો વધ કરી બહાદુરી બતાવવા માટે મિલિટરી ક્રૉસ મેળવનાર તેઓ જ પહેલા હિન્દી હતા. એ મિલિટરી ક્રૉસની જાહેરાત પણ તે જ દિવસે થઈ હતી, એટલે શક્ય છે કે તે પ્રાપ્ત કરનારા પણ તે પહેલા જ હશે.



જોગણ: ઈ. ૧૯૧૫માં છગનલાલભાઈ સાથે ગામડાંમાં ફરતી વેળા જીવંતપાત્રને સામે બેસાડીને કરેલો એક સ્કેચ

કમાલ પાશાના પુત્રને પણ તેમણે લડાઈ દરમિયાન કેદ કર્યો હતો ને તે પછીના જીવનકાળમાં તેની સાથે છેવટ સુધી મૈત્રી ટકાવી રાખી હતી.

લૉરેન્સ ઑવ અરેબિયા (કર્નલ ટી. ઈ. લૉરેન્સ)ની સાથે પણ તેમણે કામ કર્યું હતું. ત્યારે તેઓ લૉરેન્સની બરોબરની કૅપ્ટનની પદવી ધરાવતા હતા. મશીનગનની લડાઈમાં પણ તેઓશ્રી નિષ્ણાત ગણાતા હોઈ તે કામમાં તાલીમ આપનાર બ્રિટિશ અફસરોની સાથોસાથ તેમની નિમણૂક થઈ હતી. ૧૯૧૪ થી ૧૯૧૭ સુધી તેઓ લડાઈમાં હતા.

આવા અભિજાત ઉદાત્ત નરને હું ઓળખતો હતો તેનું મને અભિમાન હતું, કેમ કે ભાવનગરની કૉલેજના રૌપ્ય મહોત્સવમાં મેં જે સીનરી ચીતરેલી તે જોવાને કમિટી મેંબરો તેમને લઈ આવ્યા હતા, અને મને બોલાવી હસ્તધૂનન કરી અભિનંદન આપ્યાં હતાં. એ વખતે તેમના પગના ઢીંચણ પર, હૉકીની રમતમાં ઈજા થવાને લીધે રબરનો પટો લગાડેલો હતો તે મને યાદ છે. ક્રિકેટ, ટેનિસ, ફૂટબોલ, હૉકી વગેરે મેદાની રમતોમાં તેઓ ભાગ લેતા, ને તેના તમાશાઓમાં તેમની હાજરી અવશ્ય જોવામાં આવતી.

(ચાલુ)

અનુસંધાન] **વૉટરલૂનો ભાગ્યવિધાતા** [પૃ. ૨૬૭થી

રાખવામાં આવ્યું હતું અને જીવનની પાછલી કારકિર્દીમાં તેણે ભારે ગૌરવપૂર્વક અને મર્દાનગીભરી કામગીરી પણ બજાવી હતી; છતાં જીવનના છેલ્લા શ્વાસ સુધી એક ડંખ તેને કોરી રહ્યો હતો કે વિધિએ જ્યારે તેને તક આપી હતી ત્યારે તેણે તે ખોઈ નાખી હતી. અને સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટ જેવી વિશ્વવિભૂતિની કબર પોતે ખોદી.

નાશવંત જીવાત્માઓને દૈવ એક વાર અચૂક તક આપે છે, અને જેઓ તેનો ઉપયોગ કરી જાણતા નથી તેના પર વેર પણ એવું જ લે છે. ઉત્સાહ, આજ્ઞાંકિતતા, આત્મનિરીક્ષણ ને સાવધાની અલબત્ત સારા ગુણો છે ને જીવનમાં ઉપયોગી છે. પણ વિધાતા જ્યારે દ્વાર ખખડાવે છે, અને પોતાનું સ્વત્વ પ્રકટ કરવા કોઈ વ્યક્તિને એલાન કરે છે ત્યારે તકને ઝડપી શકનારા જ કીર્તિના શિખર સુધી પહોંચી શકે છે: ગુણ હોય તો પણ ભીરુઓ ધૂળમાં જ રગદોળાય છે.

કનૈયાલાલ મુનશી

સાહિત્યજીવન અને સર્જકપ્રતિભા

લેખક

ડૉ. મધુસૂદન પારેખ

'ગુજરાતના નાથ' નવલકથા હાજીમહમ્મદના 'વીસમી સદી'-માં ૧૯૧૮માં પૂરી થઈ. એ વખતે મુનશીનું ચિત્ત ભારે દ્વિધામાં સપડાએલું હતું. એમના જીવનના મનોરથ પૂર્ણ કરે એવી સહચરીની એમની ઝંખના અતૃપ્ત હતી, એમની એ મથામણ-માંથી 'પૃથ્વીવલ્લભ' વાર્તા ઉદ્ભવ પામી. મુનશી લખે છે:

' "પૃથ્વીવલ્લભ" આમ આત્મકથાનું એક પ્રકરણ બને છે. મૃણાલ એ આ ખેંચતાણની એક બાજુ, મુંજ બીજી બાજુ. મૃણાલ હારી. એનો અસત્કારાએલો શુષ્ક વૈરાગ્ય ગુલામગીરીની જંજીર સમો શમી ગયો. મુંજ વિજયી થયો. "પૃથ્વીવલ્લભ" મારા હૃદયની જ્વાલામાંથી સર્જાએલી છે અને તેથી જ તે જીવંત છે. મારી બધી વાર્તા કરતાં એ વાર્તામાં વધારે કલાત્મકતા છે, એમ કેટલાક માને છે.'

'પૃથ્વીવલ્લભ' વાર્તામાં તપસ્વિની મૃણાલ નફકરા વિલાસી મુંજ પર વારી ગઈ ને એનું તપ હારી ગઈ એ પ્રકારની ઘટનાઓએ વળી પાછો સમાજના નીતિસંરક્ષક વર્ગમાં ફફડાટ ફેલાવ્યો. પરંતુ એ નવલ-કથાએ મુનશીની ખ્યાતિ ખૂબ વધારી મૂકી. મુનશી આ અંગે નોંધે છે: ' "પૃથ્વીવલ્લભ"ને સાહિત્યમાં સરજતાં મેં ગુજરાતમાં પ્રચલિત સાહિત્ય પ્રણાલિકાઓ પર અજાણ્યે આક્રમણ આરંભ્યું હતું. કલાકારના સ્વાતંત્ર્યનો ધર્મધ્વજ મારા હાથમાં આવીને પડયો.'

આ નવલકથા પરથી નાટક રચાયું ને ચલચિત્ર પણ તૈયાર થયું. મુનશીની નવલિકા ને નવલકથાઓએ હમેશાં સમાજના દૃઢ માનસ-ને વીજળીધક્કો આપવાનું કામ કર્યું છે. સમાજનો નીતિચુસ્ત વર્ગ હમેશાં તેમને પીંખી નાખવા તૈયાર રહેતો. આ અંગે મુનશીની ટીકા સમજવા જેવી છે: 'આવા માણસોને મન નીતિ પારા જેવી સહેલાઈથી સરી જાય એવી વસ્તુ છે, અને અનીતિ શક્ય બને એવા કઢંગા પ્રસંગો સાહિત્યમાં ચીતરાય તો એ પારો હાથમાંથી સરી ગયો એમ એમને લાગે છે. આ નવલકથા ગાંધીજીએ વાંચી ને દુઃખી થઇને મને સખ્તાઈ-થી લખ્યું: "આ નવલકથા તમે-તમે લખી જ કેમ શકો?" મેં નમ્રતા-પૂર્વક ઉત્તર વાળ્યો: "હું જીવનની મથામણો અનુભવતો જુનિયર હતો ત્યારે પૃથ્વીવલ્લભનું સર્જન થયું છે. તે મારી કલ્પનામાંથી અવતર્યો. તે શી રીતે સર્જાયો તે હું જાણતો નથી; પણ તે સર્જાઈ ચૂકયો છે અને તેની વિલક્ષણ પ્રતિભાએ માનવહૃદયમાં સ્થાન પણ પ્રાપ્ત કરી લીધું છે...હવે એને અસ્તિત્વનો અધિકાર નથી?" '

'પૃથ્વીવલ્લભ'થી પેદા થએલાં વમળો હજુ શમ્યાં ન હતાં ત્યાં મુનશી-એ ૧૯૨૨માં નરસિંહરાવના આશિષ સાથે 'સાહિત્ય સંસદ'ની સ્થાપના કરી અને એના મુખપત્ર રૂપે 'ગુજરાત' માસિક શરૂ કર્યું. એ સામયિક અંગે મુનશીએ લખ્યું છે તેમ: ' "ગુજરાત"ના કોડ માત્ર "વીસમીસદી"નું સ્થાન લેવાના જ નહોતા, પણ ગુજરાતની અસ્મિ-તાના સંદેશવાહક થવાના હતા.' એના પહેલા જ તંત્રીલેખમાં તેમણે લખ્યું: 'એ અસ્મિતાને વ્યક્ત કરી, એને વિકસાવી, ગુજરાતને બીજી બધી સંસ્કૃતિઓમાં એક સંસ્કારાત્મક વ્યક્તિ (cultural unit) તરીકે સ્થાન અપાવવું એવી ભાવનાના તરંગો ચારે દિશામાં પ્રસર્યા છે. આવા તરંગોથી તણાઈ આવેલા કેટલાક ગુજરાતીઓની ઇચ્છાથી આ સાહિત્ય સંસદ ઊભી થઈ છે.' 'ગુજરાત'માં મુનશીની નવલકથા 'રાજાધિરાજ' હપ્તે હપ્તે પ્રગટ થવા માંડી. 'ગુજરાતનો નાથ'ની મંજરી 'રાજાધિરાજ'માં નવે નવે રૂપે વિકસવા લાગી.

એ દરમિયાન સમગ્ર ચિત્તને વ્યાકુળ—વિહ્વળ બનાવી મૂકે એવી એક ઘટના બની. ઈન્દુલાલ યાજ્ઞિકે લીલાવતી શેઠની તેમની સાથે ઓળખાણ કરાવી. લીલાવતીએ બાલપણમાં 'તનમન'ની વાર્તા વાંચ્યા પછી તેના સર્જકને મળવાની અભિલાષા સેવી હતી તે ફળી. 'ગુજરાત' નિમિત્તે પણ બંનેનો પરિચય વધ્યો. 'એવામાં' મુનશી નોંધે છે: 'લીલા-એ એનાં લખેલાં રેખાચિત્રો "ગુજરાત"માં છપાવવા માટે મારા પર મોકલ્યાં. એણે લખેલા મારા રેખાચિત્રમાં મેં વાંચ્યું: "મનુષ્ય સ્વ-ભાવ પારખવાની એમની શક્તિ અજબ છે. મેધાના ચમકારા એમનામાં ચમકે છે, પણ સાથે ego (અહમ્)ના ચમકારા પણ તેટલા જ છે.... બુદ્ધિના શિખર પરથી બિચારા જગત પર એ નજર કરે છે. કોઈએ એમનાં પાત્રોમાં અક્કડતા બહુ છે એમ કહ્યું છે; એમને વિષે પણ એમ કહી શકાય.... સાયન્ટિસ્ટની માફક, જનતા સાથે એ ભળે છે તે પૃથ-કરણ કરવા માટે જ. સ્વભાવનાં બધાં તત્ત્વો એ જુએ છે, દયાહીન રીતે એનું વર્ગીકરણ કરે છે અને હું એ કરી શકું છું એમ સમજી શકે છે....આવા મનુષ્યની બુદ્ધિને જગત નમે, પણ ચાહી ન શકે. આત્મ-સન્માન વધારે. બીજા તરફ તિરસ્કારપૂર્વક જોવાની વૃત્તિ પણ કંઈક અંશે ખરી. રીતભાત (manners) સભ્ય અને સારી (graceful) છે. ...પણ કદાચ આ દેખીતી બુદ્ધિની કઠણ સપાટી નીચે હૃદયની ઊર્મિ-ઓનાં મીઠાં વારિ ઉભરાતાં હશે. કોઇએ એ જલ પીધાં હશે; પણ એ દુર્લભ તો ખરાં જ. હૃદયની તો વાપર્યે જ કિંમત વધે છે!"'

બાવીસ વર્ષની આ યુવતીએ મારા સામાન્ય પરિચય પછી જાણ્યે-અજાણ્યે આ બાણ માર્યું હતું. અને ત્રીસ વર્ષની મારી સ્વસ્થતાને આરપાર વીંધી નાખી મર્મસ્થલને એણે ભેદ્યું હતું. ક્રૂરતાથી આ કર્યું હોય તો અમાનુષી; સ્થૂલ જમીન ફોડી 'વારિ' કાઢવાની ઇચ્છાથી કર્યું હોય તો ભયંકર....આ ભાન થયું, તો પણ મને તેની પરવા ન રહી. મારી ભાવનાની ભાગિયણ-તનમન મને મળી હોય એમ પળવાર લાગ્યું. તેર વર્ષની સમાધિને પરિણામે સાક્ષાત્કાર પામેલી 'દેવી' પટને પેલે પાર, છતાં નિકટ, જીવતી ઊભી હતી.'

આમ, યુવાન મુનશીના જીવનમાં લીલાવતીનો પ્રવેશ એ એમના જીવનની એક અત્યંત અસાધારણ ઘટના હતી.

ઈ. ૧૯૨૩ થી '૨૬નાં ચાર વર્ષ એ મુનશીના તીવ્ર મંથનનો કાળ ગણવો જોઇએ. એક તરફ સુચરિતા, સ્વામીભક્ત પત્ની લક્ષ્મી હતી. એના આત્મભોગની કોઈ સીમા જ નહોતી. બીજી તરફ સ્વપ્નમાં બચ-પણમાં ભેટેલી મધુર બાળા 'દેવી' વર્ષોની ઝંખના પછી જાણે પાછી મળી હતી. લક્ષ્મી પ્રત્યે અન્યાય તો થાય નહિ, અને 'દેવી'ને પણ છેહ દે-વાય નહિ! મુનશીનું વિહ્વળ ચિત્ત ભારે મથામણ અનુભવી રહ્યું: 'હું શું કરું? લીલાને છોડવા જઈશ તો મોત આવશે; લક્ષ્મીને છોડવા જઈશ તો આત્મતિરસ્કારમાં મોત સિવાય બીજો રસ્તો નથી.'

મુનશીના આ હૃદયસંઘર્ષમાંથી પણ અનેરી સાહિત્યકૃતિઓ નિ-ર્માણ પામી. લીલાવતી સાથે સંપર્ક થતાં જ 'આત્માએ આત્મનને ઓ-ળખ્યો.' એમને અવિભક્ત આત્માનું આ સંબંધમાં દર્શન થયું. અને ૧૯૨૩માં એમણે 'અવિભક્ત આત્મા' નાટક લખવા માંડયું. એ લીલાવતી—મુનશીની પ્રણયગાથા જ હતી. પણ મુનશી લખે છે: 'અવિ-

ભક્ત આત્મા' માત્ર આત્મકથન નહોતું. એમાં નાનાલાલના "જયા-જયન્ત"માં આલેખેલા સિદ્ધાન્તને પડકાર હતો ને અર્વાચીન જીવનના એક કઠણ કોયડાનો ઉકેલ હતો. "જયા-જયન્ત"માં બે સમોવડિયાં યુવક્યુવતી પ્રણયમાં નિમગ્ન છતાં, કાંઈ પણ અંતરાયો ન હોવા છતાં, લગ્ન તિરસ્કારી બ્રહ્મચર્ય પાળે છે. આમાં રહેલા વિઘાતક સિદ્ધાંતનો આ જવાબ હતો. દેહ, ઊર્મિ ને આદર્શ ત્રણેની સમગ્ર તન્મયતામાંથી જ અવિભક્ત આત્મા પ્રગટે છે. આ સાર મારા નાટકમાં નીકળે છે.'

એ નાટક વિષે એમની બીજી પણ એક નોંધ છે : 'એ "અવિભક્ત આત્મા"માં અનાયાસે અમારી ભાવના, અમારા આશયો, અમારા નાના મોટા મતભેદો અને જગતના દારુણ કોપનું ચિત્ર છે. ઘણી વાર અમે એકબીજાને 'વસિષ્ઠ' ને 'અરુંધતી'ને નામે સંબોધતાં. આ નાટક અમને કાલ્પનિક આશ્વાસન આપવા લખાઈ ગયું ને અમે સ્પષ્ટ રીતે ન બોલી શકતાં તે સાહિત્ય દ્વારા ઉચ્ચારતાં થયાં.' પરંતુ 'અવિભક્ત આત્મા'ની રચના પૂર્વે મુનશીએ ગુજરાતની અસ્મિતા, સાહિત્ય અને કલાના તથા માનવતાના આદર્શો ગુજરાત સમક્ષ મૂકવાનો પોતાનો ધર્મ માનીને મહાભારત, પુરાણો તેમજ ગુજરાતના સાહિત્ય અને ઈતિહાસનો અભ્યાસ આરંભ્યો. ગુજરાતના ઇતિહાસની નોંધ કરવા માંડી અને તેમાંથી પાછળથી 'Gujarat and its Literature' પુસ્તક રચાયું. પુરાણોના અને વેદના અભ્યાસના ફળ રૂપે ૧૯૨૨માં 'પુરંદર પરાજય' નાટક રચાયું, અને એ પછી 'અવિભક્ત આત્મા', 'તર્પણ' તથા 'પુત્ર સમોવડી' એ અભ્યાસના ફળ રૂપે જ ઉદ્ભવ્યાં.

'પૌરાણિક નાટકો'માં જૂની કથા દ્વારા અર્વાચીન યુગનાં સત્યો તારવવામાં મુનશીને નડતી મુશ્કેલી, એ નાટકોના વાતાવરણમાં ચમત્કારોનું અસંભવિતપણું, નાટકના રહસ્ય અને વસ્તુ વચ્ચે અસંગતતા, સુશ્લિષ્ટતાનો અભાવ વગેરે દોષોની આપણા સદ્ગત વિવેચક શ્રી રામનારાયણ પાઠકે ચર્ચા કરીને અંતે એ નાટકોની ગુણવત્તા વર્ણવતાં લખ્યું છે : '...બીજી સર્વ રીતે નાટક શ્રીયુત મુનશીની લાક્ષણિક શૈલીનો સારો નમૂનો છે. ત્વરિત સંવાદો, અનપેક્ષિત બનાવોનું આશ્ચર્ય, પાત્રોની વિલક્ષણ કાર્યશક્તિ, તેમનો મનોવેગ, નાટકોનો કાર્યવેગ એ સર્વ નાટકને વાંચતાં અને પ્રયોગમાં જોતાં વાચક અને પ્રેક્ષકને અંત સુધી કૌતુકાકૃષ્ટ રાખે એવાં છે.' (સાહિત્યવિમર્શ ૧૯૩૯ પૃ. ૩૩૭)

ઈ. ૧૯૨૩ થી ૧૯૨૬ના ગાળામાં મુનશી-લીલાવતીના આત્માનાં આક્રંદની છાયા મુનશીના સાહિત્યમાં પ્રબળ વરતાય છે. 'ગુજરાત'માં પ્રગટ થતી 'રાજાધિરાજ' નવલકથામાં મુંજાલ અને મીનલના વાર્તાલાપમાં એમનાં જ પ્રેમવૈફલ્ય અને નિરાશાના પડઘા છે. છતાં એ નવલકથામાં કાકની મંજરીએ તો પ્રજામાં અદ્ભુત આકર્ષણ સર્જ્યું :

'૧૯૨૫ના માર્ચ-એપ્રિલમાં 'ગુજરાત'માં 'રાજાધિરાજ'નાં છેલ્લાં પ્રકરણો છપાતાં હતાં. મંજરી પતિની કીર્તિ સાચવવા ભરૂચના ગઢની અભેદ્યતા સાચવી રહી હતી. ત્યાં ખાવાનું ખૂટતું હતું. આગલાં પ્રકરણોમાં એ મૃત્યુ પણ પામે. આ વખતે મારા પર અનેક પત્રો આવવા લાગ્યા: "મંજરીને મારી નાખશો નહિ." મંજરી ગુજરાતીઓની પ્રિયતમા બની ગઈ હતી. એ ગુજરાતી હૃદયમાં જે સ્થાન પામી હતી તેથી મને ગર્વ થયો. પણ હું તો મારી સાહિત્યસૃષ્ટિનો વિધાયક ને વિધ્વંસક બન્ને હતો. એ એવી અપૂર્વ બની હતી કે તેને જીવતી રાખી ઘરડી ને છ છોકરાંવાળી થવાની તક આપવામાં મને કલાનો વિધ્વંસ લાગ્યો અને સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી મંજરીનું શબ જ માત્ર કાકના હાથમાં રહ્યું.'

'વેરની વસૂલાત'માં તનમન મૃત્યુ પામી; 'રાજાધિરાજ'માં મંજરી. આવાં લોકહૃદયમાં વસી ગએલાં પાત્રોનું મૃત્યુ એ મુનશીના જીવનમાંના પ્રેમના વૈફલ્યનાં જદ્યોતક હશે? ગમેતેમ, પણ સોલંકી યુગની ભૂમિકા પર રચાએલી 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' ને 'રાજાધિરાજ'ની ત્રિપુટીએ મુનશીની યશપતાકા હજી સુધી ફરકતી રાખી છે.

એ પછી રચાએલી સોમનાથના મંદિર પર મહમદ ગઝનીની સવારી વર્ણવતી નવલકથા મુનશીની નવીન શૈલીનું સુભગ દર્શન કરાવે છે. ઐતિહાસિક નવલત્રિપુટી પર ડુમાની શૈલીનો પ્રભાવ કેટલાક વિવેચકોને વરતાતો હતો. 'જયસોમનાથ' એ શૈલીથી સર્વથા મુક્ત છે. અને વિવેચક શ્રી પાઠકે તો તેની ગદ્યકાવ્ય તરીકે પણ ઓળખ આપી છે. 'રણ અને આંધી'નું તેમાં આવતું પ્રકરણ મુનશીની ગદ્યશૈલીના નમૂના લેખે જરૂર સ્મરણીય રહેશે.

મુનશીની સાહિત્યિક કારકિર્દીના આ મધ્યાહ્ને આખો દેશ ગાંધીજીની પ્રેરણા ને હાકલથી અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવા કટિબદ્ધ થઈ રહ્યો હતો. મુનશીના હૃદયમાં પણ સ્વતંત્રતાની ભાવનાના ઉમળકા ઊછળતા હતા. વડોદરા કૉલેજમાં શ્રી અરવિંદ પાસેથી તેમને રાષ્ટ્રભક્તિની પ્રેરણા મળી ચૂકી હતી; અને એ પછી અંગ્રેજોના અન્યાય ને અત્યાચારથી તેમનું ચિત્ત આવેશમય હતું. એમના તરુણ હૃદયમાં રાષ્ટ્રસ્વાતંત્ર્યની ભાવનાનું તોફાન મચી રહ્યું હતું. મુનશીએ તરુણ હૃદયની એ ભાવનાને 'સ્વપ્નદ્રષ્ટા' નવલકથામાં સુદર્શન દ્વારા મૂર્ત કરી.

'"સ્વપ્નદ્રષ્ટા"માં બંગભંગ વખતનાં વડોદરા કૉલેજનાં ને સુરત કૉંગ્રેસનાં મારાં સંસ્મરણો ગૂંથ્યાં છે. સુદર્શનનું બાલપણ અને મનોવિકાસ તે મારાં પોતાનાં જ છે. અનાયાસે એ પુસ્તક ૧૯૦૧થી ૧૯૦૭ સુધી ઊછરતા સંસ્કારી માનસની તવારીખ બની ગયું.' અલબત્ત, છેવટે સુદર્શનની બધી ભાવનાઓ મરી પરવારે છે અને ઐતિહાસિક પરિસ્થિતિ તેમજ હિંદી જુવાનોનું માનસ એ બે લક્ષમાં લેતાં ભારતના કલ્યાણનાં સ્વપ્નો સેવવાં એ વ્યર્થ છે, એવું મંતવ્ય એમાં રજૂ કર્યું છે.

'સ્વપ્નદ્રષ્ટા'ની જેમ જ એમની ગદ્યકાવ્ય જેવી કથા 'શિશુ અને સખી'નું પણ અહીં સ્મરણ કરવું જોઇએ. લીલાવતીનો પરિચય મુનશીના જીવનમાં પ્રચંડ ભરતી લાવનારો નીવડ્યો. એમના સાહચર્યના અનુભવમાંની 'શિશુ અને સખી' સર્જાઈ. મુનશીએ આ કૃતિની પ્રેરણા આમ વર્ણવી છે : '...મારી ચિત્રમય કથનશક્તિએ માઝા મૂકી. એ દરબાર ભરી બેસતી, તેથી હું તેને 'ડુગડુગી માતા' કહેતો; અથવા 'High Priestess'-મહાઅધિષ્ઠાત્રી-કહી સંબોધતો. સફેદ ખાદીનું લૂગડું અને રુદ્રાક્ષની માળા પહેરી એ દિલરૂબા કે વીણા વગાડતી; પાસે પુસ્તક તો પડ્યું હોય જ; એટલે કોઈ વાર હું એને 'वीणापुस्तकधारिणी'નો ઈલ્કાબ આપતો. હું કોઈ કાળે ઉજ્જયિનીનો કવિ હતો અને એ પૂજારિણી, એવો પણ તુક્કો ઊઠ્યો અમારો આત્મા એક છે, સર્જનકાળે એનાં બે અડધિયાં કરી સર્જનહારે સમયના પ્રવાહમાં ફેંકી દીધાં અને અનેક અવતાર પછી અમે પાછાં મળ્યાં, આ મારી કલ્પના માત્ર તુક્કો નહિ રહી પણ દૃઢ માન્યતામાં વણાવા લાગી. આમાંની કેટલીક કલ્પનાઓને મેં 'શિશુ અને સખી'માં શબ્દદેહ આપ્યો છે.'

મુનશીની 'તપસ્વિની' નવલકથામાં (૧૯૫૭-'૫૮) આ જ શિશુ-સખી નવે સ્વરૂપે રજૂ થયાં નહિ હોય? એ નવલકથામાં ઉદય એક સંસ્કારી જીવ—કવિ છે. તેણે 'તપસ્વિની' નામની કરુણ નવલકથા રચી. એ નવલકથા વાંચીને શીલા-એક સંસ્કારી, સુશિક્ષિત યુવતી એના પર મુગ્ધ થઈ ને એ ઉદયની તપસ્વિની બની રહી. લાગે છે કે મુનશીના હૃદયના ટુકડા ઠેરઠેર એમની કૃતિઓમાં વેરાઇને પડેલા છે.

કલાવાર્તા



શ્રેષ્ઠ શિલ્પીની વિદાય

નિકટવર્તીઓ અને સ્નેહીવર્ગમાં 'નાના'ના વ્હાલસોયા નામથી સંબોધાતા સદ્ગત પદ્મશ્રી વિનાયકરાવ કરમારકર ગઈ તા. ૧૨મી જૂન ૧૯૬૭ ને મંગળવારના રોજ લાંબી બીમારી બાદ મુંબાઈમાં ચેમ્બુર ખાતે તેમના નિવાસ-સ્થાને ચિરનિદ્રા પામ્યા તેનું 'કુમાર' ઊંડુ દુઃખ અનુભવે છે. એમના સ્થૂલ દેહનો વિલય થવા છતાં અનેક કક્ષાની એમની ઉચ્ચ પ્રતિમાઓ દ્વારા ભારતના એક સર્વશ્રેષ્ઠ શિલ્પી તરીકે તેઓ અમર રહેશે.



એમની ઉજ્જ્વલ ચરિત્રરેખા અને તેજસ્વી કલાસમૃદ્ધિઓનો પરિચય 'કુમાર'ના અગાઉના અંકોમાં (અંક ૧૨૩, ૩૦૭ અને ૩૪૬) વાચકોને મળી ચૂક્યો છે. ઈ. ૧૯૪૯માં તેમને અમેરિકા (યુ. સ્ટે.)માં પ્રત્યક્ષ કાર્ય-પરિચય આપવા નિમંત્રણ મળેલું. ઈ. ૧૯૬૩માં મુંબાઈના કલાસંઘ 'બૉમ્બે આર્ટ સોસાએટી'એ એમને તે વર્ષના શ્રેષ્ઠ કલાકાર ઠરાવ્યા હતા. ૧૯૬૪માં ભારત સરકારે 'પદ્મશ્રી'ના બિરદથી સન્માન્યા અને ૧૯૬૫માં રાષ્ટ્રીય લલિતકલા અકાદેમીએ તેમને માનાર્હ સભ્યપદનું વિરલ માન આપી સવિશેષ સત્કાર કર્યો હતો.

'કુમાર'ના સંચાલકો સાથે અંગત મૈત્રી-સંબંધ હોવા ઉપરાંત તેમણે અનેક વાર અનેક રીતે ગુજરાત પ્રતિ પ્રેમ અને આદર દાખવ્યાં છે. ગુજરાત તથા મહારાષ્ટ્રના સાંસ્કૃતિક સંબંધો સુદૃઢ કરવા તે સદા પ્રયત્નશીલ રહેતા. તેમના હાથે થએલી કેટલી યે આરસ તથા કાંસાની પ્રતિમાઓ ગુજરાતમાં મોજૂદ છે. હરિપુરા કૉંગ્રેસ વખતે ત્યાં જાતે જઈને શ્રી વિઠ્ઠલભાઈ પટેલની વિરાટ મસ્તક-પ્રતિમા સિમેન્ટમાં ઉતારી એમણે અધિવેશનને ભેટ આપેલી તે આજે પણ બારડોલીને શોભાવે છે.

ઈ. ૧૮૯૧માં કોલાબા જિલ્લાના સાસવણે ગામમાં તેમનો જન્મ. પિતા ગણપતિ બનાવવાનો વ્યવસાય કરતા હોવાથી શિલ્પકામના જન્મજાત સંસ્કાર તેમનામાં હતા. કુમાર 'નાના'માં એ સંસ્કારો પ્રીછીને ગામની મુલાકાતે આવેલા જિલ્લા કલેક્ટર ઑટો રૉથફીલ્ડે એમને મુંબાઈની કલાશાળામાં અભ્યાસ કરવા જવાની સહાય કરી. ઈ. ૧૯૧૬માં એ અભ્યાસ પૂરો કરી ઇંગ્લંડ ગયા. ત્યાં સવિશેષ વિકાસ સાધીને આવ્યા બાદ ૧૯૨૩માં તેમણે પૂનાની લશ્કરી કૉલેજ માટે અશ્વારૂઢ શિવાજી મહારાજની ૧૪ ફૂટ ઊંચી કાંસાની પ્રતિમા એક જ ઢાળે ઉતારી પોતાની શક્તિનો પરચો આપ્યો, ત્યારથી તેમનું નામ શ્રેષ્ઠ પદે જ રહેતું આવ્યું હતું. તેઓ કુટુંબવત્સલ, સમાજસેવક, નિરાધાર કલાકારોના ભેરૂ અને સહાયક, મહાનુભાવ મિત્ર, ને હિંમતબાજ દેશભક્ત હતા. એમની ઉચ્ચ કક્ષાની કલાસિદ્ધિ જેટલી જ એમની માનવતા મહાન હતી. ર. મ. રા.

ઉપર : વિનાયકરાવ કરમારકર (ફોટો : ભારદ્વાજ)
ડાબી બાજુ: ગોંડલના મહારાજા (અને નીચે) 'માતા' કરમારકરની બે સુંદર શિલ્પકૃતિઓ



ડૉ. દિનેશ દવે

વ્યવસાયે ડૉક્ટર હોવા ઉપરાંત કલાનો વ્યાસંગ કેળવી એમાં પ્રગતિ જારી રાખનાર કલાપ્રેમી ડૉ. દિનેશ દવેનાં ચિત્રોનું એક વ્યક્તિ પ્રદર્શન હમણાં અમદાવાદમાં યોજાયું.

ઈ. ૧૯૫૬માં એમ.બી.બી.એસ. થયા પછી ચાલુ કરેલી પ્રૅક્ટિસમાંથી વખત ચોરી-ચોરીને એમણે કલાસાધના શરૂ કરી, ને ઈ. ૧૯૬૬માં એનો ડિપ્લોમા મેળવ્યો તથા દેશનાં તેમજ પરદેશનાં અનેક ચિત્રપ્રદર્શનોમાં ભાગ લેતા રહી એમાં અવારનવાર ઈનામો તથા ગુણવત્તાનાં પ્રમાણપત્રો મેળવતા રહ્યા. લંડનથી પ્રકટ થતા 'ડૉક્ટર્સ ઓન્લી' નામે



સામયિકમાં એમનાં ચિત્રો પ્રકટ થયાં છે તેમ જાપાનની 'ડૉક્ટર્સ આર્ટ સોસાએટી'નાં પ્રદર્શનોમાં પણ તે રજૂ થયાં છે. રાજ્યકલા-પ્રદર્શનોમાં પણ તેઓ ભાગ લેતા રહ્યા છે, તેમ એમના વ્યવસાય સાથે સંકળાએલી કલા-પ્રવૃત્તિમાં પણ તેઓ આગળ રહેતા આવ્યા છે. ક્યારેક સામયિકોનાં પૂઠાં માટે પીંછી ચલાવી છે તેમ એકાદ બે વાર કલા વિષેના લખાણમાં કલમ પણ ચલાવી છે. વ્યવસાયમાં વ્યસ્ત રહેવા છતાં વહેલી સવારે નિયમિત કલાની સાધના કરતા રહેવાનો એમનો ક્રમ પ્રેરણા લેવા જેવો છે.

આ સાથેના એમના ચિત્ર 'લગ્નમંગલ'માં એમણે લગ્નની શુભ કામનાનાં પ્રતીકોને સાંકળી લઇને પ્રભુતામાં પગલાં પાડતા યુગલના જીવનમંગલનો આરંભ સૂચવ્યો છે. બંને પાત્રોના હાથમાં પુષ્પનું પ્રતીક મૂકી એમણે ઉભયની સમાન ભાવનાઓ ને લાગણી વ્યક્ત કરી છે. એમની ચિત્રશૈલીનો ઝોક વાસ્તવદર્શી ભાવાત્મક આલેખનો પ્રતિ ઢળેલો છે.

ગુજરાતનું લોકસંગીત ને લોકકળા

ભારતીય વિદ્યાભવન કલાકેન્દ્ર-મુંબાઈના સુગમ સંગીત એકમે ભુલાતા લોકસંગીતના વારસાને ટકાવી રાખવા ને તેને પુનર્જીવિત કરવાના વિચારણાના ઉદ્દેશથી ગયા માસે એક પરિષદ યોજી હતી, જેમાં 'સૌરાષ્ટ્રનાં લોકગીતો' નામે કાર્યક્રમ દ્વારા ત્યાંના દુહાઓ, લોકકથા, હરિકથા, ભવાઈ, ભજન, રાસ-રાસડા વગેરે સાથે, નગારાં, શરણાઈ, રાવણહથ્થો જેવાં લોકવાદ્યોના વાદનની પણ સફળ રજૂઆત કરેલી. આની સાથેસાથ ગુજરાત રાજ્યના માહિતી ખાતાએ ગુજરાતની લોકકળાનું એક નાનું પ્રદર્શન પણ યોજ્યુ હતું. સૌરાષ્ટ્રના હીરભરત ને મોતી-ભરતનું કામ, માટીના વાઘઘોડા, આદિવાસીઓનાં ભીંતચિત્રો, કચ્છની લીંપણભાત, માતાના ચંદરવા ને હાથછાપનું કાપડ, કાષ્ઠશિલ્પ વગેરે કલાકારીગરી સાથે વિવિધ લોકવાદ્યોના અસલ નમૂનાઓ તથા ફોટો દ્વારા એમાં પ્રેક્ષણીય ને અભ્યસનીય રજૂઆત કરી હતી.



ફોટોગ્રાફિક સ્નૅપશૉટમાં વછેરા સાથેની ઘોડીનું ચિત્ર તો સૌકોઈ ઝડપી શકે, પણ દોડતી માતાના શરીર પર, તેની સાથોસાથ દોડતા સંતાનનું, શ્યામ-શ્વેત સિલ્હુટમાં, આટલી ચોકસાઈ અને સંયોજનાપૂર્વકનો સ્નૅપશૉટ લેવા માટે કેટલી બાહોશ હથોટી અને ઉમદા કસબ જોઇએ? એવી હથોટી અને કસબ ધરાવનાર આ ચિત્રનો સર્જક છે માત્ર ૨૭ વર્ષનો જર્મન તસવીરકાર પીટર થોપેન. કોલોન નગર ખાતે ભરાએલા આંતરરાષ્ટ્રીય ફોટો-પ્રદર્શન 'ફોટોકીને'માં, અખબારી તસવીરોની 'ફીચર-કૅટેગરી'ના વિભાગમાં આ સ્નૅપશૉટ માટે એ પહેલું પારિતોષિક જીતી ગયો હતો.





ઉપર : રંગપુરનો માટીનો ઘોડો

સૌરાષ્ટ્રનો હીરભરતનો ચાકળો→

સાહિત્યસંપર્ક

જૉહાન મેઇઝફીલ્ડ

ઇંગ્લંડના છેલ્લા રાજકવિ જૉહાન મેઇઝફીલ્ડનું ગઈ તા. ૧૨મી મેના રોજ ૮૮મે વર્ષે વર્ષોથી પીડતી હૃદયની નબળાઇને કારણે, અવસાન થતાં બ્રિટને એના એક ઉત્તમ કવિ ને જગતે એક સારા શાંતિચાહક ગુમાવ્યા.

હેરફોર્ડશાયરના લૅડબરી ગામે ૧૮૭૮માં ૧લી જૂને એમનો જન્મ. પિતા સોલિસિટર હતા, પણ નાની વયે જ એમની છત્રછાયા ગુમાવતાં વૉરિકની કિંગ્સ સ્કૂલના અભ્યાસથી આગળ શિક્ષણ ચાલ્યું નહિ અને વ્યાપારી જહાજો માટે તાલીમ આપતા વહાણ 'કૉન્વે'માં એમને ઉમેદવારીમાં જોડાવું પડ્યું. પંદર વર્ષની યે પૂરી ઉમર નહોતી ત્યાં એમને 'કેઈપ હૉર્ન'ને ફરતી લાંબી દરિયાખેડ કરવાની આવી. દરિયો એમની તાસીરને જરા યે અનુકૂળ તો નહોતો, છતાં વહાણોનાં દોરડાં ખેંચવાની ખડતલ કામગીરીથી આરંભાએલા જીવનની વિષમતાઓ જીરવતાં જીરવતાં એમણે સાગરને સાથી બનાવ્યો.

આવી એક ખેપમાં બીમાર પડતાં દરિયો છોડી તેઓ ન્યૂ યૉર્ક જઈ વસ્યા. ત્યાં ત્રણ વર્ષમાં એમને ગાલીચાના કારખાનાની અને ભઠિયારાખાનાની નોકરી જેવાં નાનાંમોટાં કપરાં કામો કરવાં પડ્યાં. દરમિયાન ૧૪મી સદીના કવિ ચૉસરનું પુસ્તક એમને હાથ ચડી ગયું, ને એની એમના પર એવી પ્રબળ અસર પડી કે એનાથી પ્રેરાઈને એમણે પોતે પણ કાવ્યો લખવા માંડ્યાં. ધરતીની ધૂળ અને સાગરની ખારી હવાનો જે સીધો સંપર્ક એ પામેલા તે પ્રોત્સાહ ને પ્રબોધ રૂપે એમણે રંગદર્શી શૈલીમાં પોતાનાં સર્જનોમાં ઉતાર્યો.



ઈ. ૧૮૯૭માં તેઓ ઇંગ્લંડ પાછા ફર્યા અને વિવિધ સામયિકોમાં લખવા માંડ્યું. પછી 'સ્પીકર' પત્રમાં સાહિત્યવિભાગના સંપાદક બન્યા, અને 'માંચેસ્ટર ગાર્ડિયન'નો જાણીતો 'પ્રકીર્ણ' વિભાગ પણ એમણે જ આરંભેલો.

ચોવીસ વર્ષની વયે ઇ. ૧૯૦૨માં પ્રથમ કાવ્યસંગ્રહ 'સૉલ્ટ વૉટર બૅલડ્ઝ' પ્રકટ થયો. 'સી ફિવર', 'એ વૉન્ડરર્સ સૉન્ગ', 'એ બૅલડ ઑવ જ્હૉન સિલ્વર', 'ધ વેસ્ટ વિન્ડ' વગેરે જેવી એમની ઉત્તમ કાવ્યકૃતિઓ એમના આ પ્રથમ સંગ્રહમાં જ પ્રકટ થઈ હતી. ઈ. સ. ૧૯૧૦માં 'બૅલડ્ઝ ઍન્ડ પોએમ્સ' નામે બીજો સંગ્રહ પ્રકટ થયો. આ પછી બીજે જ વર્ષે 'ધી એવરલાસ્ટિંગ મર્સી' નામે લાંબું કાવ્ય પ્રકટ થયું, એમાં 'સૉલ કૅન' નામેએક રખડેલ ગ્રામવાસીના હૃદયપરિવર્તનની કથા એમણે કંઈક પ્રાકૃત જેવી રોજિંદી બોલાતી ભાષાની સરળ લખાવટમાં રજૂ કરેલી. એમના આવા સરળ ભાષાપ્રયોગોએ વિવેચકોમાં ખળભળાટ મચાવી મૂક્યો, તે એટલે સુધી કે કેટલાકે તો એને કાવ્ય જ ન ગણ્યું. પણ અંતે એની વિશિષ્ટ ગુણવત્તાની કદર થઈ તે આજે યે એ કૃતિ મેઈઝફીલ્ડની ઉત્તમમાંની એક તરીકે ખ્યાત છે. તે પછી 'ધ વિન્ડો ઇન ધ બ્રિ સ્ટ્રીટ' અને 'ડૉબર' પ્રકટ થયાં.

આ જ સર્જનકાળમાં એમણે ૧૯૦૯માં 'ટ્રૅજેડી ઑવ નૅન' અને 'પૉમ્પી ધી ગ્રેઇટ' (૧૯૧૦) નામે બે નાટકો પણ લખ્યાં. ૧૯૧૧માં શેક્સપીઅર વિષેની એક નાની પણ બહુ ઉત્તમ અભ્યાસનોંધ લખી. 'ટ્રેઝર આઇલૅન્ડ'ના જેવી 'જિમ ડેવિસ' નામે બાળકો માટેની એક રંગદર્શી વાર્તા પણ એમણે આ જ વર્ષે પ્રકટ કરેલી. 'ધ મિડનાઈટ ફોક' એ પણ એમની એટલી જ સુંદર કિશોરકથા છે.

'કલેક્ટેડ પૉએમ્સ' નામે ૧૯૨૩માં બહાર પડેલા એમના કાવ્યસંગ્રહની તો બે લાખ ઉપરાંત નકલો ખપી ગઈ હતી. તે પછી 'સાર્ડ હાર્કર' અને 'ઑડટા' નામે બે સફળ નવલકથાઓ લખી. આ બીજી કથાનું નામ One damned thing after another એ વાક્યના શબ્દોના પ્રથમાક્ષરોનું રચેલું છે.

કાવ્યમાં સાદી સરળ ભાષાના એમના પ્રયોગો પછી કાવ્યક્ષેત્રે વર્ણનાત્મક વલણનો ઠીક ઠીક પ્રસાર થયો હતો. ૧૯૨૨માં ઑક્સફર્ડ યુનિવર્સિટીએ ડૉક્ટરેટની ઉપાધિ આપીને એમનું બહુમાન કરેલું. જોકે પ્રથમ વિશ્વયુદ્ધ પછી એમની સર્જનશક્તિમાં કંઈક ઓટ આવી હતી એમ ઘણા માને છે. 'ધી ઑલ્ડ ફ્રન્ટ લાઇન' તથા 'ગૅલિપૉલી'માં વર્ણવ્યા પ્રમાણે યુદ્ધ દરમિયાન રેડ ક્રૉસમાં કામ કર્યા પછી એમણે 'સૅલિંગ્ડન ડાઉન્સ', 'રાઈટ રૉયલ' અને 'રેનાર્ડ ધ ફૉક્સ'ની રચના કરી. રેનાર્ડમાં તો એમની વર્ણનશક્તિ ટોચ પર પહોંચી, એટલું જ નહિ પણ ઇંગ્લંડના ગ્રામવિસ્તારના હાર્દને એમણે એમાં જે સુંદરતાથી રજૂ કર્યો છે તે તો એમને પોએટ લૉરીએટ—



ડાબી બાજુ: (સામેના પાને) મેઈઝફીલ્ડ યુવાનવયે અને (આ પાને) પાછલી અવસ્થામાં.
નીચે: મેઈઝફીલ્ડ પછી હવે રાજકવિપદ પર જેમની નિમણૂકની શક્યતા લેખાય છે એ ચાર કવિ (ડાબી બાજુથી): ડે લ્યુઈસ, વિલિયમ પ્લોમર, જ્હૉન બિટ્જમન અને રૉબર્ટ ગ્રેવ્ઝ.



શબ્દકથા: પિંડ · પંડ · તનુ

સંસ્કૃતમાં 'પિંડ' એટલે 'પીંડો', 'અન્નપિંડ' ('શ્રાદ્ધપિંડ', 'પિંડદાન' વગેરેમાં) 'અન્ન', 'કોળિયો', 'નક્કર કે ઘન પદાર્થ' એવા અર્થ ઉપરાંત 'શરીર' એવો અર્થ પણ જાણીતો છે.

'યથા પિંડે તથા બ્રહ્માંડે' અને 'પિંડે પિંડે મતિર્ભિન્ના' એ કહેવતોને 'પિંડ'નો 'શરીર' એવો અર્થ થતો હોવાનાં ઉદાહરણ તરીકે આપણે સહેજે આગળ ધરી શકીએ. અને એ અર્થ ધરાવનાર 'પિંડ' ઉપરથી ગુજરાતી 'પંડ' શબ્દ થયો છે. પંડે 'દૂબળો' એટલે 'દેહે દૂબળો'; 'પંડનાં પતીકાં' એટલે 'શરીરના કકડા'; તે જ રીતે 'પંડમાં પ્રાણ' વગેરે. પણ આ અર્થમાંથી ગુજરાતીમાં થોડોક આગળ વિકાસ પણ થયો છે. 'પંડે' એટલે 'શરીરે', અને તે ઉપરથી 'જાતે', 'પોતે'-જેમ કે, 'એ પંડે આવે તો સારું', 'મેં પંડે જોયું છે' વગેરે.

સંસ્કૃત 'તનૂ'નો 'શરીર' અર્થ જાણીતો છે. ગુજરાતીમાં તેમાંથી 'તન' આવ્યો છે (જેમ કે 'તનમનથી સેવા કરી'). ઋગ્વેદમાં આ શરીરવાચી 'તનૂ' શબ્દ 'પોતે', 'સ્વયં' એવા અર્થમાં પણ વપરાયો છે. જેમ કે ઇંદ્રને સ્તવતાં કહેવાયું છે (૪. ૧૬. ૧૪) કે 'સૂર ઉપાકે તન્વં દધાનઃ' એટલે કે 'પોતાને સૂર્યની સમીપ સ્થાપતો'. આવા સ્વવાચક અર્થમાં 'તનૂ'નો પ્રયોગ અવેસ્તાની ભાષામાં પણ મળે છે.

'તનૂ'નો આ અર્થ પ્રશિષ્ટ સંસ્કૃતમાં અને ઘણીખરી પ્રાકૃતોમાં જળવાયો નથી. પણ મધ્ય એશિયામાં ખોતાનની પડોશના 'નિય' નામના સ્થળેથી જે કેટલાક ઈસવી ત્રીજી શતાબ્દીની પ્રાકૃત ભાષામાં ખરોષ્ઠી લિપિમાં લેખો મળી આવ્યા છે, તેમાં 'તનુ'નો આવા અર્થમાં પ્રયોગ મળે છે; જેમ કે 'તુઓ તનુ ગોઠદે વ્યોપિશસિ'='તું તારા પોતાના ખેતરમાંથી તે આપીશ'. વળી 'તનુવગ' એવું વિશેષણ પણ મળે છે. તક્ષશિલા જેવા વાયવ્ય સરહદના પ્રદેશની પ્રાકૃતમાં પણ 'તનુવક'નો પ્રયોગ આ જ અર્થમાં મળે છે, અને તોરવાલી જેવી દરદભાષામાં 'તનુ' અત્યારે પણ 'પોતે' અર્થમાં પ્રચલિત છે.

આમ ગુજરાતીમાં સ્વતંત્રરીતે 'પિંડ'ના 'શરીર' અર્થનો 'પોતે' એવો જે વિકાસ થયો, બરાબર તેવા જ અર્થવિકાસનું ઉદાહરણ ઠેઠ ઋગ્વેદ પૂર્વેની ભાષામાંથી મળી રહે છે, અને ચારેક હજાર વરસનાં પરિવર્તનો વચ્ચે પણ સંસ્કૃતમાંથી ઊતરી આવેલી એક ભાષામાં આજે પણ તે પ્રયોગ જીવંત છે.


હરિવલ્લભ ભાયાણી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર : **ચંપકલાલ મહેતા**



ધનસુખલાલ મહેતા
(હાસ્યકાર-નાટકકાર)



૧ શ્રેષ્ઠ હાસ્યકાર કોને કહેશો ?

ઉ જીવનના સુખદુ:ખમય પ્રવાહોમાંથી માનવસ્વભાવની ને વ્યવહારની વિચિત્રતાઓ અને અસંગતિઓ પારખી, એનું વિકૃતિ, વિડંબના કે અત્યુક્તિ વિનાનું હાસ્યપ્રેરક ચિત્ર આલેખે તેને. એ હસે તો પણ સમભાવભર્યું. કરુણતામાં હાસ્ય અને હાસ્યમાં કરુણતા જોતો એ છતાં હસાવતો હોય.

૨ ઉત્તમ નાટક કોને કહો ?

ઉ જીવનઘટનાનું સંઘર્ષયુક્ત સંવિધાન, રસનો આસ્વાદ, સુરેખ પાત્રાલેખન, સ્વાભાવિક છતાં ચમત્કારક સંવાદો, અને આ સર્વનો આનંદમય અનુભવ કરાવે તેવા રંગપ્રયોગ ને અભિનય જેમાં હોય તે ઉત્તમ નાટક.

૩ વર્તમાન નાટ્યકારો નાટકના ધ્યેયને સંપૂર્ણ ન્યાય આપે છે ?

ઉ એવો પ્રયત્ન તો કરે છે, પણ ઘણી વાર નાટક સારું હોય તો જ યશસ્વી બને છે. આજનો નાટકકાર જો ધ્યેય ચૂકતો હોય તો તે શબ્દોની શ્લેષભરી આછકલી લીલાના અતિરેકથી.

૪ આજની ગુજરાતી રંગભૂમિમાં કયા ફેરફારો આવશ્યક છે ?

ઉ જૂની રંગભૂમિ ધીમા પણ સચોટ સુધારા કરતી આગળ વધે છે, જ્યારે નવી રંગભૂમિ પર હમણાં હાસ્યરસે અન્ય બધા રસને પદભ્રષ્ટ કરી નાખ્યા છે, રસનાં ચટકાં હોય, કૂંડાંનાં કૂંડાં નહિ; બીજું : નાટ્ય હરીફાઈમાં કોઈ પણ ભાષામાંથી કરેલાં રૂપાંતરોને ભાગ લેતાં અટકાવી મૌલિકતાને જ ઉત્તેજન આપવું જોઇએ; અને ત્રીજું : ગદ્ય-નાટક અને સંગીત-નાટક એમ બે વિભાગ અલગ પાડવા જોઇએ.

૫ સાહિત્યના નવા વળાંકો વિષે આપનું મંતવ્ય શું છે ?

ઉ જીવન પ્રત્યેની નવી દૃષ્ટિ અને નવી નિરૂપણકલા, એ એનાં બે મુખ્ય તત્ત્વો લાગે છે. નવા પ્રયોગો આવકારીએ, પણ જીવનમાં બધું ભાંગ્યુંતૂટ્યું, નિરાશામય, સુગાળવું અને જુગુપ્સાજનક જ છે એ દૃષ્ટિ કેવળ એકપક્ષી છે.

૬ ચાર દાયકાથી જે ખતરનાક રોગ તમને પજવે છે તેના પર વિજય કેવી રીતે મેળવો છો ?

ઉ રોગનો હુમલો આવે ત્યારે મૃત્યુને ભેટવા તૈયારી કરીને પછી હુમલા સાથે મૈત્રી કેળવું છું. રોગને પણ ખબર પડી ગઈ છે કે આ માણસ નફકરો છે, અને હું ડરાવું તો યે ડરતો નથી. એ જ વિજય પ્રાપ્ત કરવાની ચાવી છે.

૭ આજના કુમારોને તમારો શો આદેશ છે ?

ઉ જીવનમાં જે કંઈ કરો તે ફક્ત પોતાને માટે જ નહિ, પણ કુટુંબ, મિત્રમંડળ, સમાજ, દેશ અને માનવતા માટે, એવી ભાવના સતત સેવવી.

રાજકવિ—પદે લઈ જવામાં સહાયભૂત નીવડ્યો હતો એમ પણ કેટલાક માને છે.

ઈ. ૧૯૩૦માં ઇંગ્લંડના રાજકવિ રૉબર્ટ બ્રિજિસનું મૃત્યુ થતાં શાહનશાહ પાંચમા જ્યૉર્જે એમને એ 'પોએટ લૉરીએટ'નું પદ આપ્યું. એ પદનો આરંભ ઈ. સ. ૧૬૧૭માં થએલો, અને બિનસત્તાવાર છતાં રાજકવિ જેવો જ મોભો ભોગવી ગએલા ચૉસર, સ્કેલ્ટન, સ્પેન્સર અને ડૅનિયલને ન ગણીએ તો તેઓ ૧૭મા રાજકવિ હતા. એ પદ ઇંગ્લંડની ખાસ વિશિષ્ટતા રહેતી આવી છે. ત્યાંના રાજકર્તા વડા પ્રધાનની ભલામણથી અમુક વર્ષાસન સાથે રાજકવિની નિમણૂક કરે છે. તેનું કર્તવ્ય રાજ્યારોહણ તેમજ અન્ય મહત્ત્વના પ્રસંગોએ સ્તુતિગીતો રચવાનું હોય છે; પણ એમાં ભાટાઈ કરતાં તો દેશ અને પ્રજાનું ગૌરવગાન હોય છે. ઈ. ૧૯૩૫માં પંચમ જ્યૉર્જના રાજ્યારોહણની રજતજયંતી વખતે એમણે 'એ પ્રેયર ફૉર ધ કિંગ્ઝ મૅજેસ્ટી' રચેલું. તે પ્રસંગે એમને ઓ. એમ. (ઑર્ડર ઑવ મેરિટ)નું માનભર્યું પદ અપાયું. નવ માસ બાદ શાહાનશાહનું અવસાન થતાં એમણે અંજલિકાવ્ય પણ રચ્યું.

કવિ તરીકે મેઇસ્ફીલ્ડ માનવજાત અને કુદરતના ચાહક રહેલા. અવસાન સુધીનું એમનું મોટાભાગનું શેષ જીવન જ્યાં વીત્યું તે લંડનની પશ્ચિમે આવેલું તેમનું વતન ઍબિન્ગન, બર્કશાયરની સુંદર ટેકરીઓની નિકટમાં જ આવેલું છે; અને સાગર તો એમણે જુવાનીમાં લાંબા સમય સુધી ખેડ્યો હતો; આથી નિસર્ગ એમના જીવન અને કવન સાથે વણાઈ ગઈ હતી. એમનાં સર્જનોમાં સાગર કેન્દ્રસ્થાને રહેલો છે, અને એ સાગરખેડૂ જીવનનો ચિતાર એમના ડૉબર' (Dauber) નામે કાવ્યમાં અચ્છો જોવા મળે છે.

જીવનની કઠિનાઈઓનો પૂરો ને સાચો અનુભવ કરેલો હોઈ એમણે ગરીબો ને અનાથો, નિરાધારો ને તરછોડાએલાંઓ માટે ખૂબ ગાયું છે. ૧૯ની વયે એમણે કાવ્યસર્જનનો આરંભ કર્યો ત્યારે મહેલાતોમાં મહાલનારા માટે નહિ પણ ધરતીની ધૂળમાં રમનારાઓ માટે જ કાવ્ય સર્જવાનો મનસૂબો કરેલો.

પીડિતો એને કચરાએલાઓ માટે એમના હૈયામાં સહાનુભૂતિ હોવા છતાં એમની એવી પરિસ્થિતિ સર્જનાર પ્રતિ એ કદી કટુ બન્યા નથી. સમગ્ર માનવજાતને એમણે પ્રેમભરી કરુણાથી જોઈ છે. જીવનમાં અનેક હાડમારીઓ ને દુ:ખો ભોગવ્યાં હોવા છતાં એમનાં કાવ્યોમાંથી કદી નિરાશાવાદ નીતર્યો નથી: ઊલટો, એમાં પ્રબળ આશાવાદ છે. એમના 'Sea Fever' નામના કાવ્યમાં એ લખે છે:

I have seen flowers come in
stony places,
And kind things done by
men with ugly faces,
And the Gold Cup won by
worst horse in the races,
So I trust, too.

એમનો આધ્યાત્મિક દૃષ્ટિકોણ એમના ખૂબ જ પ્રખ્યાત કાવ્ય 'ધી એવરલાસ્ટિંગ મર્સી'માં જોવા મળે છે. એમની ધાર્મિકતા, આધ્યાત્મિકતા, ને પુનર્જન્મમાંની એમની પ્રબલ શ્રદ્ધાનાં એમાં દર્શન થાય છે.

રાજકવિપદે એમની શક્તિને કુંઠિત કરી નાખી હોય કે પછી એમની સર્જનશક્તિમાં જ ઓટ આવી હોય, પણ ચાળીસી પછીની

એમની કૃતિઓમાં અગાઉનાં સર્જનો જેવી ચમક કદાચ દેખાતી નથી. કવિતા ઉપરાંત 'ધ ટ્રાયલ ઑવ જીસસ', 'ધ કમિંગ ઑવ ક્રાઈસ્ટ' 'ધ ફેઈથફુલ' ને 'ગૂડ ફ્રાઈડે' જેવાં નાટકો, 'એ મેઇન સેઇલ હૉલ' તથા 'એ ટર્પોલીન મસ્ટર' જેવી વાર્તાઓ, તેમજ 'કૅપ્ટન માર્ગારેટ', 'મલ્ટીટ્યૂડ ઍન્ડ સૉલિટ્યૂડ', 'ધ બર્ડ ઑવ ડૉમિંગ', ને બીજી ઘણી ઉત્તમ નવલકથાઓ ને જીવનકથાઓનું એમણે સર્જન કર્યું છે. 'ઈન ધ મિલ' તથા 'સો લૉંગ ટુ લર્ન' નામે બે આત્મકથાનક પણ લખ્યાં છે. એમનું ગદ્ય પણ પદ્ય જેવું જ રમ્ય અને સુરેખ રહ્યું છે.

લગભગ નવ દાયકા જેટલું એમનું દીર્ઘાયુષ જીવનના અનેકવિધ અનુભવોથી ભરેલું હતું. જિંદગીના અનેક રંગ એમણે જોયા અને જીરવ્યા અને કવિ તરીકેની અનુભૂતિથી પોતાના ૯૦ જેટલા ગ્રંથોમાં કાવ્યો, નાટકો, નવલિકાઓ, નવલો, કિશોરકથાઓ, નિબંધો ને જાહેર વ્યાખ્યાનો તથા શેક્સ્પીઅર વિષેના અભ્યાસલેખો વગેરેના સર્જન દ્વારા માત્ર અંગ્રેજીસાહિત્યને જ નહિ પણ જગતના સાહિત્યને પણ એમણે મોટું અને મોઘું પ્રદાન કર્યું. પોતાની સરળ અને કથનાત્મક શૈલી વડે એમણે કાવ્યસર્જનમાં ફરી એક નવો જ વળાંક સ્થાપ્યો: વિક્ટોરિયન યુગના 'લખાતા' પદ્યને બદલે એમણે 'બોલાતું' પદ્ય સર્જ્યું.

વિશાળ, પહોળા સ્કંધવાળા એમના ખડતલ દેહમાંથી નીકળતો એમનો મીઠો ધીમો અવાજ નવાઈ પમાડતો. તેઓ અણીશુદ્ધ સુજન હતા. પોતાના પત્રોને સીલ કરીને જ મોકલવાની એમની એક ખાસિયત હતી.

પ્રકૃતિ અને માનવજાતના અદના ચાહક, સાગરજીવનના ગાયક અને ઇંગ્લંડના આ સત્તરમા રાજકવિના અવસાન સાથે ત્યાંના રાજકવિપદનો પણ અસ્ત થશે કે શું? કેમ કે હજી એ પદે કોઈની નિમણૂક થઈ નથી.

નવાં પુસ્તકો

વોરા ઍન્ડ કંપની પ્રા. લિ.
રાઉન્ડ બિલ્ડિંગ-કાલબાદેવી રોડ-મુંબાઈ-૨

શામળભટ્ટની વાર્તાઓ: મધ્યકાલીન વાર્તાકાર શામળની પ્રેમ, શૌર્ય અને અદ્ભુત રસપૂર્ણ ચાર લાંબી પદ્યકથાઓનું કિશોરોને અનુલક્ષીને ડૉ. મધુસૂદન પારેખે કરેલું સરળ ગદ્યરૂપાંતર; કાચું પૂઠું, પૃ. ૯૫, રૂ. ૧-૫૦.

જે અગન-પિછોડી ઓઢે: નોબેલ પારિતોષિકના વિજેતા વિશ્વવિખ્યાત લેખક અર્નેસ્ટ હૅમિંગ્વેની, યુદ્ધથી થતા માનવમૂલ્યોના હ્રાસની અને માનવીની કોમળ ઊર્મિઓ તથા પ્રચંડ ભાવાવેગોની દીર્ઘકાય નવલકથા 'ફૉર હુમ ધ બેલ્સ ટોલ'નો રમેશ જાનીએ કરેલો અનુવાદ; પાકું પૂઠું, પૃ. ૭૭૦, રૂ. ૬.

વારસ: ઇચ્છાનુસાર ઘડતર કરવા માગતા પિતાની અભિલાષા? અને સમજણી થયા પછી જાતે જ પોતાનો વિકાસ સાધવા ઇચ્છતી પુત્રીના મનોરથ વચ્ચેના સંઘર્ષની કથા આલેખતી, હેન્રી જેમ્સની નવલકથાનો જયંત પારેખે કરેલો અનુવાદ; પૃ. ૨૭૨, રૂ. ૩-૦૦.

માયાવી ટાપુ: અદ્ભુત કલ્પનાશાળી જુલે વર્નની 'મિસ્ટીરીઅસ આઇલૅન્ડ' નામે વિખ્યાત કથા (જેમાં અમેરિકન આંતરવિગ્રહમાં સપડાએલા પાંચ સાહસિકો બલૂન દ્વારા નાસી જતાં એક અજાણ ટાપુ ઉપર આવી પડ્યા પછી જે પુરુષાર્થ ખેડે છે તેનું આલેખન છે તે)નો શ્રીકાન્ત ત્રિવેદીએ કરેલો કિશોરભોગ્ય સંક્ષેપ; કાચું પૂઠું, પૃ. ૧૦૬, રૂ. ૨.

હરનાથના સાન્નિધ્યમાં: ગિરનારનિવાસી યોગી હરનાથના આધ્યાત્મિક અને ચમત્કારિક વ્યક્તિત્વનું દર્શન કરાવતા પ્રસંગો; લેખક: મકરન્દ દવે, કાચું પૂઠું. પૃ. ૬૨, રૂ. ૧.

પ્રમુખનો વારસો: અમેરિકાના દિવંગત પ્રમુખ જૉન કેનેડીના ચિરસ્મરણીય ઉદ્ગારોનો સંગ્રહ; અનુવાદક: નગીનદાસ સંઘવી, પાકું પૂઠું. પૃ. ૧૦૮, રૂ. ૨-૫૦.

અમેરિકન સમાજ: પોતે કોણ છે અને કેવા છે એ પ્રશ્નોનું સતત ચિંતન કરતા અમેરિકનોના 'નવી ભૂમિ' પરના વસવાટથી આજ સુધીનાં મનોમંથનોના સારરૂપ રસપ્રદ લખાણોનો સંગ્રહ; મૂળ સંપાદક: કેનેથ એસ. લીન, અનુ૦ ડૉ. મધુસૂદન પારેખ, પૃ. ૨૭૫, રૂ. ૪.

અમેરિકાની વિદેશનીતિ: લગભગ દોઢેક સદી સુધી વિશ્વ-રાજકારણથી દૂર રહેલા અમેરિકાની વિદેશનીતિની હવે બદલાતી જતી રૂખનો ખયાલ આપી, અમેરિકન રાજકારણ પર સારો પ્રકાશ પાડતા, અર્નેસ્ટ આર. મે સંપાદિત લખાણનો વાસુદેવ મહેતાએ કરેલો અનુવાદ; પૃ. ૩૧૨, રૂ. ૪.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર - અમદાવાદ-૧

અમર ભારત: ભાગ ૧-૨ તીર્થસ્થાનો, ૩ નદીઓ અને પર્વતો. પ્રથમ બે ભાગમાં આપણા દેશનાં ૮૩ જેટલાં મહત્ત્વનાં તીર્થસ્થાનોનો ભૌગોલિક ને ઐતિહાસિક દૃષ્ટિએ વિસ્તૃત પરિચય, તથા ત્રીજા ભાગમાં આપણી મુખ્ય મુખ્ય નદીઓ અને પર્વતોની પૌરાણિક પાર્શ્વભૂમિકા સાથેની ઓળખ આપવા સાથે આજની દૃષ્ટિએ એ સૌનું મહત્ત્વ સમજાવતું આ પ્રકાશન જિજ્ઞાસુઓ માટે માહિતીપ્રદ ઉપરાંત પ્રવાસીઓને પણ ઉપયોગી છે. લેખક: જયંતકૃષ્ણ દવે; પૃ. અનુક્રમે ૪૨૪, ૩૭૬, ૨૫૬; કિંમત અનુક્રમે રૂા. ૪, ૩. ૨. પાકાં પૂઠાં.

રામ ઝરૂખા બૈઠ કે: કરસનદાસ માણેકની ૨૬ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ; કાચું પૂઠું, પૃ. ૨૫૬, કિં. રૂ. ૨-૦૦.

ટિકિટ-સંગ્રહ







આ માસની ૧૦મી તારીખે બ્રિટને ત્રણ સુંદર બહુરંગી ટિકિટો બહાર પાડી છે. એના પર (ડાબી બાજુથી અનુક્રમે) કલાકાર જ્યૉર્જ સ્ટબ્સનું 'કુદરતને ખોળે અશ્વો', ટી. એસ. લૉવરીનું 'શાળામાંથી છૂટતાં બાળકો' તથા સર ટૉમસ લૉરેન્સનું 'માસ્ટર લૅમ્બટન' નામે ત્રણ સુંદર ચિત્રકૃતિઓ આપી છે. પોતાને ત્યાંના કલાવારસાને આમ લોકભોગ્ય બનાવવાનો અને તેને વિદેશમાં પ્રસારવાનો ટપાલખાતાનો આવો પ્રયાસ સ્તુત્ય અને આવકાર્ય છે. જમણી બાજુ નીચે જે ટિકિટ છે તે, 'જિપ્સી મૉથ-૪' નામે એક નાની નૌકામાં એકલેપંડે ઑસ્ટ્રેલિયાના સિડનીથી ઊપડી મહાસાગરોને માર્ગે પૃથ્વીની પ્રદક્ષિણા કરી ઇંગ્લંડ પહોંચવાના સર ફ્રાંસિસ ચિચેસ્ટરના સાહસને બિરદાવવા ૨૭મી જુલાઈએ બહાર પડશે. (પ્રેષક: રમણલાલ સોલંકી–વેમ્એસી). ડાબી બાજુ: ગઈ ૧૧ જૂને મહારાણા પ્રતાપની જયંતી નિમિત્તે એમના માનમાં ભારતે બહાર પાડેલી ખાસ ટિકિટ.





અનુસંધાન] **કાલિદાસ નાગ** [પૃષ્ઠ ૨૫૯થી

તો એ મત છે જ નહિ. એમનું મગજ જેટલા વિચારોથી ઊભરાતું હતું, એમાંના થોડા જ તે કાગળ પર ઉતારી શક્યા છે. પોતાની ચીજ કે વ્યક્તિને ભૂલી જવી એવા વેદિયાવેડાની વિદ્વાનોની મર્યાદાથી ડૉ. નાગ મુક્ત હતા. બહુ ઓછા વિદ્વાનોમાં જોવા મળતી એમની વ્યાવહારિક સૂઝ-સમજને લીધે એમનું વ્યક્તિત્વ સંપૂર્ણ અને કુદરતી લાગતું હતું. એમની વિદ્વત્તાના ભાર નીચે એમની જીવનલતા કચડાઈ ગઈ નહોતી. જગતને એમણે કદી ય પોતાના અહમ્‌ના શિખરેથી નિહાળ્યું નથી. એથી તો એમના યુગની સૌથી વધુ મેધાવી વ્યક્તિઓમાંના એક હોવા છતાં સામાન્ય રોજિંદા જીવનમાં એમને કશી તકલીફ પડી નથી.

ફિલિપાઈન્સ યુનિવર્સિટીના અતિથિ-પ્રાધ્યાપક (ગેસ્ટ પ્રોફેસર) અને હેમલિન યુનિવર્સિટીના વિઝિટિંગ પ્રોફેસર તરીકે કાર્ય કરતા ડૉ. નાગે સંપાદક તરીકે પણ સફળ કામગીરી બજાવી હતી એની સાક્ષી પૂરે છે 'ઈન્ડિયા ઍન્ડ વર્લ્ડ' અને 'મહાબોધી ડાયમંડ જ્યુબિલી વૉલ્યુમ' જેવાં એમનાં સંપાદનો.

વિદ્વત્તા અને વક્તૃત્વકળા માટે વિપુલ પ્રસિદ્ધિ અને લોકપ્રિયતા મેળવનાર ડૉ. નાગ લેખક તરીકે પણ એટલા જ ખ્યાતનામ થયા હતા. રવીન્દ્રનાથ ઠાકુર સાથેના ચીન-સિલોનના પ્રવાસ અંગે એમણે લખેલું 'ટાગોર ઈન ચાઈના ઍન્ડ સિલોન', 'ઈન્ડિયા ઍન્ડ પેસિફિક વર્લ્ડ', 'આર્ટ ઍન્ડ આર્કિઑલૉજી એબ્રોડ' અને કલકત્તા યુનિવર્સિટીએ પાઠ્યપુસ્તક તરીકે માન્ય કરેલા 'ઈન્ડિયન હિસ્ટરી ઍન્ડ સિવિલિઝેશન' ઉપરાંત મૉસ્કો ખાતે ટૉલ્સ્ટૉય મ્યૂઝિયમમાં ડૉ. રાધાકૃષ્ણનના હસ્તે રજૂ થએલ 'ટૉલ્સ્ટૉય ઍન્ડ ગાંધીજી' અને ટાગોરની ૭૦મી વર્ષગાંઠે પ્રસિદ્ધ થએલા 'ગોલ્ડન બુક ઑવ ટાગોર'માં પણ એમનો ફાળો છે. ગાંધીજી, રામકૃષ્ણ અને વિવેકાનંદના ચરિત્રાલેખન માટે પાશ્ચાત્ય ચિંતક રોમાં રોલાંને સામગ્રી પૂરી પાડવામાં એમણે કરેલી સહાય અમૂલ્ય હતી.

જાહેર જીવનમાં પણ ડૉ. નાગ પ્રતિષ્ઠાવંત બન્યા હતા. સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદના નિયુક્ત સભ્ય હોવા ઉપરાંત તેઓ 'અમેરિકન ઍલમ્ની ફેલોશિપ' ને 'ઈન્ડો-મિડલ ઈસ્ટ એસોસીએશન (કલકત્તા)'-ના પ્રમુખ, 'ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ના આજીવન સભ્ય, 'ધ રૉયલ એશિયાટિક સોસાએટી'ના જનરલ સેક્રેટરી અને દિલ્હી-કલકત્તા-ન્યૂયૉર્ક-લંડન જાકાર્તા અને તોકિયોની 'ટાગોર સોસાએટી'ના આગળપડતા સભ્ય હતા.

વિરાટ બૌદ્ધિક પ્રતિભા, તલસ્પર્શી વિદ્વત્તા, સંમોહક વક્તૃત્વ અને મિલનસાર સરળ વ્યક્તિત્વનું જે મહામોલું સંયોજન ડૉ. નાગમાં હતું એવું કોઈ એક જ વ્યક્તિમાં થવું છેક અપ્રાપ્ય નહિ તો દુષ્પ્રાપ્ય તો છે જ. પ્રકૃતિને નાથવા મથનાર પશ્ચિમની, અને પ્રકૃતિના આક્રમણ સાથે સમાધાન સાધવા ઇચ્છતી પૂર્વની, એવી પરસ્પર વિરોધી વિચારસરણીઓના પ્રવાહોમાં સંવાદીરીતે તરનાર ડૉ. નાગે પશ્ચિમના આક્રમક અને આકર્ષક પ્રવાહમાં પણ પોતાના પૌરસ્ત્ય વ્યક્તિત્વને સાચવી જાણ્યું એ એમની અનન્ય સિદ્ધિ હતી. આપણી સંસ્કૃતિના આ ઉત્તમ પ્રતિનિધિને વડાં પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ સમુચિત અંજલિ આપી છે: 'He was a great representative of our culture and a scholar with a vast interest.'

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે ૪

સભા, ગેટેનું ઘર અને વિઝબેડનમાં

સવારે ઊઠ્યો ત્યારે ચિત્ત પ્રફુલ્લ હતું. હવે ઔપચારિક કાર્યક્રમો પૂરા થયા હતા. આજથી કૉન્ફરન્સની સાહિત્ય-બેઠક શરૂ થવાની હતી. નાસ્તા વખતે શ્રી ચાઉ રાહ જોતા હતા. આજે તેમને બોલવાનું હતું એટલે સમયસર પહોંચવાની ચોંપ હતી. નાસ્તો પતાવી અમારો રસાલો બહાર નીકળ્યો: શ્રી ચાઉ, એના એક સાથીદાર અને પેલી બે બહેનો—એમના દેશના પોશાકમાં શોભી ઊઠતી! વધારામાં એક બીજી બહેન પણ હતી: લાડ્ડા તાનીધાતક્રમ્; થાઇલૅન્ડની; બૅંગ્કૉકથી આવેલી; અતીવ સુંદર; એક સેનાપતિની પત્ની; નવલકથાઓ લખે અને વિવેચના કરે. અદ્‌ભુત વિવેકી. એશિયાનાં અમે બધાં મિત્રો થઈ ગએલાં એટલે એ પણ અમારા રસલામાં જોડાએલી.

વાતો કરતાં કરતાં સભાસ્થાને પહોંચી ગયાં. સભા દસ વાગ્યે મળવાની હતી. અમે તે પહેલાં પહોંચ્યાં હતાં એનો આનંદ મનમાં રમી રહ્યો. ભય લાગ્યો હતો રસ્તામાં, કદાચ મોડા પહોંચીશું એનો. ને આ પશ્ચિમના લોકો તો...તોબા માબાપ! એક પળ એટલે જાણે એક ડૉલર ન ચાલ્યો જતો હોય! એમની એ નિયમિતતા...

સભા શરૂ થતાં પહેલાં અમને બધાંને હેડ-ફોન્સ આપી દેવામાં આવ્યાં. માથાને આવરી લેતી પટ્ટી દ્વારા રિસીવરોને કાન પર લગાડી દેવાનાં. સાથે એક નાનું એવું મશીન હોય. એમાં સંસ્થાએ જે ભાષાઓ અધિકૃત ભાષાઓ તરીકે સ્વીકારી હોય તેની નિશાનીઓ હોય. આ સંસ્થામાં એ રીતે સ્વીકારાએલી ભાષાઓ ચાર હતી: અંગ્રેજી, ફ્રેન્ચ, જર્મન અને ઈટાલિયન. આ ચારમાંથી એક ભાષામાં વક્તાએ બોલવાનું. એકીસાથે ચારે ભાષામાં એનો અનુવાદ થતો જાય! પ્લૅટફૉર્મ પર બાજુઓમાં ઊભી કરેલી કૅબિનોમાં અનુવાદ કરનારાં સ્ત્રીપુરુષો બેઠાં હોય, તે અનુવાદ કરતાં જાય. આપણા હાથમાંના મશીનમાં, આપણે જે ભાષા સાંભળવી હોય તેની ચાંપ આપણે ફેરવીએ, એટલે તે જ ભાષાનો પ્રવાહ આપણા કાનમાં રેડાય.

સવારની બેઠકમાં સાતેક જણ બોલનારા હતા. પ્રમુખસ્થાને ઇંગ્લંડનાં જાણીતાં લેખિકા મિસ. સી.વી. વેજવૂડ હતાં. પણ અસરકારક બોલ્યા માત્ર બે જ જણ. બંને એશિયાના. એક કોરિયાના ચાઉ, બીજા ચીનના ડૉ. લૂ. ચીનના એટલે અસામ્યવાદી ચીનના—ફૉર્મોસાના. ડૉ. લૂનું ભાષણ ઉન્નત વિચારોથી ભર્યુંભર્યું હતું. એ ભાષણ જેમ એમની મુખમુદ્રા પણ કોઈ ઉચ્ચાશયી પુરુષની મુદ્રા હતી. ગાંધીજીને મળેલા. જવાહરલાલને ઓળખતા. એમને વિષે મને પૂછવા લાગ્યા. જાણે હું એમને નિત્ય મળતો ન હોઉં? એવું હસવું આવે!

બીજું સરસ ભાષણ અમારા ચાઉનું હતું. કાવ્યમય હતું. પોતાની એક કવિતા પણ બોલ્યા. સરસ હતી. ખૂબ તાળીઓ પડી એમને. મને ખૂબ જ આનંદ થયો. મેં ન કહ્યું એ 'અમારા ચાઉ' હતા!

બાકીનાં ભાષણો ખાસ સારાં નહોતાં. વિલાયતવાળા કૂપર તો ફીફાં ખાંડતા લાગ્યા. બાકીનાઓનું તો કશું યાદ રહે એવું પણ નહોતું.

એક વાગ્યે એ બધું પૂરું થયું. પેટમાં કકડીને ભૂખ લાગી હતી. બહાર નીકળતાં હિંગોરાણીને કોઈની જોડે વાતોમાં ડૂબેલા જોયા. યોગની હશે! તપાસ કરવા ન રોકાયો. દોડ્યો ગયો પેલી કાલવાળી રેસ્ટોરાંની દિશામાં. ખરાબ પણ ખાવાનું તો આપતી હતી! બીજી જગ્યાએ તો કદાચ એવું પણ મળે કે નહિ, કોને ખબર હતી!

દાદર ચડ્યો. બારણું ઊઘાડ્યું. નસીબદાર હતો. આજે પણ એક ટેબલ ઉપર એક જુવાન બેઠેલો હતો. ત્યાં પહોંચી ગયો. 'બેસું અહીં?' રજા માગી. જુવાન હસ્યો, મીઠું અને આવકારભર્યું. 'જરૂર, જરૂર' કહી વિવેક કર્યો. બેસતાંવેંત મેં પૂછ્યું: 'અંગ્રેજી આવડે છે?' આશ્વાસક શબ્દો એના મુખમાંથી સરી પડ્યા: 'લિતલ, લિતલ.' ફાવ્યો! 'મને ફાવે એવું કંઈ આમાંથી મંગાવી આપશો?' એની સામે મેનુ-કાર્ડ ધરતાં મારી જરૂરિયાત કહી દીધી. બધું સમજાવીને મને ભાવે એવી લાગતી ચીજો તેણે મંગાવી. અમે વાતોએ વળગ્યા.

આ જુવાન જુદો હતો કાલના જુવાનથી. એની સુંદર દંતપંક્તિ જ એનો પુરાવો હતી. ને એનો ભર્યોભર્યો ચહેરો ને ગુલાબી ગાલ! હસે ત્યારે એવું મીઠું લાગે! ને હસે પણ વારંવાર. એમાં યે જ્યારે એને ખબર પડી કે હું અહીં લેખકોની પરિષદ માટે આવ્યો હતો ત્યારે તો ખુશખુશ થઈ ગયો. કહે: 'મારો પનારો પણ લેખકો સાથે જ પડેલો છે.'

'શી રીતે?'

'એ લોકો લખે છે, હું એમનાં લખાણો વેચું છું.' 'ક્યાં?'

'અહીં બાજુમાં જ. જમી લીધા પછી આવશો?'

'જરૂર. મને એ તો ખૂબ ગમશે પણ.'

તેનું નામ હતું મ્યૂલ હોસેન. લડાઈમાં જઈ આવેલો—હિટલર પક્ષે. હવે હિટલરને ધિક્કારતો હતો. લગભગ આખું જુવાન જર્મની ધિક્કારે છે, તેમ. હિટલરને જ નહિ: યુદ્ધને પણ. કોઈ પણ યુદ્ધમાં જઈ આવનાર ધિક્કારે, એ રીતે. પણ ચાહતો હતો પુસ્તકોને, સંગીતને, સંસ્કારને. તેને માટે હું કાફ્કા નહોતો, એટલે કાફ્કા વિષે પણ વાત થઈ શકી! બીજા અનેક જર્મન લેખકોની સૃષ્ટિ પણ એ થોડી ક્ષણોમાં મારે માટે જીવંત થઈ ઊઠી. એ બધાંમાં હું, આમે ધીમું ખાનારો વધારે ધીમું ખાઈ શક્યો. તેણે ઘડિયાળ સામે જોયું. મેં કહ્યું: 'હવે હું સ્વસ્થ છું. તમે જાઓ: હું દુકાન પર આવી પહોંચીશ.'

'જાઉં?' કહી તેણે ફરી ઘડિયાળમાં જોયું. પણ ત્યાંથી હટ્યો નહિ.

'કેમ નથી જતા? મોડું નથી થતું?'

'મોડું તો થાય છે, પણ બેઠો છું. તમે જમી લો, પછી જઈશ.'

'અરે, એમ તે હોય? હું તો બહુ ધીમે ખાનારો છું. ને તમને કરી શકાય એટલા હેરાન મેં કરી લીધા છે.' એ હસ્યો—મધુર અને



પી. ઈ. એન. કૉન્ફરન્સમાં ડૉ. રાધાકૃષ્ણન ને શ્રી હંસાબેન સાથે લેખક



ફ્રૅન્કફર્ટનું એક દૃશ્ય. જમણી બાજુ જૂના ઑપેરાહાઉસનું મકાન છે

પ્રેમભર્યું. 'પણ, મારે હજી વિશેષ હેરાન થવું હોય તો?'

'યુ આર વેલકમ.' મેં કહ્યું. મને આ શબ્દપ્રયોગ ખૂબ ગમી ગયો હતો. ક્યાંય પણ 'થૅંક યૂ' કહીએ, એટલે આપણું ધૂળ અને ઢેફાં જેવું 'નો મેન્શન' નહિ, પણ 'યૂ આર વેલકમ' સામે મળે. ને એવા મધુરા સ્મિત સહિત! પાછી થોડી સરસ વાતો થઈ. પણ એ, હેરાન શી રીતે થવા માગતો હતો એ વાત તો છેક બિલ આવ્યું ત્યારે સમજાઈ. મારું બિલ પણ એણે જ ચૂકવવા લીધું. મેં ખૂબ આનાકાની કરી, પણ એ માન્યો જ નહિ. 'આજે તમે મારા મહેમાન કહેવાઓ.' અંતે હું થાક્યો ત્યારે મેં હસીને કહ્યું: 'આ તો અમારી કહેવત જેવું થયું તમારે.'

'શી છે એ કહેવત?'

'નમાજ પઢવા ગયા ત્યાં મસીદ કોટે વળગી!'

એ ખૂબ હસ્યો: 'સરસ છે એ કહેવત. પણ જુઓ. મારી કોટ મજબૂત છે.' કહી તેણે પોતાની વિશાળ માંસલ ગરદન બતાવી. પછી ઉમેર્યું: 'એટલે એને વાંધો નહિ આવે. પણ તમે મને નહિ, તો મારા દેશને તો યાદ કરશો જ ને?'

'આ વિના પણ યાદ કરત જ, હોં.' મેં કહ્યું. 'કેમ?'

'કેમ કે તમે બંને મને ખૂબ જ ગમી ગયા છો.'

'તો ચાલો, મારી દુકાન બતાવું. કદાચ એ તમને વિશેષ ગમશે.'

રેસ્ટોરાંમાંથી બહાર નીકળ્યો ત્યારે એક સંતોષભરી નજર મેં આજુબાજુ નાખી લીધી. આજે પેટ ભરાયું. હોટેલ ખરાબ નહોતી ત્યારે? તો મને વાનગીઓ પસંદ કરતાં જ નહોતી આવડી? તરત જ કાલવાળો પેલો જુવાન યાદ આવ્યો. સહેજે જ આજના જુવાન તરફ દૃષ્ટિ દોડી ગઈ. એક જ ઉમરના બંને માણસો. પણ કેટલા જુદા હતા! બેમાંથી એકને જ મળીને કે જાણીને આ દેશ અને એના માણસો વિષે અભિપ્રાય બાંધવા ગયો હોત તો? એવા જ અધૂરા અભિપ્રાયો આપણે કેવી સહજતાથી, જાણે આખરનું સત્ય ઉચ્ચારતા હોઇએ તેમ ઉચ્ચારી દઈએ છીએ? એમ ઓળખાતા હશે માણસો?

ઊભો રહી ગયો. હીસેનને પણ ઊભો રાખ્યો. વિનતિ કરી: 'કહી દોને આ લોકોને, કે હું આવું ત્યારે મને આજે આપ્યું હતું એ જ ખાવાનું આપે. હજી ચારપાંચ દિવસ મારે અહીં આવવું પડશે.'

'જરૂર, જરૂર. વિથ પ્લેઝર.' કહી તેણે મૅનેજરને બધું સમજાવી દીધું. મૅનેજર હસ્યો. હાથ મિલાવ્યા. અમે બન્ને દાદર ઊતરી ગયા.

હીસેનની દુકાન નાની હતી, પણ સમૃદ્ધ હતી. તેણે મારી સામે પુસ્તકોના ઢગલા કરી દીધા. હું તો માત્ર નામ જ વાંચી શકતો હતો, પણ એ નામ પરિતૃપ્તિકર હતાં. થોડી ક્ષણોમાં તો હું કાફ્કા ને રિલ્કે, ટૉમસ માન ને યોહાન્ન ગેટેની વચ્ચે ગોઠવાઈ ગયો! એ સજ્જનોને હજી પૂરા જોઈ શકું તે પહેલાં તો મારી સામે આપણા જ માણસો ડોકાઈ રહ્યા: જવાહરલાલ ને રાધાકૃષ્ણન્; ને ખજૂરાહો ને કોણાર્કનાં અપ્રતિમ શિલ્પોને સમાવી રહેતી આપણી કલાની સૃષ્ટિ પણ.

ઊંચે જોયું. પેલો જુવાન હસતો હતો. જાણે કહી રહ્યો હતો: 'જાણીએ છીએને અમે પણ થોડુંઘણું તમારા ભારતને?'

છૂટા પડવા માટે હાથ મિલાવ્યા ત્યારે હૃદયમાં એક જાતની અનેરી ધન્યતા ઊભરાતી હતી. આ પ્રસન્નમુખ જુવાનથી છૂટા પડવાનું મન થતું નહોતું. પણ હવે પછી એક અત્યંત રસિક કાર્યક્રમ હતો, ને તેમાં હાજર રહેવું અનિવાર્ય હતું. નહિ તો ગેટેના ઘરનાં દર્શન કદાચ હું મારી મેળે કરી શકું, પણ નિષ્ણાત ભોમિયાની મદદથી એ ઘરના ખૂણે-ખૂણાને જે હું માણી કરી શકું એ શી રીતે થઈ શકે? ત્યાંથી નીકળીને લગભગ દોડ્યો જ. આળસુ ગણાતા ભારતવાસીને આટલી ઝડપથી પોતાના શહેરના રસ્તા વટાવતો જર્મનોએ ભાગ્યે જ જોયો હશે.

ત્યાં પહોંચ્યો ત્યારે શ્વાસ હેઠો બેઠો. હાશ, હજી તો વાંધો નથી! હજી માણસો પટાંગણમાં એકઠાં થતાં હતાં. ગેટેના ઘરમાં પ્રવેશ કરવાને હજી પાંચસાત મિનિટની વાર હતી. એ પાંચસાત મિનિટો પૂરી થતાં બધાંની જોડે એ ઘરમાં પ્રવેશ કર્યો. જાણે કોઈ યાત્રાધામમાં જતો હોઉં એવા ભાવ હૃદયમાં ઊભરાતા હતા.

વિશાળ ઘર હતું. જૂની ખાનદાનીના નમૂનારૂપ. શ્રીમંત માણસો હતા ગેટેના પૂર્વજો. અસલી શ્રીમંતાઇને છાજે એ રીતે ઘરને શણગાર્યું હતું. આ ઘરમાં જ ગેટે જન્મ્યો હતો, અને પોતાની જુવાનીનાં પહેલાં સત્તાવીસ વર્ષ તેણે આ ઘરમાં જ ગાળ્યાં હતાં. પછી વીમર ચાલી ગએલો. એક ઓરડામાં તેનાં નાના-નાનીનાં અને માતા-પિતાનાં મોટાં તૈલચિત્રો હતાં. અત્યંત પ્રભાવશાળી લાગતાં હતાં. ગેટેની પોતાની એક નફકરા જુવાન તરીકેની છબિ એક ઓરડામાં ટાંગેલી હતી. તરત આંખમાં વસી જાય એવો જુવાન લાગે. ખુરશી ઉપર લંબાવીને બેઠો છે, ને હાથમાં રાખેલું કોઈક ચિત્ર ધ્યાનપૂર્વક જોઈ રહ્યો છે. આ મસ્ત માણસે એના દીર્ઘ જીવન દરમિયાન યુરોપને કેવું તરબતર કરી મૂક્યું હતું! તેનો જાદુ કેવો જબરદસ્ત હતો!

થાક્યો ત્યાં સુધી ફર્યા કર્યું. ઓરડે ઓરડો જોયો. પૂરું થયું ત્યારે જ સમજાયું કે પગ દુખવા આવી ગયા હતા. સાથીદારોને શોધવા પ્રયત્ન કર્યો. હિંગોરાણી અદૃશ્ય હતા. ચાઉ અને એનાં મિત્રો પણ દેખાયાં નહિ. એકલું જ હોટેલ પર જવું પડ્યું. પણ ત્યાં જતાંવેંત આનંદ પડ્યો. ઘેરથી પત્રો આવ્યા હતા. આ આટલા જ દિવસ ગયા હતા એ તો એમને મન જાણે કેટલો બધો કાળ વીતી ગયો હોય તેમ લાગતું હતું! એ વાંચતાં મને પણ એટલી જ તીવ્રતાથી ઘર યાદ આવી ગયું! પણ હજી ત્યાં પાછા ફરવાને તો ખાસ્સી એવી વાર હતી. ને પાછું રાતે તો વિઝબેડનમાં પ્રિન્સ ઑવ હેસે તરફથી થનારા સ-ન્માન-સમારંભમાં હાજર થવાનું હતું.

પેટ ભરીને આરામ કર્યો. થોડા પત્રો લખ્યા. મિત્રોને યાદ કર્યા. અત્યારે એ બધા સાથે હોય તો? આ નવીન દેશ, તેનાં માણસો, તેની વિવિધતાઓ, એ બધાંનાં આકર્ષણમાં ઓર વધારો થઈ જાય: ત્યાં તો શ્રી ચાઉનો ટેલિફોન આવ્યો: 'ક્યારે નીકળવું છે વિઝબેડન જોવા!'

નાકણુ જ શું કહ્યું, અને તૈયાર થઈ ગયા.

અમને વિઝબેડન લઈ જવા માટે સ્ટેશને બસો તૈયાર હતી: લક્ઝરી બસો. નવી નક્કોર. સગવડોથી ભરેલી. ચોખ્ખી તો એવી...ને પોચીપોચી બેઠકોવાળી. સંધ્યાકાળ હતો, એટલે હવા પણ ખુશનુમા હતી. એમાં આવી બસમાં એક કલાકની મુસાફરી કરવાની હતી: સમાનધર્મી સાથીઓના સંગાથમાં. બસ ઊપડ્યા પહેલાં જ હૃદયમાં આનંદ વરતાવા માંડ્યો. ઊપડી પછી તો એ આનંદ દ્વિગુણિત, ત્રિગુણિત, અનેકગણો થઈ ગયો. જર્મનીના પ્રખ્યાત ઓટોબાન (મોટર માટેના જ રસ્તા) પરથી બસ લસરતી જતી હતી. આટલા મોટા રસ્તા, ને આટલા સરસ, જીવનભરમાં દેખ્યા નહોતા. એ રસ્તાઓ ઉપર માત્ર મોટરો જ ચાલે, મનુષ્યો નહિ, બીજાં વાહનો પણ નહિ! પહોળા, વિશાળ, એકધારા એ રસ્તા જેને વીંટી લેતા હતા તે ભૂમિપ્રદેશ પણ સુંદર હતો. બંને બાજુએ, વચ્ચેવચ્ચે, નાનાં સુઘડ ઘરો આવે. રમકડાં જેવાં લાગે વૃક્ષોની સમૃદ્ધિનો તો પાર નહિ. જાણે કોઈ સ્વપ્નમાં વિહાર કરી રહ્યાં હોઈએ તેવું લાગતું હતું. કાળ પણ એવો રમણીય હતો. એ અને હજી થોડાં જ વર્ષો પહેલાં હિટલરનાં પ્રખ્યાત લશ્કરોએ આ રસ્તા પરથી જઈને આખા યુરોપને ખૂંદી નાખ્યું હતું. મોત વરસાવતાં ભારેખમ વાહનો આ રસ્તા પરથી પસાર થયાં હશે એવો તો જાણે ખયાલ જ ન આવે. કુદરત પણ કેવું બધું ભૂંસી નાખે છે! ને ભૂલી પણ જાય છે: પણ હવા એવી ખુશનુમા હતી કે એ બધા વિચારો લાંબા વખત સુધી હૃદયને રોકી રાખી શકે નહિ. એ સ્થળનું સૌન્દર્ય હૃદયને આ બધા વિચારોમાંથી ક્યાંનું ક્યાં દૂર ધકેલી ગયું, ને વિઝબેડનના એ વિશાળ મહાલયમાં તેને હાજર કરી દીધું.


ભાષણો થયાં. મારે માટે નકામાં હતાં. એક તો હું કશું સમજતો નહોતો; ને બીજું, આવી સુંદર સંધ્યાએ આવા સમુચિત સાથમાં આવાં ઔપચારિક ભાષણ સમજવામાં સમય પણ કોણ વેડફે? એ વિશાળ હૉલમાં એક સરસ જગ્યા શોધી લીધી. ત્યાં સાથીદારો સાથે બેસી ગયો. એ સાથીદારો બસમાં બદલાઈ ગયા હતા. હવે ડૉ. હિંગોરાણી મારી સાથે થઈ ગયા હતા. તેમની સાથે માદામ ઑલિવિયર નામની એક ફ્રેન્ચ લેખિકા હતી. તેની ઓળખાણ કરાવી. હેતાળ સ્ત્રી લાગી. અંગ્રેજી સરસ બોલતી હતી. રસપૂર્વક વાતો કરતી હતી. જમતી વખતે પોતાની સાથે બેસવા આગ્રહ કર્યો. મેં કહ્યુ: 'હું તો તમારું જમણ બગાડી નાખીશ.' તે હસી: 'શી રીતે?'

'મારાથી અમુક જ ખાવાનું ખવાય. એની લપછપ ઝાઝી. મને અહીંની ભાષા આવડે નહિ. એ લોકો મને સમજે નહિ. સાથે બેસનારને કંટાળો આવે. એમાં તમને મારે ક્યાં...?'

એ ખડખડાટ હસી પડી: 'તો તો બહુ સરસ. મને અહીંની ભાષા આવડે છે, ને હું બોલું એ અહીંના લોકો સમજે પણ છે. હું તમારી તકલીફ બચાવી આપીશ. એક સારું કામ કર્યાનો મને આનંદ મળશે. ને—' આંખમાં હાસ્યની ચમક લાવી: 'તમારી કંપનીનો પણ.'

હું હસ્યો. 'ત્યારે અહીં યુરોપમાં એકલા પુરુષો જ શિવલ્રસ હોય છે એવું નથી, કેમ?'

'તમે જુઓ તો ખરા!' કહી તેણે બાજુમાં જગ્યા કરી આપી. તેની જોડે બીજી બાજુ પાકિસ્તાનના અઝીઝ અહમદ હતા. એ વળી ઓર મૂર્તિ હતા. જ્યારે જુઓ ત્યારે કોઈ ને કોઈ સ્ત્રીની સાથે જ હોય. ને એવા મલકમલક થતા વાતો કરે! પેલી સ્ત્રીઓ પણ ખુશ દેખાય. માણસ હોશિયાર હતા. વાતો કરે ત્યારે એમનું તેજ દેખાય. લંડનમાં ક્યાંક પ્રોફેસર હતા. એમણે ને માદામ ઑલિવિયરે મારે માટે સરસ



ગેટેના ઘરમાં. દીવાલ પરની બંને છાયાછબિ ગેટેની જ છે

વાનીઓ મંગાવી આપી. સામે બેઠેલા હિંગોરાણી હસ્યા: 'ફાવ્યા ને?'

જમણ સરસ થયું. ભાષણો તો આ લોકોએ પણ સાંભળ્યાં હોય એવું લાગ્યું નહિ. પીણાં ઊંચી જાતનાં હતાં. તેને તેઓએ સારો ન્યાય આપ્યો. સ્ત્રીઓ પણ જે લિજ્જતથી પીતી હોય છે! પણ પીવા વિષેની આપણી માન્યતા બદલાઈ જાય. આપણે પાણી કે છાશ જેમ જમણ સાથે લઈએ તેમ એ લેવાતું હોય. માદકપણું તો ક્યાંયે દેખાય નહિ.

પણ અમે માદક બની ગયાં હતાં એ બધા વાતાવરણથી. ત્રણસો-ચારસો માણસો બેસી જેમાં ઉત્તમ રીતે ગોઠવાઈ શકે અને ભોજન લઈ શકે એવો મોટો હૉલ, સરસ ભોજન, સુંદર સગવડો અને મનને ગમે એવી મંડળી. પાછાં પણ સાથે જ નીકળ્યાં. સત્તર અઢાર વર્ષની એક જુવાન છોકરી આ વખતે સાથે થઈ ગઈ. માદામ ઑલિવિયરે ઓળખાણ કરાવી: 'આ મારી પુત્રી.' કૉલેજમાં ભણતી હતી. સુંદર હતી. વાતોડિયણ તો ખરી જ. સુંદર હોય, યુવતી હોય, ફ્રેન્ચ હોય ને વાતોડિયણ ન હોય? રસ્તો જાણે મિનિટોમાં કપાઈ ગયો.

સ્ટેશનથી એ લોકો મને મારી હોટેલ સુધી મૂકવા આવ્યાં. છૂટા પડતી વખતે માદામ ઓલિવિયરે કહ્યુ: 'તમે વાર્તાલેખક છો ને? તો મારે તમારી વાર્તા વાંચવા જોઈએ; કાલે.'

'ભલે' મેં કહ્યુ, ને છૂટા પડ્યો.

સવારે નાહીધોઈને તૈયાર થઈ ફરી પાછો કૉન્ફરન્સની સાહિત્યિક બેઠકમાં ગયો. ભાષણોની શરૂઆત અમેરિકાના લીઓં ડેલ નામે લેખકે કરી. છટાથી બોલતા હતા, પણ ખાસ કશું નવું કહેવા જેવું તેમની પાસે હોય તેમ લાગ્યું નહિ. વિજ્ઞાન અને અધ્યાત્મને સામસામે ટકરાવતા હતા. બહુ મઝા નહોતી આવતી. થાક પણ લાગતો હતો. એટલે જરા આરામ મેળવવા બાજુમાં ફર્યો. સ્ટીફન સ્પેન્ડર મારી બાજુમાં બેઠા હતા. તેમને પૂછ્યું: 'સાઈકૉલૉજિકલ નૉવેલ' નામનું પુસ્તક જેમણે લખ્યું છે તે જ આ સજ્જન!'

તેમણે કહ્યુ: 'એ ખબર નથી, પણ આ ભાષણ તો એ ચોપડી જેટલું ખરાબ છે જ!' સ્પેન્ડરની વૃત્તિ એવું મર્માળું બોલવાની ખૂબ. બીજી એક સ્ત્રી બોલવા આવી. જુવાન અંગ્રેજ સ્ત્રી હતી. દેખાવે પણ ખરાબ નહિ. મેં સ્પેન્ડરને પૂછ્યું: 'આની નવલો સારી હોય છે?'

તેમણે કહ્યુ: 'એનો દેખાવ સારો છે!' એમ જ હશે; કેમ કે મને પણ એનો દેખાવ જ યાદ રહી ગયો છે, નામ નહિ. (ચાલુ)

સંખ્યાલેખનની કેટલીક પૌરાણિક પદ્ધતિઓ

કેશવપ્રસાદ શાહ

આ લેખ સીધો વાંચવા કરતાં એ વાંચતાંવાંચતાં એને સમજવા માટેના જરૂરી મુદ્દા તારવતા જઈ ધીરેધીરે સ્પષ્ટતાથી આગળ વધતા જશો તો લાભદાયી નીવડશે.

દુનિયામાં લેખન સ્વરૂપે સંખ્યાની રજૂઆત માટે આજે જે પદ્ધતિ ચાલે છે તે મૂળ ભારતે શોધેલી. હિંદુઓ પાસેથી શીખીને અરબોએ તે યુરોપમાં ફેલાવી, તેથી એ હિંદુ-અરબ પદ્ધતિ કહેવાય છે. એ પદ્ધતિ એટલે આપણી 'દશાંશ સંખ્યાલેખન પદ્ધતિ'. પ્રારંભમાં તો ઘણે સ્થળે એની સામે ઠીકઠીક વિરોધ જાગેલો. પણ એ પદ્ધતિના ઇતિહાસનો અભ્યાસ કરતાં તેની પાછળનાં ઘણાં રસપ્રદ કારણો જાણવા મળશે.

દુનિયામાં—ખાસ કરીને એશિયા યુરોપ ને અમેરિકાના કેટલાક દેશોમાં સંખ્યાલેખનની જુદીજુદી પદ્ધતિઓ ચાલતી હતી. એ બધી છોડી દઈને આ હિંદુ-અરબ પદ્ધતિ સ્વીકારવાનું કારણ શું? એ સમજવા માટે એમાંની ત્રણ પૌરાણિક પદ્ધતિઓનો ખયાલ મેળવીએ.

આપણે જાણીએ છીએ કે આપણી પૃથ્વીને સૂર્યની આસપાસ એક ચક્કરાવો લેતાં ૩૬૫ દિવસ લાગે છે. દિવસોની એ સંખ્યા જુદીજુદી પદ્ધતિમાં કઈ રીતે દર્શાવાય છે તે જોઈશું, તો એક જ સંખ્યા દર્શાવવા એ ચારેમાં કેટલો બધો ફેર છે તે જણાશે?

૫૦૦૦ વર્ષ પહેલાં ઈજિપ્તમાં	𓍢𓍢𓍢 ∩∩∩ ∩∩∩ III II	દિવસ
૪૦૦૦ વર્ષ પહેલાં બૅબિલોનિયામાં	III III III II	દિવસ
રોમમાં	CCCLXV	દિવસ
આજની પ્રચલિત દશાંશ પદ્ધતિમાં	૩૬૫	દિવસ

આ રકમો જોઇને તમે એમાંના કોઈ મુદ્દા પકડી શક્યા છો ખરા? નહિ? તો હવે નીચેના કોઠાનો ઝીણવટથી અભ્યાસ કરો અને દરેક પદ્ધતિ પાછળ છુપાએલા મુદ્દા તારવવા વધુ પ્રયત્ન કરી જુઓ

દશાંશ પદ્ધતિ ઇ.સ. ૬૦૦ પૂર્વે	ઇજિપ્શિયન ઈ.પૂર્વે ૩૩૦૦	બૅબિલોનિયન ઈ.પૂર્વે ૨૦૦૦	રોમન
૭૨	∩∩∩ ∩∩∩ ∩ II	I< II	LXXII
૧૦૮	𓍢 III III II	I << III << III II	CVIII
૧૩૩	𓍢 ∩∩∩ III	II< III	CXXXIII
૧૪૪	𓍢 ∩∩∩∩ IIII	II<< IIII	CXLIV
૧૯૨	𓍢 ∩∩∩ ∩∩∩ ∩∩∩ II	III< II	CXCII
૬૬૬	𓍢𓍢𓍢 ∩∩∩III 𓍢𓍢𓍢 ∩∩∩III	<I III III	DCLXVI
૩૩૩૩	𓆼𓆼𓆼 ∩∩∩ 𓍢𓍢𓍢 III	<<< III <<< << II III	MMMCCCXXXIII

હવે તમે થોડાએક મુદ્દા તો જરૂર પકડી શક્યા હશો. સારો એવો પ્રારંભિક પ્રયત્ન કરી લીધો હોય તો હવે નીચેના પ્રશ્નોના જવાબ શોધવા પ્રયત્ન કરો. એટલે તમારા મનમાં કેટલીક વધુ સ્પષ્ટતા થશે:

(૧) આ ચારમાં કઈ પદ્ધતિથી વધુમાં વધુ મહેનત કરવી પડે છે?

(૨) કઈ પદ્ધતિથી સૌથી ઓછી મહેનત દેખાય છે?

(૩) મહેનતની દૃષ્ટિએ ચારેનાં નામ ઊતરતા ક્રમમાં ગોઠવો.

(૪) જેને બૅબિલોનિયન પદ્ધતિ કરતાં ઇજિપ્શિયન પદ્ધતિમાં ઓછાં ચિહ્નોથી દર્શાવાઈ હોય એવી કોઈ રકમ કોઠામાં છે? કઈ?

(૫) જેને રોમન પદ્ધતિ કરતાં બૅબિલોનિયન પદ્ધતિમાં ઓછાં ચિહ્નોથી દર્શાવાઈ હોય એવી કોઈ રકમ કોઠામાં છે? કઈ?

(૬) દસ હજારથી નાની સંખ્યા દર્શાવવા માટે (ક) ઇજિપ્તની પદ્ધતિમાં જુદાંજુદાં કેટલાં ચિહ્નો વાપરવાં પડે છે? (ખ) બૅબિલોનિયન પદ્ધતિમાં કેટલાં ચિહ્નો વાપરવાં પડે છે? (ગ) રોમન પદ્ધતિમાં અને (ઘ) હિંદુ-અરબ પદ્ધતિમાં જુદાંજુદાં કેટલાં ચિહ્નો વાપરવાં પડે છે?

(૭) ઇજિપ્શિયન પદ્ધતિમાં જુદાંજુદાં ચિહ્નો જે સંખ્યા દર્શાવે છે એમાં સ્થાનફેરથી સંખ્યાની કિંમત પર અસર થાય ખરી?

(૮) રોમન પદ્ધતિમાં જુદાંજુદાં ચિહ્નો કઈ કઈ સંખ્યા દર્શાવે છે? (પ્રારંભમાં રોમન પદ્ધતિમાં સ્થાનની કોઈ અસર ન હતી, પરંતુ પાછળથી એવી યોજના દાખલ કરેલી. આ કોઠામાં સ્થાનને કારણે કેટલેક સ્થળે ઘટાડાની અસર છે. એવી અસર ક્યાં ક્યાં છે?)

(૯) બૅબિલોનિયન પદ્ધતિમાં કંઈ વધુ વિશેષતા છે? એની રજૂઆત પાછળનું રહસ્ય શોધ્યો જોઈએ.


(૧૦) પ્રશ્ન ૯ના જવાબ માટે વધુ મુશ્કેલી અનુભવાય, તો નીચેની રીતે વધુ વિચાર કરો: આપેલી સંખ્યાઓમાં કોઈ વિભાગ તરીકે ૧૨, ૨૪, ૩૩, ૪૮ અને ૫૫ છુપાયા છે. એનાં ચિહ્નોના સમૂહ શોધો અને ત્યાર બાદ વધુ વિચારો. કંઈ વિશેષ મુદ્દો મળે છે ખરો?

(૧૧) બૅબિલોનિયન પદ્ધતિમાં સ્થાનફેરની અસર છે ખરી? ભારતીય પદ્ધતિમાં કોઈ એક સ્થાન ડાબી તરફ ખસે તો તેની અસર કિંમત પર શી થાય છે? બૅબિલોનિયન પદ્ધતિનું ચિહ્ન એક સ્થળ ડાબી તરફ ખસે તો તેની અસર કિંમત પર શી થાય છે?

હવે એક વધુ સંખ્યા ઉપલી ચારે રીતે લખી સહેજ ઊંડા ઊતરીએ.

દશાંશ	૧૨,૩૪,૩૨૧
ઇજિપ્શિયન	𓁨 𓆐𓆐𓆐 𓆼𓆼𓆼𓆼 𓍢𓍢𓍢 ∩∩ I
બૅબિલોનિયન	III II <<< <II <<< << III
રોમન	$\overline{\text{MCCXXXIV}}$CCCXXI

હવે કદાચ તમે ઘણું સમજી ગયા હશો. ત્યારે હવે ત્રણે પદ્ધતિની કેટલીક વધુ સ્પષ્ટતા આપું છું. એ તમારા સંશોધન સાથે કેટલે અંશે મળતી આવે છે તેનું તારણ કાઢજો.

દશાંશ પદ્ધતિમાં સંખ્યા	સંખ્યા માટેનું ઇજિપ્શિયન ચિહ્ન	ચિહ્ન દ્વારા રજૂ કરેલ પદાર્થ
૧		આંકો કે ઊભી લાકડી
૧૦		એડીનું હાડકું
૧૦૦		વીંટો
૧૦૦૦		કમળનું ફૂલ
૧૦૦૦૦		દર્શક આંગળી
૧૦૦૦૦૦		બર્બટ માછલી
૧૦૦૦૦૦૦		અચંબો પામેલો માનવી

આમાં (૧) સંખ્યાસમૂહો માટેનાં ચિહ્નો છે, પરંતુ સ્થાનના ફેરફારની અસર નથી. (૨) દરેક ચિહ્ન માટે દશના ઘાતનો સંબંધ છે. (૩) ૨ થી ૯ સુધીની સંખ્યાઓ માટે કોઈ ચિહ્નની યોજના નથી.

બૅબિલોનિયન સંખ્યાલેખન-પદ્ધતિ

(૧) ૧ માટે I અને ૧૦ માટે < એમ બે જ ચિહ્નો વાપર્યા છે. (૨) સ્થાનફેરની અસર છે તથા સાઠાંશ પદ્ધતિની યોજના છે. (૩) શૂન્ય માટેની વ્યવસ્થા નથી એટલે ગોટાળો થવાનો સંભવ છે. દા.ત. I II આ ચિહ્નો દ્વારા કઈ સંખ્યા સમજવી? ૬૨, ૩૬૦૨ કે ૩? અનેક મુશ્કેલીઓ અનુભવ્યા બાદ લગભગ બે હજાર વર્ષ પહેલાં એમણે શૂન્ય (ખાલી સ્થાન) દર્શાવવા ≮ ચિહ્ન વાપરવા માંડ્યું હતું. એ રીતે શૂન્યનો અધૂરો ઉપયોગ કર્યો હતો.

(૪) એ પદ્ધતિમાં બીજાં પણ કેટલાંક ચિહ્નોનો ઉપયોગ કરતા, પરંતુ અહીં આપણે વધુ ઊંડા ઊતરતા નથી.

રોમન સંખ્યાલેખન-પદ્ધતિ

દશાંશ સંખ્યા:	૧	૫	૧૦	૫૦	૧૦૦	૫૦૦	૧,૦૦૦
રોમન સંખ્યા:	I	V	X	L	C	D	M

(क) V અને Xના ડાબી તરફ I મૂકતાં એક ઘટે.

(ख) L અને Cની ડાબી તરફ X મૂકતાં દશ ઘટે.

(ग) D અને Mની ડાબી તરફ C મૂકતાં સો ઘટે.

(૨) સંખ્યાની ઉપરના ભાગમાં આડી લીટી મૂકવાથી સંખ્યા હજાર ગણી થાય છે જેમ કે $\overline{X}$=૧૦,૦૦૦; $\overline{XVI}$=૧૬,૦૦૦ વગેરે.


આ ત્રણ સંખ્યાલેખન પદ્ધતિના મુકાબલે હવે તમને દશાંશ સંખ્યાલેખન પદ્ધતિનું મહત્ત્વ દેખાયું હશે. ફ્રાન્સના મશહૂર ગણિતશાસ્ત્રી પીરી સાયમન લૅપ્લે (૧૭૪૯-૧૮૨૭)એ દશાંશ સંખ્યાલેખન પદ્ધતિને દુનિયાના સૌથી વધુ ઉપયોગી માનવસર્જન તરીકે ગણાવી છે.


તમને જાણતાં નવાઈ લાગશે કે સંખ્યા અને સંખ્યાલેખન-પદ્ધતિ એ એક નથી. સંખ્યાના ગુણધર્મો કરતાં સંખ્યાલેખન પદ્ધતિને કારણે પણ કેટલાક જુદા ગુણધર્મો મળે છે. તમે એ શોધવા પ્રયત્ન કરજો.

થોડી અસ્પષ્ટતા હોય તો આપેલા કોઠાનો ઉકેલ સમજવાનો હવે ફરીથી પ્રયત્ન કરશો તો સારી સ્પષ્ટતા થઈ જશે. બાકી આ પદ્ધતિઓમાં ખાસ મુશ્કેલી નથી. અંતમાં આ પદ્ધતિઓ પર તમને કેટલી પકડ આવી છે તેની ચકાસણી કરવા નીચેની કસોટીના જવાબ શોધજો :

કસોટી : નીચેની સંખ્યાઓને બાકીની ૩ પદ્ધતિથી દર્શાવો.

(क) ૧૨૫, ૧૯૬૭, ૫૨૮૦. કોઈ સંખ્યા માટે કોઈ પદ્ધતિમાં મુશ્કેલી પડે છે? શી?


(ख) 

(ग) 

(घ) LIX, $\overline{D}$, MCMXCI

(क) અને (ख) બન્નેમાં તમને એક પદ્ધતિમાં સંખ્યા દર્શાવતાં મુસીબત પડશે. કહો ત્યારે શૂન્યની ઉપયોગિતા શા માટે છે?

શતરંજનો કોયડો



G. SACHODAKIN

સ્થિતિ : 16/p6B/p1N5/1p1b4/k-5P1/8/2K5.

કોયડો : સફેદે રમવાનું અને જીતવાનું.

અહીં સફેદ પાસે કાળાનાં બે પ્યાદાંના બદલામાં એક ઘોડો અને એક જ પ્યાદું છે. જો તે પ્યાદું અને ઊંટ કાળો અદલાબદલીમાં મારી શકે તો સફેદ પાસે ફક્ત ઘોડો જ રહે. આપણે જાણીએ છીએ કે ફક્ત રાજા સામે રાજા અને ઘોડાથી મ્હાત થઈ શકતો નથી. છતાં સફેદ કેવી રીતે જીતે છે? **સુરેશ મોદી**

['અંતની રમત'–end game studies પર આધારિત આ કોયડાઓને બદલે શતરંજની એક આખી રમત આપવાની કેટલીક માગણીઓ પછી મે માસમાં એ અંગે વાચકોના અભિપ્રાય મંગાવેલા. પણ એ વિષે બહુ ઓછા પત્રો મળ્યા છે. ફરી એક વાર એ માગણી મૂકીએ છીએ. જો હજી પણ એ વિષે કંઈ જાણવા નહિ મળે તો એમાં વાચકોને હવે રસ નથી એમ સમજી આ માળા બંધ કરવા વિચારીએ છીએ. –સં.]

શતરંજના કોયડાનો ઉકેલ

ઉકેલ : 1 N–K6, B–B7; 2K–N1, સફેદ રાજાને R7 ઉપર આવતો અટકાવવા.

2 ..., B×P;

સફેદનું પ્યાદું તો ગયું. હવે ફક્ત ઊંટ અને ઘોડો જ રહ્યા. મ્હાત માટે ઓછામાં ઓછી જરૂરિયાત. 3 N–B5

આ ચાલથી સફેદ 4 B–B1 મ્હાતની ધમકી આપે છે.

3..., P–N6; 4 B–B8!

હવે 6 N–K4 dis ch, K–R5, 6N–B3. મ્હાતની ધમકી આપે છે.

4 ..., B–K8; 5 N–Q3 dis.ch., B–N5, 6 B×Bch, P×B. ઊંટ પણ ગયો.

7 N–N2, P–R4; 8 K–R1, P–R5 9 N–B4 mate.

રાજા અને ઘોડાથી ફક્ત રાજાને મ્હાત કરી શકાતો નથી પણ જો રાજા સાથે એક કે વધુ પ્યાદાં હોય તો ઘોડો પણ મ્હાત માટે પૂરતો છે. એનો આ એક સુંદર દાખલો છે!

અતીતનાં મોતી

ધનસુખલાલ મહેતા

હું એક વખત, ઑલ ઇન્ડિયા રેડિયો તરફથી દિલ્હી જતો હતો. ચાર બર્થના કમ્પાર્ટમેન્ટમાં એક નીચેનો બર્થ મારો અને બીજો એક બર્થ એક વૃદ્ધ સરદારજીનો હતો. તેમની પાસે તરતની પ્રસિદ્ધ થએલી ફીલ્ડ માર્શલ મૉન્ટગોમરી (મૉન્ટી)ની આત્મકથા હતી.

વીસપચ્ચીસ મિનિટ સરદારજીએ એ પુસ્તક વાંચ્યું અને પછી ઊંઘવાની તૈયારી કરી. એથી મેં એ પુસ્તક વાંચવા માગ્યું. બીજે દિવસે સવારે એમણે ફરીથી મને એ વાંચવા માટે ધર્યું ત્યારે મેં કહ્યું કે મેં તો કાલે રાતે જ એ પૂરું કર્યું હતું. વાંચવાની મારી ઝડપથી સરદારજી પ્રસન્ન થયા અને પછી તો અમે વાતોએ ચડયા.

સરદારજી પાર્લમેન્ટના સભ્ય હતા અને અનેક વાર જેલમાં પણ જઈ આવ્યા હતા. વયમાં આમ વૃદ્ધ લાગતા હતા, પણ મને લાગેલું કે એ મારાથી મોટા તો નહિ હોય; કારણ કે તે વખતે તો હું ખાસ્સો ઉમરચોર હતો. એમણે ઘણીઘણી વાતો કરી, તેમાં રફીઅહમદ કિડવાઈનાં એમણે ભારોભાર વખાણ કરેલાં તે હજી હું ભૂલ્યો નથી. સરદારજીના મતે કિડવાઈ જેવા સંત માણસ બહુ ઓછા હતા. મિનિસ્ટર તરીકે પગાર આવે તેમાંથી જે થોડાક એમનાં પત્ની તરત જ લઈને ઊંચા મૂકે તેટલા જ ઘરખર્ચ માટે રહે. બાકીના કિડવાઈ સાહેબના ખિસ્સામાં જ રહે, અને માગનાર ભૂલે! જે માગે તેને આપે! એમણે એક વાત કરી. કિડવાઈના મૃત્યુ પછી જવાહરલાલ એમને ત્યાં ગયા. જોયું તો છાપરાનાં નળિયાં તદ્દન તૂટેલાં જણાયાં. પંડિતજીએ કહ્યું: 'ભાભી, મિનિસ્ટરના ઘરનાં છાપરાનાં નળિયાં તૂટેલાં!' શ્રીમતી કિડવાઇએ આંખમાં આંસુ લાવીને કહ્યું: 'ભાઈ, તમે કયાં એમને નહોતા ઓળખતા? એ તો ફકીર હતા!'

અત્યંત ગરીબીમાંથી લખપતિ થતા મિનિસ્ટરોના આ જમાનામાં કિડવાઈ જેવો સંત કેવી રીતે શોભે?

આપણે ત્યાં એકાંકીઓનો ફાલ જબ્બર ઊતરે છે. મેં એમાંનાં ઘણાં વાંચ્યાં છે, પણ મને લાગે છે કે ડબ્લ્યુ. ડબ્લ્યુ. જૅકબ્ઝના 'Monkey's Paw' (વાંદરાનો પંજો) અને વિલ્બર સ્ટૉલના 'Light House' (સ્ટેશન માસ્ટર) જેવાં એકાંકી મેં જોયાં નથી. એ બંનેનું મેં રૂપાંતર કર્યું છે એટલે આ લખતાં મને ક્ષોભ થતો નથી.

ત્રિઅંકી નાટકોમાં આસાનીથી સમાય એવા વસ્તુને એકાંકીમાં એમના લેખકે જે કૌશલથી વણી લીધું છે તે અદ્ભુત છે. બંનેમાં અભિનયને પૂરો અવકાશ છે, કારણ કે એ બંને લગભગ મેલો ડ્રામા છે અને એમાં 'વાંદરાનો પંજો' તો ભયાનક કરુણાન્ત છે.

'સ્ટેશન માસ્તર' એક વાર કૃષ્ણકાન્ત શાહ, વિજય દત્ત અને સુધા ઠક્કરે ભજવ્યું હતું, અને તેનો સન્નિવેશ રમેશે કરેલો. નાટક ખરેખર સરસ ભજવાયું હતું અને જ્યારે એને પ્રથમ ઈનામ નહિ મળ્યું ત્યારે પ્રેક્ષકોમાં ખળભળાટ મચી ગયો હતો. 'વાંદરાનો પંજો' પાંચેક વાર ભજવાયું હતું, પણ તે બધા જ પ્રયોગો સાધારણ સારા હતા.

અમારા સાંતાક્રુઝમાં તે વખતે નવરાત્રીમાં નવેનવ દિવસ નાટકો, ગરબા, રાસ, નૃત્ય વગેરે થતાં અને તે પણ તદ્દન મફત. તે વખતે હમણાંના સુપ્રીમ કૉર્ટના જજ શ્રી શેલત અમે આ ઉજવણી કરતા તેની સામે જ રહેતા. ઘેર પણ ઘોંઘાટથી ઉજાગરો તો થવાનો જ, તો પછી શા માટે બધાની સાથે બેસી ગપ્પાંની લાણી કરતાં કરતાં ઉજાગરો નહિ કરવો, એવા વિચારથી શેલત ત્યાં રોજ આવતા.

છેક છેલ્લે દિવસે મેં એકાંકીમાં 'વાંદરાનો પંજો' રજૂ કર્યું. એમાં જે નાયિકા થતી હતી તેના અવાજમાં જોઈતો કંપ નહોતો આવતો. મેં ઘણી વાર રિયાઝ કરાવી પણ એ થડકો ન આવે. આખરે મારે જરા નિર્દય થવું પડયું. એ નાયિકા થનાર યુવતીની પુત્રી જન્મથી બહેરી અને મૂંગી હતી; બાકી એ ઘણી જ હોશિયાર અને ચાલાક. પણ આ ખોડથી માને ખૂબ આઘાત લાગ્યો હતો. મેં એને કહ્યું કે જ્યારે તમારે બોલવાનું આવે, ખાસ કરીને અંત ભાગમાં, ત્યારે તમારે તમારા આ દુ:ખનો વિચાર કરવો; તો તમારા કંઠમાં આપોઆપ એ થડકો આવી જશે. અને બન્યું પણ તેમ જ. એ યુવતીએ ગજબનો કરુણ અભિનવ કરી બતાવ્યો અને પ્રેક્ષકોમાંનાં ઘણાં રડી પડયાં. શ્રી શેલતે તો એ જોયા પછી મને કહેલું: 'ધનુભાઈ, આ આઠ દિવસ હું તમને મનમાં ઉજાગરા કરાવવા માટે શાપ દેતો હતો, પણ નવમે દિવસે આ નાટક જોયા પછી હું તે પાછા ખેંચી લઉં છું. મેં ઇંગ્લંડમાં આ જ પ્રયોગ અંગ્રેજીમાં ભજવાતો જોએલો, પણ અહીં જેવી અસર ત્યાં નહોતી થઈ!'

ઘણી વાર માબાપ-મુખ્યત્વે બાપ-પોતાનાં સંતાનો માટે બહુ ઊંચો મત ધરાવે છે. એથી એ સંતાનો અનેક વાર મુશ્કેલીમાં પણ મુકાઈ જાય છે. મારા મોટા ભાઈના એક મિત્ર બૅરિસ્ટર હતા. કોઈક ઓળખીતાના ચેમ્બરમાં બેસતા. તેમણે મારા ભાઈને વાત કરેલી: 'શું કહું, જયસુખભાઈ! હું બી.એ.માં બે વર્ષે પાસ થયો, છતાં કોણ જાણે શાથી બાપાજીએ ધારી જ લીધેલું કે હું કોઈ જીનિયસ છું! વિવેકથી જેટલી ના પાડી શકાય તેટલી મેં પાડી, પણ તે એકના બે થયા નહિ અને મને સિવિલિયન થવા ઇંગ્લંડ મોકલ્યો. અલબત્ત, પરિણામ હું જાણતો હતો તે જ આવ્યું: ખાસ્સા રૂપિયા વીસ હજારનો ધુમાડો કરી હું પાછો આવ્યો.

બાપાજી નિરાશ થયા અને સમય જતાં મૃત્યુ પામ્યા. અત્યારે એ વીસ હજાર મારી પાસે હોત અને હું બૅરિસ્ટર ન થયો હોત તો કોઈ પણ કામ કરીને આનંદ કરતો હોય. પણ આ તો હું બૅરિસ્ટર, એટલે નાની નોકરી થાય નહિ, અને મોટી કોઈ આપે નહિ! છતાં આપણા યત્ન ચાલુ છે. કોઈ વખતે સ્મૉલ કૉઝિઝ કોર્ટમાં કે મૅજિસ્ટ્રેટ તરીકે નીમાઈ જઇએ તો કામ ઓહો થઈ જાય. બાકી તો આ ચેમ્બરમાં બેસી બધા જોડે ગપ્પાં માર્યા કરીએ છીએ.'

આ જ પ્રમાણે, હું નાનપણમાં મીણબત્તીનાં ખોખાંમાંથી આગગાડીના ડબ્બા બનાવતો, છબીઓની ફ્રેમો મઢતો, ટોપીઓ પર ભરવા માટે ડિઝાઈનો ચીતરી આપતો, તેથી બાપાજીએ ધારી લીધું કે દીકરો ઈજનેર તરીકે નામ કાઢશે! મેં ઘણી ના કહી, પણ સાંભળે કોણ? વળી તે વખતે બંગભંગની ચળવળ જોસમાં ચાલે અને કૉલેજોમાં મોકલી ગ્રૅડ્યુએટ કરવા એ બાપાજી જેવા ઘણાને ગમતી વાત નહિ, એટલે આપણે વિક્ટોરિયા જ્યુબિલિ ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટમાં વીજળીના ઈજનેર થવા ગયા.

ત્યાં ચાર વર્ષ મોજ કરી, ને પરીક્ષકોનાં મન પર સારી અસર કરી શકું એવી જવાબ આપવાની આવડત, સુંદર અક્ષરો તથા જ્યાંત્યાં સ્કેચ પણ દોરી દઉં, એ બધાંથી ચારે વર્ષ પ્રથમ વર્ગમાં પાસ તો થયો; પણ વ્યવહારમાં એમાંનું કશું કામ લાગ્યું નહિ. એ ગળી જઈ રેલવેમાં ટેલિગ્રાફ ઈન્સ્પેક્ટર થયો. તેમાં યે દૂર છેક ગંગાપુર બદલી થઈ, એટલે રાજીનામું આપી વેપારી લાઇનમાં નોકરીએ રહી ગયો. આમ-

તેમ પંદરેક નોકરી બદલી, જેમાં બે નોકરી લાંબો સમય કરી : સર વિઠ્ઠલદાસ ઠાકરશીને ત્યાં સાત વર્ષ અને સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીમાં વીસ વર્ષ. આખરે હૃદયરોગને લીધે વહેલો નિવૃત્ત થઈ ગયો.

રેલવેમાં મેં બે વર્ષ નોકરી કરી તેથી રેલવેનું સારું જ્ઞાન. રેલવેમાં ટેલિગ્રાફ ઈન્સ્પેક્ટરનો કોડ વર્ડ હતો : 'આઈ. પી. આર.' આ આઈ. પી. આર. માટે એક ગમ્મત થએલી. બન્યું એવું કે અમે ચંદ્રવદનનું 'આગગાડી' ભજવીએ. ચંદ્રવદને એમની ટેવ પ્રમાણે એક વાર કહ્યું કે આ નાટકમાં કોઈ વિગતની ભૂલ બતાવે તો હું સો રૂપિયા હારી જાઉં.

મેં તરત જ કહ્યું કે 'ભાઈ રહેવા દેને. સો રૂપિયા શા માટે ફેંકી દે છે?' પણ એ ભાઈ માને? મેં તરત જ કહ્યું કે 'આગગાડી'ને પહેલે પાને જ તમે આઈ. પી. આર. એટલે ટિકિટ ઈન્સ્પેક્ટર લખ્યું છે એ તદ્દન ખોટું છે. આઈ. પી. આર. એટલે તો ટેલિગ્રાફ ઈન્સ્પેક્ટર.

'ગપ નહિ માર; તારી વાત તદ્દન ગલત છે.' સી. સી. બોલ્યો : 'તને રેલવેનું શું જ્ઞાન?' મેં એને શાંતિથી સમજાવ્યું કે 'આઈ. પી. આર.ની પદવી હું જ પોતે રેલવેમાં ભોગવતો હતો અને એનો અર્થ ટેલિગ્રાફ ઈન્સ્પેક્ટર. હવે સમજણ પડી!'

'તું પણ કમબખ્ત દોઢસો નોકરી કરી આવ્યો લાગે છે તો! ઠીક છે, બીજી આવૃત્તિમાં સુધારી લઈશું!' અને આમ કહીને સી. સી.એ ધીમેથી વાત બદલી નાખેલી.

મેં એક કાળે સંગીતના ક્ષેત્રમાં ઠીકઠીક ડહોળ્યું હતું અને સાંતાક્રુઝમાં બે વખત છ છ મહિના એક સંગીત કલબ પણ ચલાવેલી. પણ કમનસીબે હું સમય પહેલાં હતો, કારણ કે બંને વખત એ કલબ સૂઈ ગઇ; અને હવે જે કલબ ચાલે છે તે અત્યંત સરસ ચાલે છે.

તે વખતે મારા બે મિત્રોએ મને એક વાર કહેલું કે સંગીતમાં તબલાં–પખવાજ વગેરે ન હોવાં જોઈએ, કારણ કે એનો તાલ સાચવવા જતાં સંગીત કૃત્રિમ બની જાય છે. મને યાદ છે કે તે વખતે મેં એમને જવાબ આપેલો તે કાંઈક આવો હતો: તમે બંને તબલાંનો કક્કો જાણતા નથી એટલે તમને તબલાં જરૂરનાં નથી એમ કહેવાનો જરા પણ હક્ક નથી. તબલાંના પારંગતો જ એનો બહિષ્કાર કરવાનું કહી શકે. એ જ પ્રમાણે જેમને છંદનું જરા પણ જ્ઞાન નથી તે એમ નહિ કહી શકે કે છંદ કાવ્યોના માર્ગમાં અડચણરૂપ છે માટે એને કાઢી નાખવા જોઇએ.

નાનાલાલે સુંદર કાવ્યો લખેલાં, સુંદરતર ગેય ગીતો લખેલાં, પછી જ અપદ્યાગદ્ય જોડે એમણે રમત કરેલી. મુલ્કમશહૂર પિકાસોએ સમર્થ ચિત્રકાર બન્યા પછી જ એની લાક્ષણિક અળવીતરી કલાનું સર્જન કર્યું. અલબત્ત, હમણાં એણે પોતે જ કહ્યું હતું કે મારી આ કલા એ માત્ર એક તૂત છે; અને પિકાસોની કલા પર વારી જનારા અને ગજબ મોટી રકમ આપીને ખરીદી લેનારા આના જવાબમાં કહે છે કે પિકાસો આ કથન મશ્કરીમાં જ કરે છે!

ગમે તે હો, પણ મને ઘણી વાર વિચાર આવે છે કે આપણે ત્યાં કેટલાક જુવાન ચિત્રકારો મૉડર્ન આર્ટ કરે છે એમાંના કેટલા સિદ્ધ આલેખનશક્તિ ધરાવતા હશે? માનવપાત્રની સીધી આકૃતિ પણ દોરી શકતા હશે? એ જ રીતે આપણા કેટલાક 'આધુનિક' કવિઓને પડકારી ન શકાય?

આ વિષે પરમ સ્નેહી શ્રી રામપ્રસાદ બક્ષી સાથે ચર્ચા કરતાં તેમણે કહેલું થોડુંક સ્મૃતિમાંથી ટપકાવું છું :

'રૉમૅન્ટિક પ્રકારની દિશામાં સારી રીતે આગળ વધેલી છતાં નિયમબદ્ધ પદ્યરચના, સુશ્લિષ્ટ પ્રસાદમય વાણીઘટના વગેરે તત્ત્વોમાં ક્લાસિકલ શૈલીના સંસ્કાર જાળવતી કવિતા સ્વેચ્છાએ જે બંધન સ્વીકારે તે એની સુંદરતાને નડતર કરનારાં નથી નીવડતાં બલ્કે વધારે શોભાવનારાં નીવડે છે. સિદ્ધહસ્ત કલાકારને કલાનાં સૌંદર્યસાધક નિયમબંધનો બંધનરૂપ નથી રહેતાં, પણ કલા વધારનારાં નીવડે છે.'

મારા બાપાજીને હું નાટકમાં ઊતરું તે ગમતી વાત નહોતી. એક વાર ન્યાતનું સંમેલન હતું અને બાપાજી બહારગામ ગએલા, એ તકનો લાભ લઈ મેં ઝંપલાવ્યું. કોઈ કરુણરસ નાટિકા હતી એમ યાદ છે. પણ બાપાજી તે જ દિવસે અચાનક આવી ગયા અને સંમેલનમાં પણ આવ્યા. મારે સારે નસીબે, બાપાજીને મારો અભિનય ખૂબ ગમ્યો અને મને તખ્તા પર ઊતરવાની છૂટ મળી ગઈ. પણ તે વખતે અભિનયકારને ગાતાં તો આવડવું જ જોઇએ એમ હતું, અને મને ગાતાં બિલકુલ આવડતું નહોતું. સૂરની સમજ ખરી પણ ગળામાંથી સાચો લય નીકળે નહિ, એટલે એ વિચાર માંડી વાળવો પડ્યો.

નવી રંગભૂમિમાં પણ જો ગીત રાખ્યાં હોત તો ચન્દ્રવદનથી માંડીને કંઈ કેટલા નિષ્ણાત અભિનયકારો તેમજ ઘણી યે સારી અભિનેત્રીઓ પણ કંઠમાં ગાણું ન હોવાને કારણે રંગમંચ પર આવી શકી ન હોત. અત્યારે પણ હું એમ માનું છું કે રંગભૂમિ પર ગીત-નાટકો, ને ગીત વગરનાં નાટકો એમ બે પ્રકાર ખેડાવા જોઇએ. ગીત-નાટકોમાં સંગીત ખૂબ, લગભગ ઑપેરા જેવું જ હોય. આમ થાય તો રંગભૂમિ પર એક અનોખો જ સંગીત-પ્રકાર ઉદ્ભવે; અને ગદ્યનાટકમાં ગીત ન હોય એથી જેમને નાટકમાં ગીત નથી જોઈતું એ વર્ગ પણ સંતોષાય.

હજી કેટલાક એમ માને છે કે ભરતમુનિએ પોતાના નાટ્યશાસ્ત્રમાં લખ્યું છે કે 'નાટકમાં સંગીત અનિવાર્ય છે.' આ વિષે મેં પંડિતોને પૂછેલું અને તેઓ ભાર દઇને જણાવે છે કે સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં એવો આદેશ છે જ નહિ. હા, સંગીત એમાં ગૂંથી લો તો બાધકર્તા નથી.

જ્યાં જ્યાં માનવી હોય ત્યાં ત્યાં મખ્ખીચુસ પણ હોય જ. સાધારણ હાથ જરાક કડક રાખે તે તો સારો ગુણ ગણવો જોઈએ; પણ કંજુસાઈની અતિશયોક્તિ જ્યારે જોવામાં આવે છે ત્યારે આપણે ચકિત થઈ જઇએ છીએ અને ખેદ પણ પામીએ છીએ. આવા ઘણા મખ્ખીચુસ મેં જોયા છે, પણ એમાંના થોડા કદી ભુલાય એવા નથી.

એક વૃદ્ધ સરકારી નોકર. નિવૃત્તિ લઇને રહેતા હતા. તેમના એકના એક પુત્રનાં લગ્ન. અમે ન્યાતમાં પીરસવા રહેલા. પકવાનની ન્યાત. પંગત બેઠી. અમને એક બંધ ઓરડામાંથી પેલા ગૃહસ્થે જાતે પકવાન કાઢી આપ્યાં. અમે પીરસીને પાછા આવ્યા—એમાંથી તો પા પંગતને જ પીરસી શકાયું હતું—ત્યાં જોઈએ તો રૂમને મોટું તાળું!

અમે બૂમાબૂમ કરી, એટલે એ ગૃહસ્થનાં પત્ની આવ્યાં અને એમણે ધીમેથી અમારામાંથી સૌથી મોટો પીરસનાર હતો એને જરા આઘે બોલાવીને કહ્યું : 'માફ કરજો, પણ તમે તો એમનો સ્વભાવ જાણો છો ને! આ ઓરડો બંધ કરી, કૂંચી લઈને ઉપર જઈને સૂઈ ગયા છે. જરા જઈને, સમજાવીને કૂંચી લઈ આવો.' પેલા ભાઈ અને અમે બીજા બેએક ઉપર ગયા અને એમની પાસે કૂંચી માગી. એ ગૃહસ્થ તો ચિડાઈને ગ્રાડ થઈ ગયા અને બોલ્યા : 'મને તમારે બધાએ મળીને ભીખ મંગાવવી છે ભીખ! લો, આ તમારી કૂંચી! આખો ઓરડો લૂંટાવી દેજો!' આમ કહી તેમણે કૂંચી અમારા તરફ ફેંકી, પણ પોતે તો નીચે ન જ આવ્યા. એમનાથી એ પકવાન લૂંટાતું જોવાયું જ નહિ!



પચ્ચીસ વર્ષ પહેલાં


જુલાઈ ૧૯૪૨ અંક ૨૨૩

શ્રી રવિશંકર રાવળની ઉત્તર ભારતની સંસ્કારયાત્રામાં કાશીનાં સંસ્કારધામોનો રસપ્રદ પરિચય તથા પુરાતન મિસરની સંખ્યાબંધ ચિત્રો સાથેની સમૃદ્ધ તવારીખ જે પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'માં પ્રકટ થયાં હતાં તેને ઉતારવાની લાલચ રોકીને અહીં તો, એ અંકમાં ભૂતકાળની શોધમાં નીકળેલા શ્રી અમૃતલાલ પંડયાએ કચ્છના રણપ્રદેશમાં જ્યારે દરિયો ઘૂઘવતો હતો એ કાળના પશ્ચિમ ભારતના એક અગ્રગણ્ય બંદર કોલ્લાપત્તનનું સ્થાન શોધી એના સમર્થનમાં જે વિગતો આપેલી તે ટૂંકમાં જોઈએ:

"કુંવર છોડી ત્રણેક માઇલ ચાલ્યા પછી એક નાની નદી આવી. તેનાં બે વહેણ હતાં. સામે પાર એક નાનું દહેરું હતું. તેની પાસેના ઝાડ નીચે ત્રણ આયરો ઘેટાંબકરાં લઇને બેઠા હતા. હું પણ જરા વિસામો ખાવા ત્યાં બેસી ગયો. એમાંનો એક તો કુંવરનો જ હતો. વાતો કરતાંકરતાં મેં તેમને પૂછ્યું: 'આ રણ જ્યારે દરિયો હતું તે વખતનાં કોઈ બંદરનાં નિશાન આટલામાં કયાંય હશે?' એ સાંભળી કુંવરવાળો આયર તરત બોલી ઊઠયો: 'તમે કહો છો એવું તો તમે પછવાડે જ મૂકતા આવ્યા છો. રણ જ્યારે દરિયો હતું તે વખતે કુંવરમાં વહાણો લાંગરતાં. એ વખતે ગોદી હતી તે ટેકરો પણ હજી છે. કુંવરને એ જમાનામાં કોલાપુર-પાટણ કહેતા. કુંવરની આથમણી બાજુ, બે ખેતરવા દૂર રણને કાંઠે એ ટેકરો છે. પાસે જ તરેણ નામનું ગામડું છે.

ફરી ત્રણ માઈલનો પંથ કાપી હું પાછો ત્યાં ગયો. કુંવરથી અર્ધો માઇલ પશ્ચિમે પહોંચતાં રણનો જૂનો કાંઠો આવ્યો. ક્ષિતિજ છેક રણની સપાટી સુધી પથરાએલી પડી હતી. નજીકમાં જ પેલો ટેકરો દેખાયો. હું તેના શિખર ઉપર જઈ ને બેઠો, અને ધીમેધીમે આ સ્થળનું પ્રાચીન ગૌરવ મારા મનમાં ખડું થઈ ગયું.

ઍલેક્ઝાન્ડરના મરણ પછી બૅક્ટ્રિયાના વંશવેલામાં બીજા સૈકામાં મીનાન્ડર નામે તેજસ્વી રાજા થયો. ઉત્તર અને પશ્ચિમ હિંદમાં છેક ગંગાના તટપ્રદેશ સાથે ગુજરાત પર પણ તેનું આધિપત્ય હતું. મીનાન્ડરે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો ને મિલિન્દ કહેવાયો. આ મિલિન્દે




ઈસ્વી સનની શરૂઆતમાં કચ્છના રણ ઉપરનો પ્રાચીન સમુદ્ર તે પરનાં બંદરો અને તે વેળાનો ગુજરાતનો દરિયાકાંઠો ↓ સરસ્વતીપુરાણમાં જણાવ્યું છે કે સિદ્ધરાજે સહસ્રલિંગના કાંઠે કોલ્લાપુરપીઠ સ્થાપેલી. વિદ્વાનો એ કોલ્લાપુરને દક્ષિણનું કોલ્હાપુર માને છે, પણ તે આપણા ઘરઆંગણાંનું જ આ કોલ્લાપુર કેમ નહિ હોય?

એક સંતને પૂછેલા પ્રશ્નો અને તેના એમના તરફથી અપાએલા ઉત્તરોનો સંગ્રહ પાલી ભાષાના 'મિલિન્દ પણ્હો' ગ્રંથમાં છે. એમાં આપેલી એક પશ્ચિમ હિંદના દરિયાકાંઠે આવેલાં બંદરોની યાદીમાં ભરુકચ્છ, સુરઠ, કોલ્લાપત્તન અને સુવીર આ બંદરોનાં નામો છે. આમાંના 'કોલ્લાપત્તન'નું નામ કુંવરના પ્રાચીન નામ 'કોલા (પુર) પાટણ' સાથે મળતું છે. ખરું જોતાં તો એ નામ સંસ્કૃતનું શુદ્ધ પ્રાકૃત રૂપ છે. એની પહેલાંનું નામ સુરઠ એટલે કે 'સુરાષ્ટ્ર' બંદરનું છે જે કાઠિયાવાડના કાંઠા પરનું એક બંદર હતું. કોલ્લાપત્તન પછી સુવીરનું નામ છે. એ સુવીર, સૌવીર દેશનું બંદર હતું. સિંધુ નદીની પૂર્વે લૂણીના પ્રવાહ સુધી આ પ્રદેશ વિસ્તરેલો હતો ને તેની દક્ષિણ સીમા કચ્છના રણસાગરને ઉત્તરે આવી મળતી હતી. એ વિસ્તારમાં હાલના નગરપારકરની નજીક આ સુવીર બંદર આવેલું હતું. આમ, કોલ્લાપત્તનની સ્થિતિ કાઠિયાવાડ ને લૂણીના મુખ વચ્ચેના વિસ્તારમાં હોવાનું જણાય છે ને બરોબર તે જ વિસ્તારમાં આપણું આ કોલા(પુર)પાટણ આવેલું છે; એટલે એ જ સ્થળ બીજા સૈકાનું કોલ્લાપત્તન બંદર લાગે છે, જ્યાં ગ્રીકોનાં વહાણો આવતાં-જતાં. બીજા સૈકામાં કચ્છના રણસમુદ્રમાં વહાણો ચાલતાં એ વાત પેરિપ્લસે પણ નોંધી છે.

સરસ્વતીમાહાત્મ્ય અને સરસ્વતીપુરાણ પ્રમાણે 'સરસ્વતી (કુંવારકા) નદી સિદ્ધપુરના બિંદુ સરોવર પછી દધીચિ આશ્રમ, ચંદ્રતીર્થ, પ્રાઙ્મુખી, પીલપર્ણિક, સ્વર્ગદ્વાર (પાટણ પાસે) ગોવત્સ, લોહયષ્ટિ (લોટેશ્વર) અને ઝિલાણ (ઝિંઝુવાડા) તીર્થ થઈ ત્યાંથી કોલા નામના સ્થળે મળે છે' એ વાત સાચી છે. સરસ્વતી એ જ ગામ આગળ હાલ પણ કચ્છના રણને મળે છે. આમ આ કોલાપુર કે કોલ્લાપત્તન (પાટણ) નામ લોકવાયકા ઉપરાંત આ પૌરાણિક પુસ્તકો પરથી પણ જણાઈ આવે છે.

કોલ્લાપત્તન એટલે શું? પ્રાચીન કાળમાં બંદરને પત્તન કહેતા. પાછળથી એ 'પુર' માટે વપરાયો છે. કોલ્લા એ સંસ્કૃતનો શબ્દ નથી. દ્રવિડી ભાષાઓમાં તેનો અર્થ પશ્ચિમ દિશા થાય છે. આમ કોલ્લાપત્તનનો અર્થ થયો 'પશ્ચિમ દિશાનું બંદર', જે કુંવરને માટે યથાર્થ છે. એની દ્રવિડી ઉત્પત્તિ દર્શાવે છે કે ગુજરાતમાં આર્યોના આગમન પૂર્વે વસતા દ્રવિડોએ એની સ્થાપના કરેલી હોવી જોઇએ.



કોલ્લાપત્તનના અવશેષોને પોતાના પેટાળમાં સમાવીને પડેલો ટેકરો (સ્કેચ: અ. પંડયા)



મધુકરી

અહીં આષાઢનું ઘનનીલ જ્યાં આકાશ ભાળું છું,
મને એ આંખડીની સજલ કાજલ યાદ આવે છે;
ઝરે ઝરઝર સલિલ-ધારા ચમકતી વીજળી વ્યોમે,
અને વનરાઈમાં ભીનો પવન ઉન્મત્ત શો ઘૂમે,
કશીક ઊંડી વ્યથાના અંકુરો મુજ પ્રાણમાં ફૂટે;
અહો, શી વાત આ કલશોર અંતરમાં મચાવે છે!
(અનુવાદ: નાથાલાલ દવે) —રવીન્દ્રનાથ ઠાકુર

સદ્‌ગત પદ્મભૂષણ નવાબ મેહદી નવાઝ જંગ

ગુજરાતની પ્રજાનું એક મોટું સદ્‌ભાગ્ય હતું કે પોતાના અલગ રાજ્યના આરંભથી જ એને નવાબ શ્રી મેહદી નવાઝ જંગ જેવા સંસ્કારપૂત ઓલિયા રાજપુરુષ પ્રથમ રાજ્યપાલ તરીકે મળ્યા હતા; અને એટલે, ગઈ ૨૮ જૂનની રાત્રે ત્રણ વાગ્યે હૈદરાબાદમાં એમનું એકાએક અવસાન થતાં ગુજરાતને એનો સવિશેષ આઘાત લાગે એ સ્વાભાવિક છે.

ભૂતપૂર્વ નિઝામ રાજ્યમાં ગોવલકોંડાના બાદશાહ સુલતાન અબ્દુલ્લા કુત્બશાહના ખાનદાનમાં ઈ. ૧૮૯૪ની ૧૪મી મેએ એમનો જન્મ થએલો. એમના પરિવાર-સંબંધો ઈરાન સાથે હતા, પણ હૈદરાબાદમાં વસતા હિંદુ સરદારોના તે પરમ મિત્ર હોઈ અનેક પ્રકારે માનવજીવનનાં મૂલ્યોના તેઓ જાણકાર હતા. રાજ્યપાલ તરીકેની અહીંની પાંચ વર્ષની એમની કારકિર્દીમાં એમણે ગુજરાતના જીવનમાં ઊંડો રસ લઈને ગરીબથી શ્રીમંત ઘરો સુધી પોતાની ઊંચા પ્રકારની દિલાવરીથી દિલ્લગી સ્થાપી દીધી હતી. ઈ. ૧૯૧૬થી ગાંધીજીના આદર્શો પ્રતિ એમને અનુરાગ થએલો. નિઝામ રાજ્યમાં અનેક મહત્ત્વના અધિકારો સંભાળ્યા પછી ભારતની સ્વતંત્રતા બાદ કૉંગ્રેસમાં અને સરકારમાં ઉચ્ચ કોટિના અમલદાર તરીકે એમણે આપેલી અનેકવિધ સેવાઓ પ્રસિદ્ધ છે. એમની એ બધી કારકિર્દીનો પરિચય અગાઉ 'કુમાર'ના ૪૯૬ (માર્ચ ૧૯૬૫)મા અંકમાં આવી ગયો છે.

એમણે જ્યાં જ્યાં કાર્ય કર્યું ત્યાં એમની વ્યાપક માનવતા અને મહોબતની ફોરમ તેઓ મૂકતા ગયા છે. ગુજરાતના રાજ્યપાલ તરીકે તેમણે પ્રજાજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અને કાર્યોમાં રસ લઈ તેમાં પ્રગતિ અને પ્રકર્ષ સ્થાપવામાં તેઓ અગ્રણી રહ્યા હતા. આરોગ્ય, દયા, કલા-સંસ્કાર કે સંશોધન માટે તેઓ સદાગ્રહી રહી એમાં બનતી સહાય અને ઉત્તેજન આપતા. વિદ્યાર્થીઓ, બાળકો અને સ્ત્રીઓની સંસ્થાઓ માટે એમને પક્ષપાત હતો. કોઈ પણ અદનો ભાવિક જન એમને રાજભવનમાં સરળતાથી મળી શકતો.



કલા-કારીગરી માટે એમની નજર અને પસંદગી અનોખી હતી. રાજભવનના મુખ્ય ખંડને એમણે ગુજરાત-સૌરાષ્ટ્રના હીરભરત ને મોતીના ચાકળાથી તથા સંખેડાના રંગીન લાખકામવાળાં રાચરચીલાંથી શણગાર્યો હતો. રાજભવનના કેટલાક ઉજ્જડ રહેલા ભાગને સમરાવીને નવી યોજના કરી ઉપયોગી બનાવ્યા હતા. તેઓ કદી વિદેશી સૂટ-પોશાકમાં નજરે પડયા નથી. સાદો ભારતીય પોશાક



ઉત્તરમાં ધ્રુવતારાને ઓળખો છો? સપ્તર્ષિના દર્શકતારા તેની તરફ જ મંડાએલા છે. અથવા સપ્તર્ષિના જ આકારે ઝાંખા તારાનો એક સમૂહ ઉત્તરમાં થોડે ઊંચે બારે માસ દેખાય છે એની પૂછડી પર છેલ્લો તારો તે ધ્રુવતારો(Polaris-Pole-star). અને એ તારામંડળ તે ધ્રુવમત્સ્ય (Ursa minor).

ધ્રુવતારો ખરેખર ધ્રુવ નથી. પૃથ્વીની ત્રાંસી રહેતી ધરી પણ પાછી ચક્રાકારે ફરતી રહે છે. લગભગ ૨૬૦૦. વર્ષે તે એક ચક્ર પૂરું કરે છે. આને પૃથ્વીની 'વિષુવાયન ગતિ' કહે છે. આ ધરી આકાશમાં જે કાળે જે બિંદુ તરફ તકાએલી હોય તે ધ્રુવબિંદુ અને આ બિંદુની ઉપરનો યા એની વધુમાં વધુ નજીક દેખાતો તારો તે એ કાળનો ધ્રુવતારો ગણાય છે. આજનો આપણો ધ્રુવતારો પણ હકીકતે તો ધ્રુવબિંદુથી એકાદ અંશ દૂર હોઈ એ પણ ધ્રુવબિંદુની આસપાસ અતિ નાના વર્તુળમાં પ્રદક્ષિણા કરે છે. ઈ. સ. ૨૦૦૦ આસપાસમાં એ ધ્રુવબિંદુની વધુમાં વધુ નજીક આવશે. આ ધ્રુવતારો આપણાથી ૪૫૦ પ્રકાશવર્ષ દૂર આવેલો યુગ્મ-જોડિયો તારો છે. નરી આંખે પામવું મુશ્કેલ પડે એ રીતે દર ચાર દિવસે એનું તેજ વધઘટ થતું રહે છે.

ધ્રુવમત્સ્યની દક્ષિણે ઝાંખા તારાઓનું એક વિસ્તૃત મંડળ 'કાલિય' (Draco–Dragon) છે. પાંચેક હજાર વર્ષ પહેલાં આ કાલિયનો એક તારો (Thuban) ધ્રુવતારો ગણાતો હતો. મીસરવાસીઓએ પિરામિડોની રચના વખતે એને જ ધ્રુવતારો ગણીને હિસાબો માંડેલા. આ ભૂતપૂર્વ ધ્રુવતારો લગભગ ૨૧૦૦૦ વર્ષ પછી પુનઃ ધ્રુવસ્થાને આવશે. દરમિયાન વૃષપર્વાના તારા તથા અભિજિતને પણ ધ્રુવતારાનું માન મળશે.

પહેરી ગરવી ચાલે તેઓ સભામાં આવતા અને અનેકને મીઠી નજરથી જોતા તથા પિછાનવાળાને હાથ પકડી મળતા.

હૈદરાબાદનું પ્રસિદ્ધ સાલારજંગ મ્યૂઝિયમ એમના જ ઉપક્રમથી પ્રજાને સોંપાયું હતું. પોતાના અધિકારમાં એ મુકાયા પછી એમણે એની પુનર્રચના કરી વધુ લોકપ્રિય બનાવ્યું હતું. એમની કલાભિજ્ઞતાથી તેઓ ભારતની લલિત કલા અકાદમીના અધ્યક્ષપદે નિયુક્ત થયા હતા. એથી એ અકાદમીની ઘણી સભાઓ અમદાવાદમાં થતી અને તે વખતે ભારતના કલાકારોને એમણે ગુજરાતનો સારો પરિચય કરાવ્યો હતો. ગુજરાત રાજ્યમાં લલિત કલા તથા સંગીત-નાટ્યની અકાદમીઓ સ્થાપવામાં રાજ્ય સરકારને એમણે જ પ્રેરણા આપી હતી.

કલાકારો, વિદ્વાનો, કવિઓ ને કારીગરોને તેઓ ઉદ્યોગપતિઓ, અધિકારીઓ કે શ્રીમંતો જેવો જ સત્કાર આપતા અને અનેક પ્રસંગોએ એમને નિમંત્રણ આપી તેમનો સમાગમ મેળવી તેમની પ્રતિષ્ઠા વધારવાનો પ્રયત્ન કરતા. કલાકારોના સ્ટૂડિયો કે ઘરની મુલાકાતે જઈ એમનું અંતરંગ જાણવા પણ તેઓ સહૃદય પ્રયત્ન કરતા.

જાહેર સમારંભો કે સભામાં તેઓ ભાગ્યે જ અંગ્રેજીમાં બોલતા. સભાના હિંદી કે ગુજરાતી સંચાલકો અને વક્તાઓ ખસૂસ અંગ્રેજીમાં બોલવાનો આગ્રહ રાખતા ત્યારેપણ પોતાનો જવાબ કે ઉપસંહાર સરળ હિંદીમાં નવા વિચારો સાથે દર્શાવતા—જોકે તેઓ લગભગ સાતેક ભાષાઓ જાણતા હતા. સ્થાનિક તેમજ પ્રાદેશિક વર્તમાન જાણવા તેઓ નિયમિત બધાં ગુજરાતી અખબારો પોતાની રૂબરૂ વંચાવીને તેનાથી માહિતગાર રહેતા. પ્રવાસમાં રસ્તે જતાં માનવીઓ, ગ્રામજનો, સ્ત્રીઓ કે બાળકો સાથે રોકાઈને વાતો કરતા. ઘણી વાર સાથે રાખેલી પિપરમીટ એકઠાં થએલાં બાળકોમાં વહેંચતા. કુટુંબવત્સલ પણ એવા જ. રજાઓમાં પોતાનાં પૌત્ર-પૌત્રીઓને બોલાવીને ગુજરાતનાં માનવીઓનો પરિચય કરાવતા. પોતાને ત્યાં આવવા કોઈ આમંત્રણ આપે ત્યારે, 'ભાઈ, મહોબતસે બુલાનેવાલા કહાં હૈ?' કહી શક્ય હોય તો એનો સ્વીકાર કરતા.

રાજ્યપાલપદેથી નિવૃત્ત થયા બાદ પુન: તેઓ પોતાના વતનમાં સહૃદયતાની ફોરમ પ્રસરાવતા રહ્યા હતા. ગયા જૂનની ૨૮મી એ મધરાતે છાતીમાં દુખાવો ઊપડ્યો. ઉપચારોથી થોડો સમય સૂઈ શક્યા પછી ફરી અઢી વાગ્યે દર્દનો હુમલો થયો અને મૃત્યુ થયું. એમની પૂર્વેચ્છા અનુસાર એમનાં ચક્ષુ કાઢી લઈને હૈદરાબાદની સરોજિની નાયડુ ઑસ્પિટલની 'આઈ બૅંક'માં રાખવામાં આવ્યાં છે.

એમની વિદાય વખતે ગુજરાતનાં અનેક જનોનાં હૃદયે એમના વિયોગે કરુણતા અનુભવી હશે, ઘણાંએ અશ્રુ સાર્યાં હશે. ગુજરાતની પ્રજાએ એમનામાં રાજ્યપાલ કરતાં લોકપાલનાં દર્શન કર્યાં હતાં એ યથાર્થ છે. એમના હાથે લોકકલ્યાણનાં ઘણાં કાર્યો અને સંસ્થાઓ ઉદ્ભવ્યાં છે, જેમાં એમનું સ્મરણ સદા ગુંજતું રહેશે. —ર. મ. રા.

સ્વ. મોતીલાલ વીણ

જાહેર જીવનના પૈસાને દીકરીનો પૈસો ગણી એને વર્જ્ય ગણનાર તથા પોતાની ધીકતી વકાલતની આવકનો પણ ત્રીજો ભાગ લોકહિતાર્થે આપી દેનાર, 'મોતુભાઇ'ના લાડકા નામે ઓળખાતા ભરૂચના નિ:સ્વાર્થ લોકસેવક મોતીભાઇનો જન્મ સુરત ખાતે ભાર્ગવ જ્ઞાતિમાં ઈ. ૧૮૯૧-ની ૨૧મી ડિસેમ્બરે થએલો. પિતા હરગોવનદાસ બાળગોવનદાસ ભરૂચમાં સબ રજિસ્ટ્રાર તરીકે કાર્ય કરતા હતા. પણ નાનપણમાં જ માતાનું અવસાન થવાથી તેઓ મોસાળમાં નાનીમા મણિબેનના આશ્રયે ઊછર્યાં.

મુંબાઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી બી એ. થઇને ગવર્નમેન્ટ લૉ કૉલેજમાં કાયદાનો અભ્યાસ કરી ઈ. ૧૯૧૫-માં વકાલત શરૂ કરી. સાથોસાથ ડૉ. ચંદુલાલ દેસાઈ (છોટે સરદાર) તથા દિનકરરાવ દેસાઈ સાથે ભરૂચના જાહેર જીવનમાં જોડાયા. સત્યાગ્રહનાં આંદોલનોમાં ચાર વખત કારાવાસ ભોગવનાર આ રાષ્ટ્રવાદી વકીલની સનદ આંચકી લેવાની સરકારે નોટિસ આપી હતી, ત્યારે એ અંગે છેક પ્રીવી કાઉન્સિલ સુધી લડીને એમણે જીત મેળવેલી.



સ્વ. વીણ

ઈ. ૧૯૪૨ની ચળવળમાં તેઓ સાબરમતી જેલમાં હતા એ વખતે અડાસના ગોળીબારના ખબર સાંભળી પોતે કેદમાં હોવાને કારણે, એ આંદોલનોનો ભોગ બનેલા નિર્દોષોના પક્ષે રહીને કેસ નહિ લડી શકવા બદલ બહુ વસવસો કરતા. ઈ. સ. ૧૯૪૪ના ફેબ્રુઆરીમાં જેલમાંથી મુક્તિ મળતાં જ તેઓ અડાસ હત્યાકાંડમાં બચાવ પક્ષના વકીલ તરીકે ઊભા રહ્યા અને ત્રીસ જુવાનોને નિર્દોષ ઠરાવ્યા એટલું જ નહિ પણ સરકાર સામે કેસ કર્યો. આ કેસ માટે નડિયાદ કૉર્ટમાં તેઓ ગાંઠનું ગાડીભાડું ખર્ચીને આવતાજતા. કેસમાં કૉર્ટે પોલીસોને ગુનેગાર ગણી જન્મદેશનિકાલની સજા કરી, પણ સરકારે અપીલ કરી અને આખરે એ કેસ કાઢી નખાયો. આ કેસમાં સરકાર તરફથી એમને રૂ. ૭૦૦ની ફી મળેલી તેમાંથી રૂ. ૨૦૦ એક શિક્ષણ-સંસ્થાને, રૂ. ૨૫૦ અડાસ ગોળીબારનો ભોગ બનેલા યુવાનોની સારવાર કરનાર ડૉ. ફ્રકને અને બાકીના વલ્લભવિદ્યાનગરની સંસ્થામાં 'અડાસ ગોળીબાર કેસ'ને નામે આપેલા.

સુરત જિલ્લાના કરાડી ને મટવાડ ગામોના ભૂગર્ભ પ્રવૃત્તિ ચલાવતા ત્રીસેક યુવાનો પર પોલીસોએ હુમલો કરતાં તેઓએ પોલીસનાં હથિયાર પડાવી લીધાં. મુંબાઈમાં ચાલતા એના કેસમાં બચાવપક્ષે રહી મોતીભાઇએ જુવાનોને આકરી સજામાંથી બચાવી લીધા.

આ બંને કેસોથી સત્યનિષ્ઠ અને બળવાખોર ધારાશાસ્ત્રી તરીકે પ્રતિષ્ઠા પામેલા મોતીભાઈએ વડોદરાના શાન્તા ખૂન કેસ, નવસારીના જ્યોત્સ્ના ખૂન કેસ, રાજકોટના સરોજબાળા ખૂન કેસ ને સુરેન્દ્રનગરના પ્રવીણકુંવરબા ખૂન કેસમાં પબ્લિક પ્રોસીક્યુટર રહીને સમાજના અત્યાચારનો ભોગ બનેલી મહિલાઓના રક્ષકની ખ્યાતિ પણ પ્રાપ્ત કરેલી.

ઈ. ૧૯૩૫ થી '૩૭ શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખપદે, ૧૯૪૯ થી '૫૧ શહેર સુધરાઇના પ્રમુખપદે, ૧૯૫૨ થી ૫૭ મુંબાઈ વિધાન સભાના સભ્યપદે તેમ જ ભરૂચ બાર એસોસીએશનના પ્રમુખપદે રહી તેઓએ નોંધપાત્ર સેવાઓ આપેલી છે.

એમના અને સાથીદારોના પ્રયાસોથી ભરૂચમાં શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ સ્થપાઈ; અને લાંબું જીવ્યા હોત તો પોલિટેકનિક અને મેડિકલ કૉલેજ સ્થાપવાની પણ એમની મુરાદ હતી. ધર્મનિષ્ઠ ને અનુકંપાશીલ છતાં પૂર્વગ્રહમુક્ત સિદ્ધાંતવાદી, સમતોલ અને નિખાલસ વૃત્તિના મોતીભાઈ વીણનું તા. ૩૦-૫-'૬૭ના રોજ ૭૬ની વયે અવસાન થતાં ભરૂચ તો અપંગ બન્યું છે, ઉપરાંત ગુજરાતને પણ એક પ્રખર ધારાશાસ્ત્રીની ખોટ પડી છે.

'સર્વે ઑવ ઇંડિયા' વિષે વધુ

'કુમાર'માં 'સર્વે ઑવ ઇંડિયા'નો પરિચય વાંચી આનંદ થયો. આ મોજણી માટે દેશભરમાં અમુક સ્થાનો નિશ્ચિત કરેલાં છે. દર દસ-બાર વર્ષે આ ખાતાના માણસો એ સ્થાનેથી પુનઃ મોજણી કરતા રહે છે અને દરમિયાનમાં થએલા ફેરફારોની ઘટિત નોંધ કરી તદનુસાર નકશાઓમાં સુધારા કરી લે છે. મારા ગામમાં પણ આવું એક સ્થાન છે. નાનપણમાં એક વાર હું બહારગામ હતો ત્યારે તેઓ આવેલા અને પોતાના નકશાના આધારે બરાબર ચોક્કસ સ્થાને પોતે રાખેલા નિશાનીના પથ્થરો ખોદાવીને પોતાનું મોજણીકાર્ય પૂરું કરી ગએલા. મોટેરાઓને કુતૂહલવશ મેં પૂછી જોયું ત્યારે તેઓ કોણ હતા ને શા માટે આવેલા એની તો એમને જાણ નહોતી, પણ દિવસે જમીન પર ને રાત્રે આકાશમાં દૂરબીન માંડી તેઓ કૈંક જોતા હતા એમ તેમણે જણાવ્યું. ફરી તેઓ આવ્યા ત્યારે પણ હું ગામમાં હાજર નહોતો, અને પછીથી ખબર પડતાં મારી કુતૂહલવૃત્તિ સળવળી ઊઠી. પરિણામે જે કંઈ માહિતી મેળવી તેમાં જાણવા મળ્યું કે એ 'સર્વે ઑવ ઇંડિયા'ના ટોપોગ્રાફિકલ વિભાગના માણસો હતા ને એમનું વડું મથક દહેરાદુનમાં છે. આગળ જતાં અનુકૂળતાએ હું દહેરાદુનની એ સંસ્થામાં પહોંચી ગયો. અગાઉથી પરવાનગી મેળવી નહોતી એટલે સંસ્થા તો જોઈ ન શક્યો, પણ ઘણી માહિતી અને કેટલુંક સાહિત્ય લઈ આવ્યો.

આ સંસ્થાનું ત્રણ રૂપિયાનું કૅટલૉગ મળે છે, જેમાં કયા પ્રદેશમાં કઈ સાલમાં મોજણી થઈ, એ પ્રદેશના નકશાનો ક્રમાંક શો, કયાકયા માપમાં નકશા પ્રાપ્ય છે, એના પેટા નંબરો શા છે, વગેરેની વિગત સાથે, બે અક્ષાંશ રેખાંશ વચ્ચેના ૦।૧ ઇંચે એક માઇલના સ્કેલના નકશાથી માંડી અત્યંત વિગતસભર અનેકવિધ માપના અને પ્રકારના નકશા વિષેની માહિતી આપી છે. આપણી સરહદો પરની અશાંતિ પછી ખાસ પરવાનગી વિના અમુક નકશા તો આપવામાં આવતા જ નથી અને જેમને અપાય છે એમની પાસેથી પણ એની જાળવણી ને ગુપ્તતાની પૂરતી બાંહેધરી લેવામાં આવે છે. છતાં યે આ કૅટલૉગ તથા બીજું કેટલુંક સાહિત્ય તો જિજ્ઞાસુઓએ વસાવવું જ જોઇએ.

દહેરાદુનમાં સ. ઑ. ઇ. ઉપરાંત, વનવિભાગ અને મિલિટરી ઍકેડેમી પણ છે. મસૂરી અને હરદ્વાર નજીકમાં જ છે. હરદ્વાર જનારા ઇચ્છે તો દહેરાદુન, મસૂરી સાથે રૂડકીનું બિલ્ડિંગ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પણ જોઈ શકે. વળતાં દિલ્હીમાં 'પૂસા ઇન્સ્ટિટ્યૂટ', 'નૅશનલ ફિઝિકલ લૅબોરેટરી', 'ઉદ્યોગભવન', 'માનકભવન', (ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિ.) અને પ્રિફૅબ હાઉસિંગ ફૅક્ટરી પણ જોવી જોઈએ.

પૂસા, પ્રિફૅબ અને આઈ. એસ. આઈ.

'પૂસા ઇન્સ્ટિ.' વિષે તો ઑસ્ટ્રેલિયા અને કૅનેડાના કદાચ બધા ખેડૂતો માહિતગાર છે, જ્યારે આપણે ત્યાં ખેતીવાડી ખાતાના માણસો ઉપરાંત રડ્યાખડ્યા જ તેની કામગીરીથી જ્ઞાત હશે. ત્યાંના ઍગ્રૉનૉમી વિભાગમાં આપણા દેશમાં પાકતી વસ્તુઓ અને તેની વિધવિધ જાતો, ખેતીનાં અવનવાં યંત્રો ત્યાંની ડેરીનાં તંદુરસ્ત જાનવરો તથા અઢીઅઢી એકરના પ્લૉટમાં ખેડખાતર અને વાવેતર જોવાં એ એક લહાવો છે. નૅશનલ ફિઝિકલ લૅબો. પણ જિજ્ઞાસુઓએ ચૂકવી ન જોઈએ.

દેશ સ્વતંત્ર થયા પછી સ્થપાએલી જે સંસ્થા આપણી બધી પેદાશોના અધિકૃત ધોરણો–સ્ટાન્ડર્ડ–નક્કી કરે છે તેની પદ્ધતિ અને ત્યાંનો ગ્રંથસંગ્રહ પણ જોવા જેવાં છે. ઇચ્છુકો માટે ત્યાં વાચનખંડની પણ વ્યવસ્થા છે. જે વસ્તુનું સ્ટાંડર્ડ હજી નક્કી નથી થયું પણ થશે ત્યારે કેવું હશે તેનો ચોક્કસ ખયાલ પણ અહીંથી મળી શકે છે. એટલે કે જો તમે કોઈ ચીજ બનાવતા હો અને તેનું સ્ટાંડર્ડ નજીકના ભવિષ્યમાં નિશ્ચિત થાય તેમ ન હોય છતાં જ્યારે એ નક્કી થાય ત્યારે કેવું હોઈ શકે તે તમે આ સંસ્થામાં આગોતરું જાણી શકો ને એને આધારે તમે તમારો માલ અત્યારથી એ શ્રેણીના સ્ટાંડર્ડની વધુમાં વધુ નજીક લઈ જઈ શકો. આ શું ઓછી સગવડ છે!

પ્રિફૅબ હાઉસિંગ ફૅક્ટરીમાં મકાનના ચાર ઇંચ જાડાઈ સુધીના ભાગ તૈયાર થાય છે, જે સિમેન્ટના એવા જ ભાગ કરતાં વધારે મજબૂત અને ઠંડી ગરમી સામે ટકવાની વધુ ક્ષમતા ધરાવનારા છે. વળી, એ છિદ્રાળુ હોવાથી સિમેન્ટની સરખામણીમાં માત્ર ૦।। ભાગના માલમાંથી જ બને છે ને એ રીતે સિમેન્ટનો બચાવ થાય છે. તૈયાર પ્લિથ ઉપર સાડા ત્રણ કલાકમાં જ એક સિંગલ બ્લૉક, એટલે કે એક મધ્યમવર્ગના કુટુંબને રહેવા લાયક ઘર ઊભું થઈ શકે છે. દિલ્હીમાં લાલકિલ્લો, કુતુબમિનાર વગેરે જોવા સાથે આ બધું જોવાનું પણ ભૂલવું ન જોઈએ.

—ભુરૂભા જાડેજા

અગર

એક સુગંધી દ્રવ્ય તરીકે ધૂપદીપ કે હોમહવનમાં અગરનો સારી રીતે ઉપયોગ થાય છે. એની આહ્લાદક સુગંધને કારણે કીમતી ગણાતા અગરની આ સુગંધ સુખડની સુગંધ પેઠે એમાં નૈસર્ગિક પેદા થતી નથી. ભારતીય આયુર્વેદમાં વર્ણવેલા અગરના ચાર ભેદો (કૃષ્ણાગુરુ, કાષ્ટાગુરુ, દાહાગુરુ અને મંગલ્યગુરુ)માં કૃષ્ણાગુરુ સૌથી ઉત્તમ છે. જે અગર પાણીમાં ડૂબે નહિ તે ઉત્તમ ગણાય છે.

અગરને સંસ્કૃત સાહિત્યમાં કૃમિજન્ય કહ્યુ છે. કૃમિ થકી જન્મેલું એ એનો અર્થ છે. અગરના ઝાડમાં રાળ જેવો એક પદાર્થ ઘણા મોટા પ્રમાણમાં હોય છે, જેને બીજી રીતે અગરનો ગુંદર પણ કહી શકાય. જ્યારે ઝાડને કાપવામાં આવે ત્યારે તે વહેવા માંડે છે અને પછી એ રસમાં ચોક્કસ પ્રકારના જંતુઓ સડો પેદા કરે છે. આ સડો પેદા થયા પછી અગરમાં સુગંધ પેદા થાય છે. જેમજેમ આ જંતુઓનું આક્રમણ ઉગ્ર તેમતેમ એ વિશેષ સડે છે, ને પરિણામે એટલો ભાગ કાળો પડતો જાય છે. આ જંતુજન્ય સડાની ઉગ્રતાને કારણે સુગંધ પણ ઉગ્ર બને છે; અને આ સુગંધની ઉત્તમતા ઉપરથી જ એની કિંમતનો આંક અંકાય છે.

આ સડો કૃત્રિમ રીતે પણ પેદા કરવામાં આવે છે: ઝાડને કાપી લાકડાને ભેજવાળી જમીનમાં દાટી દેવામાં આવે છે. પરિણામે એમાં સડો પેદા થઈ સુગંધીદાર બને છે. અગરમાં આ જે કૃત્રિમ ફૂગ પેદા થાય છે તે, સંભવ છે કે, પેનિસિલિનના વર્ગની કોઈ ફૂગ હોય; કારણ કે પેનિસિલિન જેમ બાળકોની સસણી કે વરાધ જેવાં કફજ દરદોમાં સારું કામ કરે છે. તેમ જે બાળકોને વારંવાર કફ-શરદી થયાં કરતાં હોય તેમને દરરોજ અગરનો ઘસારો આપવાથી ભાગ્યે જ કફ થાય છે.

અગર અનુપાનભેદથી ત્રિદોષની ઔષધિ પણ બને છે. ચંદન અને અગરના ઘસારામાં સાકર ને પાણી મેળવી બનાવેલું શરબત પિત્તજ દોષની શાંતિ કરે છે, અને પિત્તજ ઊલટીમાં, પિત્તજ તાવમાં પાણીનો શોષ પડતો હોય ત્યારે, તેમજ પિત્તજ વિદગ્ધાજીર્ણમાં કે અમ્લપિત્ત જેવાં દાહ કરનારાં દરદોમાં પણ એ હિતકર નીવડે છે. એવી જ રીતે કફજ દરદોમાં તે વાપરવાની વાગ્ભટ્ટે ભલામણ કરી છે. અગર નાડીઉત્તેજક હોવાથી આમવાત અને વાતરક્ત જેવાં સંધિગત દરદોમાં એનો ખાવામાં ઉપયોગ કરવામાં આવે છે. વળી સાંધાના સોજામાં અગર અને રાસ્નાનો લેપ કરવાથી ચોક્કસ પ્રકારની ઉષ્ણતા પેદા થઈ જકડાએલા સાંધામાં પોષક સ્નેહયુક્ત રક્તાભિસરણ વધી દરદ દૂર થાય છે. ઊલટી, ઝાડા અને એવાં જ બીજાં અપચનનાં દરદો ઉપર પણ અગર વપરાય છે. અગરના તેલનાં એક-બે ટીપાં મધમાં ચાટવાથી દમનો હુમલો શાંત થાય છે.

અગરની એક વિશેષ શક્તિ બાહ્ય વિકૃતિ દૂર કરીને દર્શનીય સૌંદર્ય આપવાની છે; અને આથી એનું એક નામ વર્ણ્યપ્રસાધન સ્વીકારાયું છે. એનાથી ચામડીની રૂક્ષતા દૂર થઈ કોમળતા આવે છે અને સાથે જ એક પ્રકારનું જોવું ગમે તેવું રંગપરિવર્તન પણ થાય છે. આચાર્યે સુશ્રુતે આથી જ એને દાદર, ખરજવું, કુષ્ઠ આદિ રક્તગત ચર્મરોગમાં વાપરવાની ભલામણ કરી છે.

અગર કૃમિ, કફ અને વાયુ દૂર કરે છે. તેથી કફજ-વાતજ દોષમાંથી પેદા થતાં આંચકી, મૂર્છા, હિસ્ટિરિયા જેવાં કેટલાંક આક્ષેપક દરદો માટે પણ એ વાપરવાની ભલામણ કરવામાં આવી છે. રતવા વિસર્પના રોગમાં તે બાહ્ય ઉપચાર તરીકે વાપરવાની આચાર્ય ચરક અને સુશ્રુત બંનેએ ભલામણ કરી છે. દાહ થતો હોય અને ઉત્તરોત્તર પ્રસરતો જતો હોય તેવા રતવામાં બાળકોને કે મોટી ઉમરના સૌને એનો લેપ લગાડી શકાય છે.

પણ બાહ્ય રીતે ઠંડક આપતું હોવા છતાં અગરનો ખાવા માટેનો ઉપયોગ ગરમી પેદા કરનારો છે, એટલે એનો વિશેષ ઉપયોગ કરવો હિતકર નથી; અને તેમાં યે નબળા, દુર્બળ અને અશક્ત લોકો માટે તો વિવેકપૂર્વક જ ઉપયોગ કરવો જોઇએ; કારણ કે એના વિશેષ ઉપયોગથી શરીરીક્રિયામાં ગરમી પેદા થઈ આંતરડામાં રહેલા મળને સૂકવે છે ને આંતરકલાને રૂક્ષ બનાવે છે; પરિણામે મળ સડીને ગૅસ વધી વિકૃત અસર પેદા થાય છે. —ચિકિત્સક (જન્મભૂમિ-પ્રવાસી)

ઓશનોગ્રાફર–એક તરતી પ્રયોગશાળા

ઓશનોગ્રાફર (ઓશન સર્વે શિપ-ઓ.એસ.એસ. ૦૧—) નામે એક અમેરિકી જહાજ અરબી સમુદ્રમાં સંશોધનો કરવા માટે વીસ દિવસની ભારતની મુલાકાતે આવી ગયું. ૩૦૩ ફૂટ લાંબા અને ૩૮૦૦ ટનના આ જહાજ પર સાગર-સંશોધનનાં વિવિધ પાસાં માટેનાં સૌથી અદ્યતન સાધનો સાથેની ૪૧૦૦ ચો. ફૂ. જેવડી મોટી પ્રયોગશાળા છે. સાગરસૃષ્ટિનું નિરીક્ષણ કરવા એમાં પાણીની સપાટી નીચે કાચની બારીઓવાળા ખાસ ખંડ છે. વિવિધ સંશોધનોની એકઠી થતી માહિતીઓનું વિશ્લેષણ કરવા માટે તેના પર વીજાણુ ગણતરી યંત્રો પણ છે, જે જહાજની કેટલીક સ્વયંસંચાલિત કામગીરીમાં પણ સહાય કરે છે.

મુંબાઈ ખાતેના તેના રોકાણ દરમિયાન દસ દિવસના અરબી સમુદ્રનાં સંશોધનોમાં એણે અરબસ્તાનના અખાતનો ભૂભૌતિક દૃષ્ટિએ અભ્યાસ તથા વાતાવરણ ને સાગર વચ્ચેના સંબંધ અંગે નિરીક્ષણો કર્યાં. આ ઉપરાંત, માલદીવ અને લક્ષદ્વીપ ટાપુઓ નજીક સાગરમાં ડૂબેલી પર્વતમાળાનો ભૂસ્તરશાસ્ત્ર અને ભૂભૌતિકશાસ્ત્રની દૃષ્ટિએ ભારત સાથે એનો શો સંબંધ છે એ વિષે પણ તપાસ કરી. આંદામાન સાગરમાં દરિયાને તળિયે પૃથ્વીમાંથી અસાધારણ ગરમી નીકળે છે એમ અગાઉનાં સંશોધનોમાં જણાયું હતું. આ ગરમી પાણીના વહેણ પર અસર કરતી હશે અને તેનો પ્રભાવ માછલાં તથા હવામાન પર પડતો હશે એમ મનાય છે. ઓશનોગ્રાફર આ અંગે પણ તપાસ કરશે.

તરતી પ્રયોગશાળા સમા આ ઓશનોગ્રાફરમાં જહાજના ૧૯ અધિકારીઓ, ૩૯ મુલ્કી કર્મચારીઓ તથા ૪૫ ટૅકનિકલ અને વૈજ્ઞાનિક કર્મચારીઓ છે. આ સૌને રહેવાના ખંડ તથા એમની પ્રયોગશાળા વાતાનુકૂલિત કરેલી છે. સ્ત્રીવિજ્ઞાનીઓ માટે ખાસ ખંડો છે.

એક કરોડ ડૉલરને ખર્ચે તૈયાર થએલું એ જહાજ પૃથ્વીના પાંચ ખંડોમાંનાં અગિયાર રાષ્ટ્રોની મુલાકાતમાં લગભગ તમામ મહાસાગરમાં મહત્ત્વનાં સંશોધનોમાં કુલ ૩૭૦૦૦ માઈલની શોધ-સફર કરી ૮મી ડિસેમ્બરે સ્વદેશ પહોંચશે.

આ માસ(જુલાઈ)ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિ-વિશેષ: રાઓલ્ડ આમુંડસેન



માત્ર સાહસ ખાતર સાહસ ખેડનાર રાઓલ્ડ આમુંડસેનને કદાચ શોધ-સફરી ન કહેવાય છતાં જિંદગીને હોડમાં મૂકીને એણે આહ્‌વાનો સામે જે જિગરથી અને સફળતાથી બાથ ભીડી હતી એને તો બિરદાવવાં જ પડે. અનેક પ્રદેશોનું જ્ઞાન એનાં સાહસોથી પ્રકટ થયું.

નૉર્વેમાં ઈ. ૧૮૭૨ની ૧૬ જુલાઇએ એનો જન્મ. પિતાનું ગુજરાન ઘરના એક નાનકડા વહાણ પરચાલતું. આમુંડસેને વૈદકનો અભ્યાસ આદરેલો, પણ તમન્ના હતી દરિયો ખેડવાની; અને તે એટલી પ્રબળ બની કે ૨૫ વર્ષની વયે ઑસ્લો અને અભ્યાસ બંને છોડી એ આટ્લાંટિકની શોધસફરે જતી એક બેલ્જિયન ટુકડી સાથે ઊપડી ગયો ને અનુભવ તથા સહનશક્તિ લઇને એ પાછો ફર્યો.

ઉત્તરમાં થઇને પશ્ચિમ ગોળાર્ધમાં જવાનો કોઈ માર્ગ હોવાના ખયાલમાં એને પણ શ્રદ્ધા હતી અને એથી પ્રેરાઇને ૧૯૦૩માં 'જોઆ' નામે એક વહાણમાં છ સાથીઓ સાથે એ ઊપડયો. ગ્રીનલૅન્ડ વીંધી લૅંકેસ્ટની સામુદ્રધુનીમાં પહોંચતાં ત્યાં વાયુશાસ્ત્ર વિષે ઉપયોગી અવલોકનો કર્યા, નકશાઓ બનાવ્યા ને ઉત્તર ચુંબકીય ધ્રુવનું સ્થાન નક્કી કર્યું. ત્યાંથી છૂટી આગળ જતાં ફરી કિંગ્સ પૅાઈન્ટ પાસે ફસાઈ પડી આખરે ૧૯૦૬માં એ પૅસિફિકમાં પ્રવેશ્યો. આ માર્ગે અને પોતાની પહેલી જ સફરમાં એણે સૌપ્રથમ સફળતા મેળવી.

ઈ. ૧૯૧૦માં નૉર્વેથી 'ફ્રામ' નામે વહાણમાં દક્ષિણ ધ્રુવપ્રદેશ વીંધી પૅસિફિક પાર કરી તે બેરિંગની સામુદ્રધુનીમાં થઈ ઉત્તર ધ્રુવપ્રદેશમાં રૉસ સમુદ્રમાં રોકાઈ પડયો ને ત્યાં જ શિયાળો ગાળ્યો, એટલું જ નહિ પણ બરફ-ગાડીની એક જ ઝડપી સફરમાં ૧૯૧૧ની ૧૬મી ડિસેમ્બરે એ છેક દક્ષિણ ધ્રુવ પર પણ પહોંચી ગયો ને ત્યાં નૉર્વેનો ધ્વજ રોપી સફળતાથી પાછો ફર્યો. એ પછી માત્ર ૩૩ જ દિવસ બાદ અનેક વિટંબણાઓ વેઠી કૅપ્ટન સ્કૉટની ટુકડી ત્યાં પહોંચી હતી ને પાછા ફરતાં માર્ગમાં જ એ સૌનો કરુણ અંજામ આવેલો.

ઈ. ૧૯૧૮માં 'મૉડ' નામના વહાણમાં પૅસિફિક પાર કરી બેરિંગની સામુદ્રધુનીને માર્ગે શીતપ્રવાહ સાથે આર્કટિક સમુદ્ર પાર કરવા એ નીકળ્યો. માર્ગમાં એણે બે વિમાનો પણ સાથે લીધાં, જે નાશ પામ્યાં. એની આ સફર તો પાર ન પડી. પણ ૧૯૨૫માં એક અમેરિકન તરફથી ૮૫૦૦૦ ડૉલરની મદદ મળતાં એ ફરી ઊપડયો, તે ઉ. ધ્રુવની સો માઈલ નજીક જેટલે પહોંચી ગયો. પણ પછી વિમાનમાં તેલ ખૂટતાં તેને ઊતરાણ કરવું પડયું છતાં આ સાહસમાં ૧૬૦ હજાર કિલોમીટર જેટલા પ્રદેશની માહિતી આપતી ૬૦૦ છબિઓ પાડીને એ હેમખેમ પાછો આવ્યો. એ પછી બીજે જ વર્ષે 'નૉર્જ' નામે હવાઈજહાજમાં ૭૧ કલાકમાં ૨૭,૦૦૦ માઈલની વિજયી સફર કરી ઉ૦ ધ્રુવ ફરતાં બે ચક્કરો લગાવી, આર્કટિક સાગર પાર કરી એ બેરિંગ સામુદ્રધુનીમાં ટેલર બંદરે ઊતર્યો.

પણ એને આવા વિજયોની તમા નહોતી. એણે તો માત્ર સાહસ ખાતર જ આ બધી સફરો ખેડેલી, પણ એના દ્વારા ઘણું ભૌગોલિક જ્ઞાન પ્રાપ્ત થયું. છ ફૂટની કદાવર કાયા, આસમાની આંખો, ઘાડી ભ્રમરને માથે ટાલવાળો આમુંડસેન સાહસ જોમ ને શક્તિનો ભંડાર તથા અણનમ મક્કમતાની મૂર્તિ સમો હતો. એની વેધક બુદ્ધિ મુસીબતોને જીતવા માટે અવનવી હિકમતો ને સાધનો ખોળી કાઢતી. ધ્રુવ પ્રદેશમાં સામાન્ય હોકાયંત્ર નકામું બની રહે ત્યાં એણે 'સૂર્ય હોકાયંત્ર' યોજેલું, જે આજે પણ ઉપયોગી ગણાય છે. નેતા તરીકે એનામાં માણસો પર કાબૂ રાખવાની શક્તિ, ઝિંદાદિલી અને જોખમમાંથી પાર ઉતારવાની આવડત ને હિંમત અજબ હતી.

છેલ્લે જનરલ નોબાઇલનો કાફલો ગુમ થયાનું જણાતાં એની સાથેની બધી જૂની કડવાશ ભૂલી જઈ ૫૬ વર્ષની વયે પહેલું જ જે હાથ લાગ્યું તે હાઈડ્રોપ્લેન લઇને તે એમને શોધવા માટે ઊપડી ગયો, પણ એ પછી એનું શું થયું તે વિષે કંઈ જાણવા મળ્યું નથી.

દિનવિશેષ

તા. ૧ આ વર્ષે જેની શતાબ્દી ઊજવાઈ રહી છે તે કૅનેડાના ફેડરેશનની રચના થઈ, ૧૮૬૭.
તા. ૪ ઍટલાંટિક અને પેસિફિક મહાસાગર વચ્ચે પહેલી તાર લાઈન ખુલ્લી મુકાઈ, ૧૯૦૩.
તા. ૬ ઝેક રાષ્ટ્રવાદના પુરસ્કર્તા ને સુધારક જૉન હુસને જીવતો બાળી મૂક્યો, ૧૪૧૫.
તા. ૮ ત્રણ વહાણનો કાફલો લઈ વાસ્કો ડ ગામા તાગુસથી હિંદ આવવા ઊપડયો, ૧૪૯૭.
તા. ૧૪ યુરોપી આલ્પ્સનું સર્વોચ્ચ શિખર મૅટર હૉર્ન સર થયું, ૧૮૬૫.
તા. ૧૬ સમર્થ ગુજરાતી વિજ્ઞાનશાસ્ત્રી ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરનું અવસાન, ૧૯૨૦.
તા. ૧૯ હિંદમાં ઈન્કમટૅક્સ પહેલવહેલો દાખલ થયો, ૧૮૬૦.
તા. ૨૦ જેમાંથી વ્યાપક પ્રજાલડત શરૂ થઈ તે બંગાળના ભાગલા લૉર્ડ કર્ઝને કર્યા, ૧૯૦૫.
તા. ૨૨ બંધારણ સભામાં સ્વતંત્ર ભારતના રાષ્ટ્રધ્વજનું નિર્માણ થયું, ૧૯૪૭.
તા. ૨૫ જગપ્ખ્યાત નાટકકાર અને વિચક્ષણ ચિંતક જ્યૉર્જ બર્નાર્ડ શૉનો જન્મ, ૧૮૫૬.
તા. ૨૯ દીનબંધુ વિભૂતિ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનું અવસાન, ૧૮૯૧.
તા. ૩૧ બૉય સ્કાઉટના સ્થાપક રૉબર્ટ બેડન પાવેલે તે પદ્ધતિ અમલમાં મૂકી, ૧૯૦૮.

પ્રસંગવિશેષ: નાનાસાહેબ પેશ્વાની હાર · ૧૭મી જુલાઈ ૧૮૫૭

બાજીરાવ પેશ્વાના દત્તક પુત્ર નાનાસાહેબ પેશ્વાનું પેન્શન ઓળવાઈ જતાં, ને એને અંગે છેક ઇંગ્લંડથી પણ દાદ ન મળતાં અંગ્રેજોને હિંદમાંથી નામશેષ કરવાનો નિર્ધાર કરી છેક છેવટની ઘડી સુધી અંગ્રેજોને ગંધ પણ આવવા દીધા વિના એમણે એક લગભગ દેશવ્યાપી બળવાનું સંગઠન કર્યું. જોકે બંડ જરા વહેલું આરંભાઈ ગયું, છતાં નાનાસાહેબે બળવાનો દોર પોતાને હાથ રાખી ઠેકઠેકાણે અંગ્રેજોને હંફાવવા માંડયા. અંગ્રેજોના અગ્રગણ્ય મથક કાનપુરને તેમણે કબજે કર્યું ને ત્યાં પેશ્વા તરીકે એમનો વિધિસર રાજ્યાભિષેક થયો. હૅવલૉકે કાનપુર પાછું લેવા જબરદસ્ત હુમલો કર્યો અને પૂરેપૂરું શૌર્ય દાખવવા છતાં એક માત્ર શિસ્તના અભાવે, ૪૪ દિવસનું સ્વાતંત્ર્ય ભોગવ્યા પછી ૧૭મી જુલાઈએ કાનપુર અંગ્રેજોને હાથ ગયું. નાનાસાહેબની હાર થઈ. પછી યે વારંવારની ચડાઈઓથી અને અંતે ગેરિલા પદ્ધતિથી લડાઈ આપી હૅવલૉક, આઉટ્રામ, કૅમ્પબેલ વગેરે જેવા સેનાપતિઓને નાનાસાહેબે તોબા પોકરાવી. આ બધી શૌર્યકથા તો ઘણી લાંબી છે. અંગ્રેજોએ નાનાસાહેબ માટે એક લાખ રૂપિયાનું તો ઈનામ જાહેર કરેલું. અંતે બધી બાજુએથી વિપ્લવકારીઓનું બળ ઘટી જતાં નાનાસાહેબ નેપાળ ચાલ્યા ગયા. તે પછી એમનું શું થયું એ હજી સુધી જાણી શકાયું નથી.

દોહરો

સુખ સમ કો મંગલ નહિ, મૃત્યુ સમી નહિ હાણ,
જગ સમ કો જંગલ નહિ, સત્ય સમી નહિ ખાણ.

'શેષ'

મહાન સિકંદરને જાણ થઈ કે તેના એક સૈનિકે તેનું નામ ધારણ કર્યું છે, ત્યારે તેણે એ સૈનિકને બોલાવીને કહ્યું કે 'મારું નામ રાખવું હોય તો વાંધો નથી; પણ યુદ્ધના મેદાન પર એ ન ભૂલતો કે તારું નામ સિકંદર છે.'

કહેવતોના અર્થ : 'નાતરે જવું ને દહાડા ગાંગવા' — મનમાં પુનર્લગ્ન કરવાની ઇચ્છા હોવા છતાં કોઈ વિધવા ક્ષોભ—સંકોચની દ્વિધામાં કે લોકલાજે દેખાવ કરવા ખાતર મોડું કર્યા કરે એવી વૃત્તિ દાખવતા માનસ પર કટાક્ષ કરતી આ કહેવત જેવી બીજી ?

એકાક્ષરી-અનેકાર્થી શબ્દ : **બી**—બીજ, પાયો, માવો, વીર્ય, તો પણ.

ગણિતગમ્મત : એકથી દસ સુધી, એકથી પંદર સુધી, કે પચાસ કે સો કે ગમે તે અંક સુધીના સળંગ અંકોનો સરવાળો કેટલો આવે તે જાણવાની એક સહેલી રીત છે. જે અંક સુધીનો સરવાળો કરવો હોય તેમાં ૧ ઉમેરી, તે જ અંકના અરધા આંક વડે ગુણવાથી જોઇતો સરવાળો મળી રહેશે. ધારો કે ૧ થી ૧૦ સુધીના અંકનો સરવાળો કરવો છે તો ૧૦માં ૧ ઉમેરી તેને ૧૦ના અરધા અંક (૫) વડે ગુણો. જે આવે તે જવાબ (૧૦+૧=૧૧×૫=૫૫. ૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯+૧૦=૫૫.) (વ્ર. રા. ત્રિવેદી)



સંયુક્ત રાષ્ટ્રસંસ્થાએ કરેલી એક મોજણી પ્રમાણે અત્યારે દુનિયાની કુલ વસતિ ૨૮૦ કરોડ ઉપરની છે. અને હજી જો આજની જ ઝડપે-એટલે કે દર ૪૦ વર્ષે બમણી થતી જ રહે તો ઈ. સ. ૩૦૦૦માં દર એક સો ચોરસ સે.મી.જગ્યામાં૧૫ માણસોએ સમાવું પડશે.



ન્યૂ યૉર્કની ટાઈપરાઈટર બનાવતી એક પેઢીએ પોતાના દફ્તરના આંગણામાં પોતાની બનાવટનું એક ટાઈપરાઈટર મૂક્યું છે. આવતી જતી કોઈ પણ વ્યક્તિ તેના પર કંઈ પણ ટાઈપ કરીલઈશકેછે.

ચ્હાના પાનના ધુમાડાથી માખીઓ નાસે.

સાપ ઊડી શકે છે એ ખોટી વાત છે : હા, કેટલાક સાપ હવામાં છલંગ મારી શકે છે ખરા.

બોહેમિયાના રાજા વેનસેસલાઉસના હાડપિંજરને ઝેકોસ્લોવેકિયાની જનતાએ એના મૃત્યુના ૧૦૦૦ વર્ષ પછી રાજમુગટ પહેરાવેલો.

શાહીનો તાજો ડાઘ તુરતાતુરત દૂધથી જશે.



કલાકણિકા : ઈ.સ. પૂર્વે ૧૪૦૦ વર્ષ પહેલાંની ક્રીટ ટાપુઓની સંસ્કૃતિની કલાભાવના દર્શાવતાં બે પાત્રો આ અગાઉ જે આપ્યાં હતાં તેના જેવી જ, અ-સમ શોભનોનું સપ્રમાણ સંયોજન કરવાની એમની મુક્ત હથોટી આ પાત્ર પરનાં શોભનો દાખવે છે. ફૂલવેલના જેવા જ વળાંક લેતા 'ઑક્ટોપસ' (આઠ બાહુઓવાળા સળવળતા ભયંકર ભરડો લેતા દરિયાઈ પ્રાણી)ની દેહલીલા અને સામુદ્રિક વનસ્પતિ એમાં એમને કેવી સહાયક નીવડી છે!

અથાણું

હૉલીવૂડના વિખ્યાત અભિનેતા બૉબ હોપને એક વાર એક છાપાના ખબરપત્રીએ પૂછ્યું:'આપની બાલ્યાવસ્થા વિષે કોઈ નોંધપાત્ર બાબત છે ખરી ?'

'એક બાબત ખાસ યાદ રહી ગઈ છે. મારા પિતા મને રોજ એટલા જોરથી લાફો મારતા કે મારા ગાલ ઉપર પડેલી એમના હાથની છાપ પરથી જોશી લોકોએ એમનું આખું ભવિષ્ય ભાખેલું.' બૉબે જવાબ દીધો.

બર્લિનમાં પ્રવેશ કરતા એક રશિયન નિરાશ્રિતને પકડી પોલીસે એની જડતી લેવા માંડી. પહેલાં એમના હાથમાં ગોળીઓની એક બાટલી આવી.

'માથાના દુખાવા માટે છે.' નિરાશ્રિતે કહ્યું.

પોલીસના હાથમાં બીજી બાટલી આવી. એ નિરાશ્રિત સામે ધરતાં જવાબ મળ્યો : 'એ મારા અસ્થમા (દમ)ની દવા છે.'

છેલ્લે એની બૅગના તળિયેથી પોલીસોએ ક્રુશ્ચેવનો એક મોટો ફોટો ખેંચી કાઢ્યો. 'અને' પોલીસ અધિકારીએ પૂછ્યું : 'આ શું છે ?'

'ભાઈસા'બ, એ તો મારી પાસે રહેવા જ દેજો.' નિરાશ્રિત કરગરી પડ્યો : 'એ તો મને વતનની યાદ ના આવે એ માટે છે.'

'તમારો છોકરો તદ્દન મૂરખ છે.'

'કેમ માસ્તર સાહેબ, એમ કહો છો ?'

'મેં એને પૂછ્યું કે સોમનાથનું દહેરું કોણે તોડ્યું, તો તે કહે કે મેં નથી તોડ્યું !'

'સાચી વાત છે. મારો છોકરો જૂઠું બોલે નહિ. કદાચ કોઈ બીજાનું એ કામ હશે.'



'તું ક્યાં જન્મેલો ?'
'ઇસ્પિતાલમાં.'
'કેમ, તને કાંઈ થયું હતું ?!'



ગોઠિયાં



પાત્રની લાક્ષણિકતા દર્શાવવા
સાથે જીવનની મધુરપ
દાખવતાં એ રૂપસુંદર
કલ્પનાવિધાન

સ્વ. કરમારકરનાં કેટલાંક શિલ્પરત્નો



પ્રારબ્ધ અને પુરુષાર્થ

શિલ્પવિષયને સ્પષ્ટ સચોટતાથી રજૂ કરતી
એક બલિષ્ઠ ને ભાવવાહી કૃતિ



ધારી (સૌરાષ્ટ્ર)નો વન્યકુમાર

સ્વ. સયાજીરાવે ખાસ ઉમંગથી
બનાવરાવેલી પોતાના એક અદના
પ્રજાજનની સુંદર
લાક્ષણિક મૂર્તિ

શિવાજી મહારાજ

પૂનાની શિવાજી મિલિટરી કૉલેજ પાસેનું એક જ ઢાળે તૈયાર કરેલું ચૌદ ટન કાંસાનું ચૌદ ફૂટ ઊંચું એક ભવ્ય શિલ્પ. દેશમાં આ રીતે તૈયાર થએલું આ સૌ-પ્રથમ અને એકમાત્ર શિલ્પ હોઈ કરમારકરની અમર વિજયપતાકા સમું છે.

